MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૨-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 ન્યૂઝીલેન્ડ ૨૩૫માં ઓલઆઉટ, ભારતને સાત રનની લીડ - ભારત બેકફૂટ પર: બીજી ઇનિંગ્સમાં ૯૦ રનમાં છ વિકેટ ગુમાવી

6 ઓનલાઇન ચાલતા હાઇપ્રોફાઇલ સેક્સ રેકેટનો પર્દાફાશ: ૪ કોલગર્લ,છ દલાલ ઝડપાયા

8 ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ: સુરતમાં ૫૨ નબીરાઓ ઝડપાયા

9 જમીન બાબતે પારિવારિક ઝગડામાં હત્યાના પ્રયાસના ગુનામાં એકને ત્રણ વર્ષ અને બીજાને ૬ મહિનાની સજા

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેણે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

ડાંગ જિલ્લામાં તા.૫ માર્ચ થી ૨૧ માર્ચ દરમિયાન યોજાશે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ

ધોરણ-૧૦ની પરીક્ષા માટે નોંધાયા ૩૮૦૩ વિદ્યાર્થીઓ : ધોરણ-૧૨ (સા.પ્ર.)માં ૨૧૦૪ અને વિજ્ઞાન પ્રવાહમાં ૩૮૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે

● ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓની મહેનતને પૂરતો ન્યાય મળી રહે તે માટે જિલ્લા પ્રશાસને તૈયાર કર્યો એકશન પ્લાન
●જિલ્લાના તમામ પરીક્ષા સ્થળોને સી.સી.ટીવી કેમેરાથી કરાયા સજજ : તા.૪ માર્ચથી જિલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ પણ શરૂ કરાશે

આહવા

રાજ્ય સમસ્તની જેમ ડાંગ જિલ્લામાં પણ આગામી તા.૫મી માર્ચ, ૨૦૨૦થી તા.૨૧મી માર્ચ, ૨૦૨૦ દરમિયાન આયોજિત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ અહીંના વિદ્યાર્થીઓ પૂર્ણ વિશ્વાસ સાથે આપી શકે, તથા વિદ્યાર્થીઓની મહેનતને પૂરતો ન્યાય મળી રહે તે માટે જિલ્લા વહિવટી તંત્રએ સમગ્ર પરીક્ષાના સફળ સંચાલન માટે એકશન પ્લાન ઘડી કાઢી જરૂરી અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ કરી દીધી છે.

જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મણીલાલ ભૂસારા તરફથી મળેલી વિગતો અનુસાર ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરના સીધા માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષા માટે ડાંગ જિલ્લાના ૩૮૦૩ વિદ્યાર્થી નોંધાયા છે. જેમના માટે જિલ્લામાં ૭ કેન્દ્રોના ૧૦ મકાનોમાં ૧૩૭ બ્લોક્સની વ્યવસ્થા કરવામાં આવી છે.

તે જ રીતે ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) માટે અહીં ૨૧૦૪ વિદ્યાર્થીઓ નોંધાવા પામ્યા છે. જેઓ માટે જિલ્લાના ૫ પરીક્ષા કેન્દ્રો ખાતે ૬ મકાનોના ૭૪ બ્લોકની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જ્યારે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માટે જિલ્લામાં નોંધાયેલા ૩૮૦ વિદ્યાર્થીઓ માટે ૧ પરીક્ષા કેન્દ્રોના ૨ મકાનો અને ૨૨ બ્લોક્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આમ, ડાંગ જિલ્લામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં જિલ્લાના કુલ ૬૨૮૭ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે. જેમના માટે કુલ ૧૩ પરીક્ષા કેન્દ્રો, ૧૮ બિલ્ડિંગો અને ૨૩૩ બ્લોક્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ ઉપરાંત પરીક્ષાર્થીઓ નિર્ભિક રીતે પરીક્ષા આપી શકે તથા અહીં કોઈ પણ પ્રકારનો અનિચ્છનિય બનાવ ન બને તે માટે દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર સી.સી.ટીવી કેમેરા કાર્યરત કરવા સાથે જરૂરી સલામતીની વ્યવસ્થાઓ પણ કરી દેવામાં આવી છે.વધુમાં પરીક્ષાને પારદર્શક બનાવવા મોબાઈલ એપ્લીકેશનનો સૌપ્રથમ વાર ઉપયોગ કરવામાં આવશે. પરીક્ષાઓ માટે પાયાકિય સુવિધાઓ સાથે દરેક પરીક્ષા કેન્દ્રો ઉપર કેન્દ્ર સંચાલક સાથે જરૂરી અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ પણ પ્રશાસન દ્વારા કરી દેવામાં આવી છે.

પરીક્ષાના સરળ સંચાલન માટે તથા વિદ્યાર્થીઓ/વાલીઓના માર્ગદર્શન/કાઉન્સેલીંગ અર્થે આહવા ખાતે તા.૪ માર્ચ થી ૨૧મી માર્ચ, ૨૦૨૦ દરમિયાન સવારના ૭ વાગ્યાથી રાત્રિના ૮ વાગ્યા સુધી કંટ્રોલરૂમ પણ શરુ કરવામાં આવનાર છે. ડાંગ જિલ્લાના કંટ્રોલરૂમનો નંબર : ૦૨૬૩૧-૨૨૦૨૦૮ તથા કાઉન્સેલીગ કર્મચારી શ્રી ડી.બી.મોરે ફોન નં.૦૨૬૩૧-૨૨૦૨૬૦ મોબાઈલ નંબર : ૯૪૨૭૧ ૭૩૩૯૧ જારી કરાયો છે.

તા.૫મી માર્ચે ડાંગ દરબારનું ઉદ્‌ઘાટન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે કરાશે

રાજવીઓની શોભાયાત્રા સહિત તેમના સન્માન સાથે પોલિટિકલ પેન્શન પણ એનાયત કરાશે

ઉદ્‌ઘાટન કાર્યક્રમ સહિત દરરોજ સાંજે રંગ ઉપવનના રંગમંચ ઉપર રજુ થશે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો

આહવા

જિલ્લાની ભાતિગળ લોકસંસ્કૃતિને ઉજાગર કરતા ડાંગ દરબારના ભવ્ય લોકમેળાનો તા.૫મી માર્ચ, ૨૦૨૦નાં રોજ સવારે ૧૧ વાગ્યે, રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે કરાશે.

તે પૂર્વે સવારે ૯:૩૦ વાગ્યે ડાંગના રાજવીઓની ભવ્ય શોભાયાત્રા કલેક્ટર કચેરી ખાતેથી નીકળી, આહવાના મુખ્ય માર્ગો ઉપર ફરીને, રંગ ઉપવન ખાતે પધારશે. રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે નિકળનારી આ શોભાયાત્રામાં શણગારેલી બગીઓમાં સવાર થઈને, ડાંગના માજી રાજવીઓ તેમના પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

રંગ ઉપવન ખાતે આયોજિત ડાંગ દરબારના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે આ રાજવીઓને બા અદબ પોલિટિકલ પેન્શન એનાયત કરવા સાથે, તેમનુ પાન-સોપારી અર્પણ કરી શાલ ઓઢાડી પારંપારિક સ્વાગત પણ કરાશે.

આ શુભ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન રાજ્યકક્ષાના વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી તેમજ ડાંગ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રમણલાલ પાટકર, અતિથિ વિશેષ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ બીબીબેન આર.ચૌધરી, વલસાડ-ડાંગ સંસદ સભ્ય શ્રી ડૉ. કે. સી.પટેલ,ધારાસભ્ય શ્રી મંગળભાઇ જી ગાવિત ઉપસ્થિત રહેશે.

તા.૦૫ થી ૦૮ માર્ચ, ૨૦૨૦નાં દિવસો દરમિયાન આહવાના આંગણે યોજાઇ રહેલા આ ડાંગ દરબાર દરમિયાન દરરોજ સાંજે ૭:૩૦ વાગ્યે રંગ ઉપવન ખાતે સ્થાનિક પારંપારિક ડાંગી નૃત્યો સહિત વિવિધ કલાકારો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કરાશે. જેનો મેળો મ્હાલવા આવતા પ્રજાજનોને લાભ મળશે.

સંસ્કાર દીપ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત સુયોગ સાયન્સ પાર્કનું ઉદ્‌ઘાટન

ફોર ક્રિએટીવ લર્નિંગનું ખાત મુહુર્ત કરતા કેન્દ્રીય મંત્રી રૂપાલા

સુરત

સંસ્કારદીપ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ પી.ડી.શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય અંકલેશ્વર ખાતે નવનિર્મિત "સુયોગ સાયન્સ પાર્ક" નું ઉદઘાટન અને સ્ટેમ લેબ સેન્ટર ફોર ક્રિએટીવ લર્નિંગનું ખાતમૂહુર્ત ભારત સરકારના કૃષિ રાજ્ય મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે ભરૂચ સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખશ્રી મહેશભાઈ પટેલ, સુયોગ ડાયકેમી પરિવારના શ્રી ચંદ્રેશ દેવાણી, ધનવીન પીગમેન્ટસ પરિવારના ભૂપત રામોલિયા, સંસ્કારદીપ ટ્રસ્ટના શ્રી એન. કે. નાવડીયા ઉપસ્થિત રહ્યા હતા. નવનિર્મિત "સુયોગ સાયન્સ પાર્ક" નું ઉદઘાટન અને સ્ટેમ લેબ સેન્ટર ફોર ક્રિએટીવ લર્નિંગનું ખાતમૂહુર્ત કર્યા બાદ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ભારત સરકારના કૃષિ રાજ્ય મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પહેલો સાયન્સ પાર્ક તથા સ્ટેમ લેબ સંસ્કારદીપ ટ્રસ્ટ ધ્વારા અંકલેશ્વર ખાતે નિર્માણ થયેલ છે જેને બિરદાવી સંસ્થાના ચેરમેન તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉપસ્થિત તમામ વાલીગણને સાયન્સ પાર્કની મુલાકાત લેવા ખાસ અનુરોધ કર્યો હતો.

વ્યવસાય વેરાનો વિરોધ ડાયમંડ એસો. સરકારમાં રજુઆત કરશે

સુરત

ડાયમંડ ઉદ્યોગમાં રત્નકલાકારો ઉપર લગાવવામાં આવતા વ્યવસાય વેરા અંગે સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા મેયરશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રીને અવારનવાર રજૂઆતો કરવામાં આવેલ છે. આ બજેટમાં આ અંગે સરકાર કંઈક પોઝીટીવ જાહેરાત કરશે તેવી અપેક્ષા હતી. પરંતુ તે પ્રમાણે થયેલ નથી. તેથી આવતા અઠવાડિયામાં ધારાસભ્યો અને આરોગ્ય મંત્રીશ્રી ને સાથે રાખીને મુખ્યમંત્રીશ્રીને ફરી રૂબરૂ મળીને ભારપૂર્વક રજૂઆત કરવા માટે અમારી સંસ્થાનું પ્રતિનિધિ મંડળ ગાંધીનગર ખાતે સરકારને મળશે.તેમ સુરત ડાયમંડ એસો.ની અખબારી યાદીમાં જણાવ્યું છે.

નવસારી જિલ્લામાં હથિયારબંધી

નવસારી

નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને લોકોમાં સુલેહ-શાંતિ જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા ધ્વારા તાત્કાલિક અસરથી તા.૧૨/૦૩/૨૦૨૦ સુધી શસ્ત્રો, દંડા, તલવાર જેવા હિંસા પહોચાડી શકે તેવી ચીજવસ્તુઓ, સ્ફોટક પદાર્થો લાવવા લઇ જવા તેમજ સુરૂચિનો ભંગ થાય તેવા કોઇ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનારને કેદ અને દંડની સજા થઇ શકે છે.

અમરોલીમાં રહેલો છોકરો કપીલ આહુજા ગુમ થયો

સુરત

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ ઘર નં. જી-૫૧૨, સુમન મંદિર આવાસ, પાવરહાઉસની સામે, ઉત્રાણ, અમરોલી ખાતે રહેતા રમેશભાઈ આહુજાના ૧૬ વર્ષીય પુત્ર કપીલ આહુજા પોતાના આવાસના ગેટ પાસેથી લલચાવી ફોસલાવી અપહરણ થઈ હોવાની ફરિયાદ નોંધાય છે. તેમની ઉંચાઈ ૫.૩ ફુટ છે અને તેઓ શરીરે પાતળા બાંધાના અને રંગે ઘઉં વર્ણના છે. તેમણે શરીરે ગ્રે રંગનુ ટી-શર્ટ તથા બ્લુ રંગનુ જીન્સ પેન્ટ પહેર્યું છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

અમરોલીમાંથી ૧૪ વર્ષીય ચંદ્રીકાબેન પરમાર લાપતા

સુરત

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ ઘર નં.૩૪૪, ગુજરાત હાઉસીંગ બોર્ડ, રીલાયન્સ નગર, અમરોલી ખાતે રહેતા પ્રેમજીભાઈ મીઠાભાઈ પરમાર(મુળવતનઃ ઠાસા, તા. લાઠી)ની ૧૪ વર્ષીય પુત્રી ચંદ્રિકાબેન પરમાર પોતાના ઘરેથી લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયા હોવાની ફરિયાદ નોંધાય છે. તેમની ઉંચાઈ ચાર ફુટ છે અને તેઓ શરીરે પાતળા બાંધાના અને રંગે ઘઉં વર્ણના છે. તેમણે શરીરે લાલ રંગની કુર્તી તથા કાળા રંગનો પાયઝામો પહેર્યું છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

અમરોલીમાં રહેતી યુવતી નમ્રતાબેન ચાવડા લાપતા

સુરત

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૯/૦૨/૨૦૨૦ના રોજ ઘર નં. ૭૨, કાળીદાસ નગર, ભગુનગરની પાછળ, અમરોલી, સુરત ખાતે રહેતા (મુળ વતન- ઉપલેટા, જિલ્લોઃ રાજકોટ) કિશોરભાઈ દયાળજીભાઈ ચાવડાની ૨૧ વર્ષીય પુત્રી નમ્રતાબેન ચાવડા પોતાના ઘરેથી કોઈને કહ્યાં વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેમની ઉંચાઈ ૫.૫ ફુટ છે. જે શરીરે પાતળા બાંધાના અને રંગે ઘઉં વર્ણના છે. તેમણે શરીરે ગ્રીન રંગની કુર્તી તથા કાળા રંગનુ જીન્સ પહેર્યું છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પાલમાં આધાર કાર્ડ સેન્ટરની સુવિધાનો આરંભ

સુરત

ભારતીય નાગરીકો/રહીશોને આધાર સેવાની સુશાસિત અને સારી સેવા તથા સુવિધા મળી રહે તે હેતુથી ભારત સરકારની (UIDAI - Western Regional Office Mumbai) દ્વારા તેમના નેતૃત્વ હેઠળ પ્રથમ તબક્કામાં આધાર સેવા કેન્દ્ર પ્રોજેકટ હેઠળ યુઆઈડીઆઈ દ્વારા ભારતના ૫૩ જેટલા શહેરોના ૧૧૪ આધાર સેવા કેન્દ્રો શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

જે અન્વયે સુરત મહાનગરપાલિકાના પાલ વિસ્તારમાં જી-૭,૮, ગેલેકસી એન્કલેવ, ગેલેકસી સર્કલ નજીક, ગ્રીનસીટી રોડ, પાલ, અડાજણ ખાતે રોજબરોજ આશરે ૫૦૦ જેટલા રહીશોને આધારનોંધણીની કામગીરી માટે જરૂરી સુવિધાઓ સહિતનો લાભ મળી શકે તે મુજબનું સેન્ટ્રલી એ.સી. વાળું આધાર સેવા કેન્દ્ર (ASK) શરૂ કરવામાં આવેલ છે. જેમાં (૧) આધાર સેવા કેન્દ્ર સવારે ૯.૩૦ થી સાંજના ૫.૩૦ સુધી રવિવાર સહિતના તમામ દિવસોએ (જાહેર રજાના દિવસો સિવાય) કાર્યરત રહેશે. (૨) આધાર સેવા કેન્દ્ર પર આધાર એનરોલ્મન્ટ, ડેમોગ્રાફી અપડેશન, બાયોમેટ્રીક અપડેશન સહિતની આધારને લાગત કામગીરી કરાવી શકાશે. (૩) ઈ—આધાર ધ્વારા આધાર કાર્ડની કલર પ્રિન્ટ મેળવી શકાશે. (૪) રહીશો https://appointments.uidai.gov.in/bookappointment.aspx થી ઓનલાઈન એપોઈન્ટમેન્ટ મેળવી શકશે. (૫) રહીશોના પોર્ટલ સર્વિસ, હેલ્પ ડેસ્ક ધ્વારા આધાર રીલેટેડ કવેરી, સ્ટેટસ મેળવી શકશે.

વ્યારા ખાતે યોજાયો જિલ્લા કક્ષાનો મેગા આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન અને સારવાર કેમ્પ

અંદાજિત ૧૨૦૦ જેટલા દર્દીઓએ લીધો લાભ

વ્યારા

તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતેગત તારીખ ૨૭મી ફેબ્રુઆરીએ જિલ્લા કક્ષાનો મેગા આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન તથા સારવાર કેમ્પ આયોજિત કરાયો હતો. સવારના ૧૦ વાગ્યાથી, જૂની તાલુકા પંચાયત કચેરીની બાજુમાં, પૂતળા પાસે, વ્યારા ખાતે આયોજિત આ વિના મૂલ્યે નિદાન અને સારવાર કેમ્પનો બપોરના ૩ વાગ્યા સુધી અંદાજિત ૧૨૦૦ જરૂતિયાતમંદોએ લાભ લીધો હતો.

આ કેમ્પના ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષ તરીકે તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગજરાબેન ચૌધરીએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પડ્યું હતું. જ્યારે અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

વ્યારાના આ કેમ્પમાં ઉકાળાના ૫૧૦ લાભાર્થીઓ સહિત, અગ્નિ કર્મના ૯૫, મર્મ ચિકિત્સાના ૪૪, આયુર્વેદ ચિકિત્સાના ૪૩૦, અને હોમિયોપેથી ચિકિત્સાના ૧૧૫ લાભાર્થીઓ મળી કુલ ૧૧૯૮ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત અહી આયોજકો દ્વારા ઘરઆંગણાની ૧૫ જેટલી વન ઔષધીઓ, અને ઘર ઘરના રસોડામાં રહેલા ૧૫ જેટલા ઔષધોનું લાઈવ પ્રદર્શન તથા તેના ગુણધર્મો સહિત તેની ઉપયોગિતાની વિગતો પણ પ્રસ્તુત કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની નિયામકશ્રી, આયુષની કચેરી દ્વારા આયોજિત આ મેગા આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન તથા સારવાર કેમ્પ દરમિયાન નિષ્ણાંત વૈધશ્રીઓ દ્વારા અગ્નિ કર્મ અને મર્મ ચિકિત્સા સહિત સાંધાના રોગો, આમ્રવાત, સંધિવા, કમરનો દુખાવો, એડી નો દુખાવો, પેટના રોગો જેવા કે કબજિયાત, જૂની એસિડિટી, જૂનો મરડો, અપચો, શ્વસનતંત્રના રોગો જેવા કે, જૂની ખાંસી, શરદી અને દમ, હરસ-મસા, ભગંદર, પથરી, ડાયાબિટીસ, બ્લડપ્રેસર, એનીમિયા, થાઈરૉઈડ, સ્ત્રી રોગો જેવા કે અનિયમિત માસિક, વધુ પડતું માસિક, સફેદ પાણી, ચામડીના રોગો જેવા કે ખરજવું, દરાજ, પગની એડી ફાટી જવી, બાળકોના ચાંદા, સહિત બાળકોના વિવિધ રોગોનું નિદાન અને સારવાર હાથ ધરવામાં આવી હતી.એમ,વૈધ જયશ્રીબેન ચૌધરી, જિલ્લા આયુર્વેદ અધિકારી, તાપી દ્વારા જણાવાયું છે.

ડાંગ જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો નજીક ઝેરોક્ષ સેન્ટરો તેમજ વિજાણુ યંત્રો ઉપર પ્રતિબંધ

આહવા

ડાંગ જિલ્લામાં તા.૦૫/૦૩/૨૦૨૦ થી તા.૨૧/૦૩/૨૦૨૦ દરમિયાન માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૦ ધોરણ-૧૦/૧૨ એસ. એસ. સી./એચ. એસ. સી. સમાન્ય/વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શરૂ થનાર હોઇ પરીક્ષા કેન્દ્રો ઉપરના ચારે તરફ ૧૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે માટે આહવા,વઘઈ,સુબીર,સાપુતારા વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા. તથા કેલક્યુલેટર,મોબાઇલ ફોન, સેલ્યુલર ફોન તથા અન્ય ઈલેકટ્રીકલ ઉપકરણો પરીક્ષાના સ્થળે લઇ જવા ઉપર ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ટી.કે.ડામોરે જારી કરેલા એક જાહેરનામા અનુસાર તા.૦૫/૦૩/૨૦૨૦નાં રોજ સવારે ૯ વાગ્યાથી, તા.૦૮/૦૩/૨૦૨૦નાં રોજ રાત્રીના ૧૨ વાગ્યા સુધી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પરીક્ષા કેન્દ્રો ઉપરના ચારે તરફ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા દરમિયાન સવારે ૧૦-૦૦ થી સાંજે ૧૮-૩૦ કલાક દરમિયાન બંધ રાખવા તેમજ પરીક્ષા કેન્દ્રોમાં મોબાઇલ કે અન્ય વિજાણું યંત્રોનો ઉપયોગ કરી શકાશે નહીં.હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ડુમલાવ ખાતે નેબરહુડ યુથ પાર્લામેન્ટે કાર્યક્રમ યોજાયો

વલસાડ

વલસાડના નહેરુ યુવા કેન્દ્રય દ્વારા પારડી તાલુકાના ડુમલાવ ખાતે નેબરહુડ યુથ પાર્લામેન્ટલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળ વિકાસ અધિકારી કે.સી.કણજરીયા, ૧૮૧-અભયમ હેલ્પલાઈન, સખી વનસ્ટોપ સેન્ટરના ગીરીમાળાબેન, બાગાયત વિભાગના ફાલ્ગુનીબેન, સી. એચ. સી.ના સુજીતાબેન, આશીત વશી, આત્મા પ્રોજેકટના રોહિતભાઇ વગેરેએ તેમના વિભાગોની યોજનાકીય જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના માર્ગદર્શન હેઠળ ગ્રામજનોએ પ્રશ્નોત્તરી કરી ગામની સમસ્યાઓના નિરાકરણ લાવવાનો પ્રયાસ હાથ ધરાયો હતો. આ કાર્યક્રમમાં ડુમલાવ સરપંચ પુષ્પાબેન પટેલ, ઉપસરપંચ પ્રકાશભાઇ, સભ્ય જીતેશભાઇ સહિત ગ્રામજનો, યુવાઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. આભારવિધિ પ્રગતિ મહિલા મંડળના પ્રમુખ વનિતાબેને આટોપી હતી.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૨-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

ગૃહમંત્રીએ કોલકાત્તામાં એનએસજીની નવી ઓફિસનું ઉદ્ઘાટન કર્યું

ભારત પર હુમલો થયો તો ઘરમાં ઘૂસીને મારીશું: શાહનો હુંકાર

યુદ્ધ બહાદુરીથી જીતવામાં આવે છે ઉપકરણોથી નહીં, અમેરિકા-ઈઝરાયલ બાદ હવે ભારતનું નામ પણ ઘરમાં ઘૂસીને મારનારા દેશોમાં સામેલ થઈ ગયું છે

કોલકાત્તા

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકત્તામાં ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડની નવી ઓફિસનું ઉદ્ઘાટન કર્યું. આ દરમ્યાન ગૃહમંત્રીએ કહ્યું કે અમે દુનિયામાં શાંતિ ઇચ્છીએ છીએ. હુમલો કરનાર પોતાના મોત નક્કી કરીને આવે છે. ભારત ઉપર હુમલો થશે તો ઘરમાં ઘૂસીને મારીશું. આ દરમ્યાન તેમણે સર્જીકલ સ્ટ્રાઇકની તરફ ઇશારો કરતાં કહ્યું કે અમેરિકા-ઈઝરાયલ ઘરમાં ઘૂસીને મારતા હતા. હવે ભારતનું નામ પણ હવે ઘરમાં ઘૂસીને મારનાઓમાં સામેલ થઈ ગયું છે.

અમિત શાહે કહ્યું કે પાંચ વર્ષની અંજર એનએસજીએ ભારત સરકાર પાસેથી જે અપેક્ષાઓ રાખી છે, તે તમામની તમામ અપેક્ષાઓ પૂર્તિ પીએમ મોદીના નેતૃત્વમાં ભારત સરકારને સુનિશ્ચિત રીતે કરશે. એનએસજીના જવાનો ઓછામાં ઓછા ૧૦૦ દિવસ પરિવાર સાથે રહી શકે તેનું મોડ્યુઅલ પણ તૈયાર થઈ ચુક્યું છે.

શાહે કહ્યું કે આજે મારા માટે ખૂબ જ ગૌરવ અને હર્ષનો વિષય છે કે એનએસજી માટે જે રીતે સુવિધા તેમને નિશ્ચિત થઈને કામ કરવા જોઈએ, એ સુવિધા પૂરી પાડવામાં આજે એક



પગલું આગળ વધી રહ્યા છીએ. એક સાથે લગભગ ૨૪૫ કરોડ રૂપિયાની અલગ-અલગ યોજનાઓનું લોકાર્પણ અને ભૂમિપૂજન થયું છે.

તેમણે કહ્યું કે એનએસજીએ પોતાની સ્થાપનાથી આજ સુધી પોતાના જવાનોના સર્વોચ્ચ બલિદાનથી માત્ર સરકાર જ નહીં પરંતુ દેશ અને દુનિયામાં અને ખાસ કરીને ભારતીય જનતામાં એક ભરોસો ઉભો કરવામાં મોટી સફળતા પ્રાપ્ત કરી છે.

એનએસજીએ પોતાની સ્થાપનાથી લઈને આજ સુધી પોતાના જવાનોના સર્વોચ્ચ બલિદાનથી ન ફક્ત સરકાર પરંતુ દેશ અને દુનિયામાં અને ખાસ કરીને ભારતીય પ્રજામાં એક વિશ્વાસ ઉભો કરવામાં મોટી સફળતા મેળવી છે. અમિત શાહે કહ્યું કે અમે આપને સારા આવાસ આપી શકીએ છીએ. તમારા પરિવારોની જરૂરિયાતનું ધ્યાન પણ રાખી શકીએ છીએ. અમે આપને આધુનિક ઉપકરણો અને ટેકનિક પૂરી પાડી શકીએ છીએ. પરંતુ યુદ્ધ બહાદુરીથી જીતવામાં આવે છે ઉપકરણોથી નહીં. શૌર્ય યુદ્ધ જીતાડે છે. ઉપકરણો તો તેમાં ફક્ત એક ભૂમિકા ભજવે છે. સાધનો અને ટેકનોલોજી ક્યારેય આ બહાદુરીનું સ્થાન ન લઈ શકે તેમ અમિત શાહે જણાવ્યું હતું.

દિલ્હીની હિંસા એક ગંભીર પ્રશ્ન : અમર્ત્ય સેન

ભારત ધર્મ નિરપેક્ષ દેશ,અહીં લોકોને ધર્મના આધારે વિભાજિત ન કરી શકાય,હિંસા અને લઘુમતીઓ પર અત્યાચાર એ દિલ્હી પોલીસની નિષ્ફળતા

ન્યુ દિલ્હી

દેશની રાજધાની દિલ્હીના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં ભડકેલી હિંસાએ અનેક લોકોના જીવ લીધા છે, તો અનેક લોકોના ઘર બરબાદ કરી નાંખ્યા છે, ત્યારે નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેને દિલ્હીની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. અમર્ત્ય સેને જણાવ્યું કે, ભારત એક ધર્મ નિરપેક્ષ દેશ છે અને અહીં લોકોને ધર્મના આધારે વિભાજન ના કરી શકાય. આપણે જાણવું જોઈએ કે, શું પોલીસ નિષ્ફળ રહી કે પછી સરકાર તરફથી કરવામાં આવેલા પ્રયત્નો પુરતા નહતા.

પ્રતિચિ ટ્રસ્ટ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં અમર્ત્ય સેને જણાવ્યું કે, હું ખૂબ જ ચિંતિત છું કે આ હિંસા જ્યાં ભડકી તે દેશની રાજધાની છે અને કેન્દ્ર દ્વારા શાસિત છે. જો અલ્પસંખ્યકો પર ત્યાં અત્યાચાર કરવામાં આવે છે અને પોલીસ નિષ્ફળ નીવડે અને પોતાનું કર્તવ્ય બજાવવામાં નિષ્ફળ રહે તો તે ગંભીર ચિંતાનો વિષય છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, એવી માહિતી મળી રહી છે કે જે લોકો માર્યા ગાયા છે અથવા જેમના પર અત્યાચાર કરવામાં આવ્યો છે, તેમાંથી મોટા ભાગના લોકો લઘુમતી સમાજના હતા. ભારત એક ધર્મ નિરપેક્ષ દેશ છે.

હવે ગ્રાહકોને ૩૨૫ રૂપિયા સબસિડી મળશે

હોળી પહેલાં લોકોને રાહતઃ રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં ૫૩ રૂ.નો ઘટાડો

ન્યુ દિલ્હી

હોળીના તહેવાર પહેલાં મોદી સરકારે ગેસ વપરાશકર્તાઓને મોટી ભેટ આપી છે. સબ્સિડીવાળા રસોઈ ગેસ (૧૪.૨ કિલોગ્રામ) ૫૨.૫૦ રૂપિયા સસ્તો થયો છે. હાલ સુધી ૮૯૩.૫૦ રૂપિયામાં મળનારા ઘરેલૂ સિલિન્ડર માર્ચ મહિનામાં ૮૪૧ રૂપિયાના ભાવે મળશે. ફેબ્રુઆરી મહિનામાં ૧૨ તારીખે ૧૪૪.૫૦ રૂપિયાનો ભાવ વધારો જોવા મળ્યો હતો. ગેસના ભાવમાં આ ઘટાડો આજના દિવસથી લાગૂ થયા છે.

હાલમાં તેલ કંપનીઓએ કોર્મશિયલ સિલિન્ડર (૧૯ કિલોગ્રામ) માં ભાવમાં



૮૪.૫૦ રૂપિયાનો ઘટાડો થયો છે. કોર્મશિયલ સિલિન્ડરમાં હવે ૧૪૬૫.૫૦ રૂપિયા છે. ૫ કિલોનો નાનો સિલિન્ડર પણ ૧૮.૫૦ રૂપિયા સસ્તો થયો છે. નાનો સિલિન્ડર હવે ૩૦૮ રૂપિયામાં મળશે. ઘરેલુ એલપીજી સિલિન્ડર માર્કેટ પ્રાઇસ (સબસિડી ન મળતા દરો) માં ઘટાડો થયા બાદ હવે ગ્રાહકોને ૩૨૫.૭૧ રૂપિયા સબસિડી મળશે. એટલે કે સબસિડીવાળા સિલિન્ડરનો વપરાશકારો લગભગ ૫૧૫ રૂપિયા ખર્ચ કરશે. હાલમાં સરકાર એક વર્ષમાં દરેક ઘર માટે ૧૪.૨ કિલોગ્રામના ૧૨ સિલિન્ડરોને સબસિડી આપે છે. જો તમને આ કરતા વધુ સિલિન્ડર જોઈએ છે, તો તમારે બજાર ભાવે ખરીદવું પડશે. તેમ છતાં સરકાર દર વર્ષે ૧૨ સિલિન્ડર પર આપેલી સબસિડી ભાવ પણ દર મહિને બદલાય છે. સરેરાશ આંતરરાષ્ટ્રીય બેંચમાર્ક અને વિદેશી વિનિમય દરોમાં ફેરફાર જેવા પરિબળો સબસિડીની રકમ નક્કી કરે છે.

બેઠક સકારાત્મક રહેતા ૧૧થી૧૩ માર્ચ સુધી થનારી બેંક હડતાલ રદ

ન્યુ દિલ્હી

બેંક કર્મચારીઓના અલગ-અલગ સંગઠનોએ બોલાવેલી ત્રણ દિવસની દેશવ્યાપી હડતાલને રદ કરવામાં આવી છે. ઓલ ઇન્ડિયા બેંક એમ્પ્લોયિઝ એસોસિએશને તેના એક નિવેદનમાં આ અંગેની જાણકારી આપતા કહ્યુ કે શનિવારે મુંબઈમાં ભારતીય બેંક સંગઠન સાથે થયેલી બેઠકમાં સકારાત્મક સંકેત મળ્યા પછી હડતાલ રદ કરવાનોનિર્ણય લેવામાંઆવ્યોછે.

આ બેઠકમાં અઠવાડિયામાં પાંચ દિવસ બેંક ચાલુ રાખવા અને પગારમાં ૧૫% વધારા મુદ્દે મંત્રણા કરવામાં આવી હતી. આ પહેલા ૧૧થી ૧૩ માર્ચ સુધી સતત ત્રણ દિવસ માટે બેંક હડતાલની આશંકા હતી. બેંક કર્મચારીઓએ પગાર વધારા માટે માંગ કરતા ત્રણ દિવસની હડતાલ બોલાવી હતી.

યૂનાઇટેડ ફોરમ ઓફ બેંક યૂનિયન્સએ આ હડતાલનું આહ્વાન કર્યુ હતું. પગાર વધારા માટે બેંક કર્મચારીઓના સંગઠન ૩૧ જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરી એમ બે દિવસની હડતાલ કરી ચૂક્યા છે. બેંક સંગઠનો મહિનના દર બીજા શનિવારે રજાના વિરોધમાં પણ છે. જોકે ઇન્ડિયન બેંક એસોસિએશને અઠવાડિયામાં પાંચ દિવસની કામગીરીના પ્રસ્તાવને ફગાવી દીધો હતો.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

કોરોના વાયરસઃ મલેશિયાથી કેરળ પરત ફરેલા શંકાસ્પદ દર્દીનું મોત

ન્યુ દિલ્હી

કેરળમાં રવિવારે કોરોનાવાયરસથી સક્રમિત એક દર્દીનું મોત થયું છે. તે થોડા દિવસો અગાઉ મલેશિયાથી પરત ફર્યો હતો અને અર્નાકુલમમાં આઈસોલેશન વોર્ડમાં દાખલ થયો હતો. બીજી તરફ ચીનમાં કોરોનાવાયરસથી હુબેઈ પ્રાંતમાં વધુ ૩૫ લોકોના મોત થયા બાદ મૃતકોની સંખ્યા ૨,૮૭૦ થઈ ગઈ છે. નેશનલ હેલ્થ કમીશનના જણાવ્યા મુજબ, સંક્રમણના ૫૭૩ નવા મામલાઓ પ્રકાશમાં આવ્યા છે. હવે કુલ સંખ્યા ૭૯,૮૨૪ સુધી પહોંચી ગઈ છે. જ્યારે દક્ષિણ કોરિયામાં તેનાથી ૩,૫૨૬ વ્યક્તિઓ પીડિત છે, જે ચીનની બહારનો સંક્રમણનો સૌથી મોટો આંકડો છે. જોકે જાન્યુઆરી-ફેબ્રુઆરીની સરખામણીમાં સક્રમણના નવા મામલાઓની સંખ્યાઓમાં ઘટાડો આવ્યો છે. કોરિયાના સેન્ટર ફોર ડિસીસ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનના જણાવ્યા મુજબ, સંક્રમણના લગભગ ૯૦ ટકા મામલાઓ ડાયગુમાં હતા, જોકે તે નોર્થ ગ્યોન્સસેંગ પ્રાંતમાં છે.

છેલ્લા થોડા દિવસોમાં મલેશિયામાં કોરોનાવાયરસના ૨૫ મામલાઓ પ્રકાશમાં આવ્યા છે. ત્યાંથી હાલમાં જ પરત ફરેલા કેરળના રહેવાસી વ્યક્તિનું રવિવારે મોત થયું છે. તેને અર્નાકુલમની હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યો હતો. તેની તપાસ પણ કરવામાં આવી હતી. પ્રથમ વખતમાં રિપોર્ટ નગેટિવ આવ્યો હતો.

અમેરિકામાં કોરોના વાયરસથી પ્રથમ મોત

આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોનાવાયરસથી બચવાના હેતુથી આયોજિત કરવામાં આવેલા કાર્યક્રમમાં પત્રકારોને કહ્યું કે કોરોનાવાયરસના ખતરાને જોતા અમે દક્ષિણ સીમા (મેક્સિકો)ને બંધ કરવા પર વિચાર કરી રહ્યાં છે. અમેરિકાના સ્વાસ્થ્ય વિભાગના દર્દીનું મોત થવાના મામલા પર તેમણે કહ્યું- મહિલાનું મોત થયું તે ખુબ જ ખરાબ બાબત છે. તે એક શાનદાર મહિલા હતી. મેડિકલ ફેઝમાં તે રિસ્ક પર હતી. જોકે કોઈએ પણ ચિંતા કરવાની જરૂર નથી. આપણે કોઈ પણ સ્થિતિ સામે લડવા તૈયાર છીએ.

બોર્ડની પરિક્ષામાં કાપલીબાજોની ખેર નથી, ગેરરીતિ કરી તો પરિણામ થશે રદ

અમદાવાદ

આગામી ૫ માર્ચથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરુ થઈ રહી છે. ત્યારે બોર્ડની પરીક્ષાઓમાં તમામ પ્રકારની ચેકિંગ વ્યવસ્થા અને સીસીટીવીની બાજ નજર હોવા છતાં ચોરીના અને કોપી કેસના કિસ્સાઓ સામે આવતા હોય છે ત્યારે આ વખતે પણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડદ્વારા બોર્ડની વેબસાઈટ પર પરિક્ષામાં ૩૩ પ્રકારના ગેરરીતીના ગુના અને તેની સામે લેવાતા પગલાની વિગતો જાહેર કરી છે. પરંતુ આખુ વર્ષ મહેનત કર્યા વગર છેલ્લી ઘડીએ કાપલી કરીને, કોપી કરીનેકે પરીક્ષામાંચોરી કરીને શોર્ટકર્ટ અપનાવતા વિદ્યાર્થીઓ થઈ જજો સાવધાન. કારણ કે જો પરિક્ષામાં કાપલી કરી તો પરિક્ષાનું પરિણામ રદ થશે તે નક્કી છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડદ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષામાં થતી ગેરરીતીઓ અને ચોરીઓના આધારે ૩૩ પ્રકારના ગુના અને તેની સામે બોર્ડ દ્વારા ૩૩ પ્રકારે લેવાતા પગલા લેવાઈ શકે છે તેની વિગતો મુકવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા ખંડમાંથી પ્રશ્નપત્ર બહાર ફેંકી દેવું, પુરવણી ફાડી નાંખવી, પરિક્ષાર્થી ખંડની બહાર જઈ અનધિકૃત વ્યક્તિને મળે, ઉત્તરવહી કે પુરવણી ખંડની બહાર લઈ જાય, પરિક્ષા સ્થળે ગેરવર્તન, મારામારી, હિંસા કે ઘાતક હથિયાર લાવવા, વર્ગમાં સામુહિક ચોરી કરવી, સીસીટીવી ફુટેજમાં અન્ય પરિક્ષાર્થીને મૌખિક સંકેત આપવા, બિન અધિકૃત સાહિત્ય લાવતા પકડાય, પરિક્ષા કેન્દ્રમાં ઈલેક્ટ્રોનિક ગેઝેટનો ઉપયોગ કરવો આ તમામ કિસ્સાઓમાં પરિણામ રદ કરવામાં આવશે તેવી સુચનાઓ આપવામાં આવી છે.

તંત્રી લેખ

કોંગ્રેસ પાર્ટી નેતૃત્વહિન છે

કોંગ્રેસ પાર્ટીને એકપછી એક હાર મળી રહી છે. આખરે કોંગ્રેસની અંદરથી હવે અવાજ આવવાની શરૂઆત થઈ ગઈ છે. અંદરખાને અવાજ તો પહેલાથી જ સભ્યો અને કોંગ્રેસી નેતાઓ ઉઠાવી રહ્યા હતા. જો કે જાહેરમાં કોઈ નેતા વાત કરવાની હિંમત કરી રહ્યા ન હતા. હવે પૂર્વ સાંસદ અને દિલ્હીના પૂર્વ મુખ્યપ્રધાન શિલા દિક્ષિતના પુત્ર સંદીપ દિક્ષિતે એ વાત જાહેરમાં કરી દીધી છે જે વાત તમામના મનમાં હતી. પરંતુ કોઈ જાહેરમાં કરવા માટે તૈયાર ન હતા. સંદીપે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પર સવાલ ઉઠાવતા કહ્યુ છે કે તેઓ કોંગ્રેસ પાર્ટીમાં નેતૃત્વહિનતાના પ્રશ્ન પર પહેલ એટલા માટે કરી રહ્યા નથી કે બિલાડીના ગળામાં ઘંટડી બાંધે કોણ. તત્કાલીન પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીની વિચારધારા જે પણ રહી હોય પરંતુ જો તેઓએ લોકસભા ચૂંટણીના પરિણામ બાદ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેઓ હવે પાર્ટી અધ્યક્ષ તરીકે રહેવા માટે તૈયાર નથી. પાર્ટીને હવે કોઈ નવા અધ્યક્ષની પસંદગી કરવી પડશે. દેશની સૌથી મોટા અને જુની પાર્ટી આ બાબતને સમજી લેવા માટે તૈયાર નથી. રાહુલ ગાંધીએ ઈન્કાર કરી દીધા બાદ પણ કોંગ્રેસ પાર્ટીના લોકોએ પસંદગી કરી તો સોનિયા ગાંધીની જ કરી.તેમની તબિયત પહેલાથી જ સારી રહેતી નથી. તેમની ખરાબ તબિયતના કારણે સોનિયા ગાંધી પહેલાથીજ સક્રિય રહી શકતા નથી. રસપ્રદ બાબત એ છે કે વચગાળાના અધ્યક્ષ તરીકેની ભૂમિકામાં આવી ગયા બાદ પણ તેમના પૂર્ણ આરોગ્યને લઈને કોઈ વાત કરવામાં આવી નથી. કોંગ્રેસ પાર્ટીમાં નવા અધ્યક્ષની ચૂંટણી માટે કોઈ નક્કર પહેલ થઈ રહી નથી. સર્વોચ્ચ સ્તર પર વર્તમાન દુવિધાની અસર કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી દેખાવ પર દેખાઈ રહી છે. સામાન્ય ચૂંટણી બાદ દરેક ચૂંટણીમાં તેની અસર દેખાઈ આવી છે. ઝારખંડ, હરિયાણા, મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન એવુ લાગ્યુ ન હતુ કે પાર્ટી પોતાની પૂર્ણ તાકાત સાથે ચૂંટણી લડી રહી છે. લડાઈને સ્થાનિક નેતાઓ અને પાર્ટી ઉમેદવારો પર છોડી દેવામાં આવી હતી. આ વલણની અસર દિલ્હીમાં જોવા મળી હતી. જ્યાં વર્ષ ૨૦૧૩માં સૌથી શક્તિશાળી ગણાતી કોંગ્રેસ પાર્ટીને માત્ર ચાર ટકા મત મળી શક્યા છે. જે ડિપોઝિટ ડુલ થઈ જવાના પ્રમાણ કરતા ઓછી ટકાવારી છે. ત્યારબાદ સંદીપ દિક્ષિત અને શશી થરુર જેવા નેતાઓએ તેમની બેચેની દર્શાવી હતી. છતાં પાર્ટીના સર્વોચ્ચ નેતૃત્વે હરકતમાં આવવા માટેના કોઈ સંકેત હજુ સુધી આપ્યા નથી. સ્વાભાવિક છે કે કોંગ્રેસમાં હાલત વધારે ખરાબ છે. આ તમામ બાબતોને લઈને લાગે છે કે પાર્ટી હાઈકમાન્ડને કોંગ્રેસ કરતા વધારે ચિંતા હાલમાં પાર્ટીના ટોપ પરિવારની રહેલી છે. સ્વાભાવિક છે કે કોંગ્રેસમાં સંકટ તેના કરતા વધારે છે. પાર્ટીમાં પાર્ટી અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી લેવા કેટલાક નેતાઓ સક્ષમ છે તે બાબત હવે બેઈમાની લાગે છે. આ તમામ લોકો ગાંધી પરિવારના કોઈ પણ સભ્યના અધ્યક્ષપદને સહેજ રીતે સ્વીકાર કરી લે છે. જો કે પોતે કોઈ જવાબદારી લેવા માટે તૈયાર હોતા નથી. આ તમામ બાબતો કોંગ્રેસ પાર્ટી માટે ખતરનાક સાબિત થઈ રહી છે.

કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ નેતૃત્વને લઈ કોઈ પહેલ ચોક્કસ કારણથી કરી રહ્યા નથી

કાનપુરમાં અભિનેત્રી સ્વરા ભાસ્કર સામે રાજદ્રોહનો કેસ

જવલંત મુદ્દા પર હિંમતથી પોતાનું મંતવ્ય રાખનાર અભિનેત્રી સ્વરા ભાસ્કર માટે મુશ્કેલીઓ વધી ગઈ છે કેમ કે કાનપુરની અદાલતમાં તેમની સામે કેસ થયો છે. વરિષ્ઠ અધિવક્તા વિજય બખ્શીએ કાનપુરના સીએમએમ-૭ની કોર્ટમાં સ્વરા ભાસ્કર સામે રાજદ્રોહનો કેસ દાખલ કર્યો.

વિજય બક્શીએ સ્વરા ભાસ્કર પર સમાજમાં વિદ્વેષ ફેલાવવા, જાતિ-ધર્મ અને સમુદાયોને અલગ કરવાનો આરોપ લગાવ્યો છે, તેમના મુજબ સ્વરા ભાસ્કર ફિલ્મ અભિનેત્રી હોવાની સાથે જ મશહૂર હસ્તી છે પરંતુ પોતાના ભાષણો અને ટ્વીટ દ્વારા સમયે સમયે ભારત સરકાર, ઉચ્ચતમ ન્યાયાલય, સુરક્ષા એજન્સીઓ વિરુદ્ધ ટિપ્પણી કરવા અને સમાજમાં ભેદભાવનું કામ કરી રહી છે, તેના ભડકાઉ ભાષણોથી સમાજને ખતરો છે. શખ્સનું કહેવું છે કે દેશની છબી ખરાબ થઈ રહી છે, સાથે જ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નુકસાન થઈ રહ્યું છે, કોર્ટમાં અરજીની સુનાવણી માટે ૨૦ માર્ચની તારીખ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સ્વરા ભાસ્કરે હાલ નાગરિકતા સંશોધન બિલ અને એનઆરસી વિરુદ્ધ ભારે મોર્ચો ખોલ્યો છે.

ક્રિષ-૪માં રિતિક રોશનની સાથે દિપિકા પાદુકોણ જોડી જમાવશે..!?

દીપિકા પદુકોણની આ વરસે રિલીઝ થયેલી ફિલ્મ 'છપાક' બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી. એસિડ હુમલાનો ભોગ બનેલી લક્ષ્મી અગ્રવાલ પર આધારિત સત્ય ઘટના પરથી બનેલી આ ફિલ્મની સફળતાની આશા અભિનેત્રીથી લઈ નિર્માતા-દિગ્દર્શકને હતી, જે અંતે ઠગારી નીવડી હતી. તેની આગામી ફિલ્મ હૃતિક રોશન સાથે હશે તેવી ચર્ચા થઈ રહી છે. હાલમાં જ દીપિકાએ એક ઈન્ટરવ્યુમાં હૃતિક રોશન સાથે કામ કરવા અંગે કહ્યુ હતું કે, હું હૃતિક સાથે ક્રિષ ૪માં કામ કરવાની છું એ વાત મારા માટે પણ એક ન્યુઝ સમાન છે. હૃતિક એક ટેલન્ટેડ કલાકાર છે અને તેની સાથે કામ કરવામાં મને કોઈ સમસ્યા નથી. દીપિકાની આ વાતથી લોકો એવું માની રહ્યા છે કે, તે હૃતિક સાથે 'ક્રિષ ૪'માં જોડી બનાવવાની છે. હૃતિક અને દીપિકા બોલીવૂડના સમ્માનીય અને ટેલન્ટેડ એકટર્સ છે.

ભારતને આ વખતે વધારે શાનદાર દેખાવની અપેક્ષા રહેલી છે

ઓલિમ્પિકમાં ભારતનુ ભાવિ શુ છે ?

ઓલિમ્પિક ખેલને લઈને જાપાનમાં છેલ્લા કેટલાક વર્ષોથી જોરદાર તૈયારી ચાલી રહી છે. આને લઈને તમામ તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. જાપાન ખેલ મહાકુંભને સફળ રીતે પાર પાડવા માટે દરેક પ્રકારની તૈયારીમાં વ્યસ્ત છે. ભારતના ખેલાડીઓ પણ આ વખતે ઓલિમ્પિકમાં પહેલા કરતા વધારે શાનદાર દેખાવ કરવા માટે ઉત્સુક છે. હમેંશા કરતા વધારે શાનદાર દેખાવ કરવા માટે ભારતીય ટીમ જોરદાર પ્રેકટીસ કરી રહી છે. ઓલિમ્પિક ખેલમાં ભારતનુ ભવિષ્ય શુ રહેશે તેને લઈને રમતગમત સાથે જોડાયેલા નિષ્ણાંતોમાં ચર્ચા જારી છે. જાણકાર નિષ્ણાંતકો કહી રહ્યા છે કે ઓલિમ્પિક ૨૦૨૦ ભારતીય ખેલજગત માટે રિયાલિટી ચેક સમાન સાબિત થઈ શકે છે. આ આયોજનના પરિણામ પર માત્ર ખેલાડીઓના ભાવિ જ નક્કી થનાર નથી બલ્કે અન્ય અનેક બાબતો પણ આધાર રાખે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પહેલવાન વિનેશ ફોગટ એ વખતે માત્ર આઠ વર્ષની હતી જ્યારે તેના પિતાની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. તેમની માતાને પોતાના સ્વર્ગસ્થ ભાઈની સાથે રિવાઝ મુજબ લગ્ન કરી લેવા માટે કહેવામાં આવ્યુ હતુ પરંતુ ફોગટની માતાએ ઈન્કાર કરી દીધો હતો. આ નિર્ણયના કારણે તેમના હરિયાણાના ગામ બલાલીમાં હોબાળો શરૂ થઈ ગયો હતો. જો કે તે ઈન્કારના પોતાના નિર્ણય પર મક્કમ રહી હતી. ત્યારબાદ તેની માતાએ એક નાનકડા કારોબારની શરૂઆત કરી હતી. તેમની પુત્રી આ જ ગામમાં ભણી અને મોટી થઈ હતી. ત્યારબાદ વિશ્વ વિજેતા પહેલવાન સાબિત થઈ. આ વાર્તા એ બાબતની સાબિતી છે કે ભારત હવે કેટલીક હદ સુધી આગળ વધી ગયુ છે. રિયો ઓલિમ્પિકમાં કુસ્તીના ક્વાર્ટર ફાઈનલમાં ઘુટણની ઈજાના કારણે તેની કેરિયરમાં અનેક ઉતારચઢાવ આવ્યા છે. પરંતુ પોતાની મહેનતથી તે સતત આગળ વધી રહી છે. તે ટોકિયો ઓલિમ્પિકમાં મેડલ જીતવા માટે એક પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહી છે. તે શુ ચન્દ્ર યાદીમાં પોતાના સ્થાનને મેળવી શકશે તે પ્રશ્ન તમામ લોકોને સતાવી રહ્યો છે. અભિનવ બિન્દ્રાએ એથેન્સ ૨૦૦૪ ઓલિમ્પિક બાદ બેઝિઘ ઓલિમ્પિકમાં પણ જોરદાર દેખાવ કર્યો હતો. આવ્યાના પાંચ વર્ષ બાદ ભારત દ્વારા શાનદાર દેખાવ રહી શકે છે. બેઝિંગ ૨૦૦૮માં ત્રણ ચન્દ્રક, લંડન ૨૦૧૨માં છ શુ બેડમિન્ટનમાં સાઈના નહેવાલ ટોકિયો ઓલિમ્પિકમા પણ ચન્દ્રક મેળવી શકશે કે કેમ તે સવાલ છે. ભારતના વિશ્વ ચેમ્પિયન ચન્દ્રક વિજેતા પહેલવાન બજરંગ પુનિયા, રવિ દહિયા અને દિપક પુનિયા ૨૦૧૯માં નુર સુલ્તાનની સફળતાનુ પુનરાવર્તન કરી શકશે તે પણ ચર્ચા જારી છે. ઓલિમ્પિક ટાસ્ક ફોર્સ દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા બાદ ત્રણ વર્ષ પછી અને ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ લોંચ કરવામાં અને રિયો ૨૦૧૬માં બે ચન્દ્રક ભારતને મળ્યા હતા. હવે ભારત તેના ચન્દ્રકના ગ્રાફને વધારી શકશે કે કેમ તે સવાલ તમામ લોકો કરી રહ્યા છે. ભારતીય ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના બે ભારતીય સભ્યો પૈકી એક નરેન્દ્ર બત્રાએ જુલાઈ ૨૦૧૯માં જાહેરાત કરી હતી કે ભારત આ વખતે ઓલિમ્પિકમાં ડબલ ફિગર ઓલિમ્પિક ચન્દ્રકની આશા અને ઈરાદા ધરાવે છે. આગરામાં એક કાર્યક્રમમાં તેમણે કહ્યુ હતુ કે અમને બે આંકડામાં ચન્દ્રક જીતવાની શરૂઆત કરવી જોઈએ. અમે ટોકિયોમાં ૧૦થી ૧૨ ચન્દ્રક, ૨૦૨૪માં ૨૫ અને વર્ષ ૨૦૨૮માં ૪૦ ચન્દ્રકોના ટાર્ગેટને પાર કરી શકીએ છીએ. ટોકિયો ૨૦૨૦ ઓલિમ્પિક ભારતીય ખેલ જગત માટે મહત્વપૂર્ણ રિયાલિટી ચેક સાબિત થઈ શકે છે. ભારત આનાથી અનેક ચન્દ્રકની આશા રાખે છે. પરિણામથી ખેલાડીઓના ભવિષ્ય જ નક્કી થનાર નથી બલ્કે અન્ય કેટલીક બાબતો પણ નક્કી થનાર છે. ભારતીય ખેલાડીઓ હાલમાં જોરદાર તૈયારીમાં છે. છેલ્લા કેટલાક વર્ષોની મહેનતને ધ્યાનમાં લેવામાં આવે તો આ વખતે ભારત પાસેથી કુસ્તી, બેડમિન્ટન, ટેનિસ, ટેબલ ટેનિસ, શુટિંગમાં ચન્દ્રકની આશા રહેલી છે. સાથે સાથે હોકીમાં પણ ભારતને ચન્દ્રક મળી શકે છે. જો કે ભારતીય ખેલાડીઓને સર્વોચ્ચ સ્તરે તૈયારી કરવાની રહેશે.



ઓલિમ્પિક ૨૦૨૦ ભારતીય ખેલજગત માટે લિયાલિટી ચેક સમાન સાબિત થનાર છે : પરિણામથી ખેલાડીઓના ભાવિ નક્કી થઈ જશે

૨૦૩૨ ખેલ માટે બોલી પ્રક્રિયા ૨૦૨૨માં શરૂ

ભારત ઓલિમ્પિક યોજી શકે

ટોકિયો ઓલિમ્પિકમાં જો ભારતીય ટીમ શાનદાર દેખાવ કરશે તો અનેક રીતે ખેલાડીઓ માટે ઉપયોગી સાબિત થશે. જો ભારતીય ટીમ સંતોષજનક દેખાવ કરશે તો ભારતીય ખેલ વહીવટીતંત્ર દ્વારા ભારતમાં આલિમ્પિક યોજવા માચે તૈયારી કરી શકે છે. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન ૨૦૩૨માં ઓલિમ્પિક માટે સંભવિત બોલી પર વિચારણા કરી શકે છે. વર્ષ ૨૦૩૨માં યોજાનાર ઓલિમ્પિક માટે બોલી પ્રક્રિયા વર્ષ ૨૦૨૨માં સરૂ થનાર છે. આ નિર્ણય ટોકિયો ઓલિમ્પિકમાં ભારતીય ટીમના દેખાવ પર આધારિત રહી શકે છે. ભારતીય ઓલિમ્પિક સંઘના અધ્યક્ષ અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતીના બે ભારતીય સભ્યો પૈકી એક નરેન્દ્ર બત્રાએ કહ્યુ છે કે જો અમે વર્ષ ૨૦૩૨માં ઓલિમ્પિકનુ આયોજન કરવા માટેની તૈયારી કરી રહ્યા છીએ અને યજમાન બનવા માટે ઈચ્છુક છીએ તો ભારતને વર્ષ ૨૦૨૪ ઓલિમ્પિકમાં ૨૦ ચન્દ્રક જીતવાની જરૂર છે. આવી જ રીતે વર્ષ ૨૦૨૮ સુધી ૩૫થી ૪૦ ચન્દ્રક મળે તે જરૂરી છે. જો આવી સફળતા મળશે નહીં તો ભારતને બોલી લગાવવા માટેની તક પણ આપવામાં આવનાર નથી. જેથી ઓલિમ્પિકમાં દેખાવમાં જોરદાર સુધારો લાવવાની જરૂર દેખાઈ રહી છે. આના માટે દેશના તમામ વિસ્તારોમાંથી વિવિધ સમિતીઓ રચીને કુશળ ખેલાડીઓને શોધી કાઢવા માટેની જરૂર દેખાઈ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વિતેલા વર્ષોમાં ભારતે અનેક મોટા આયોજન સફળ રીતે પાર પાડ્યા છે. જેમાં વર્ષ ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ્સ, વર્ષ ૧૯૮૨ અને વર્ષ ૧૯૫૧માં એસિયન ગેમ્સ, આઈસીસી વર્લ્ડ કપ ૨૦૧૧, ફિફા અંડર-૧૭ વર્લ્ડ કપ ૨૦૧૭નુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જો કે આ તમામ સ્પર્ધા ઓલિમ્પિકની તુલનામાં ખુબ નાના પાયે હોય છે. ઓલિમ્પિકમાં દસ હજારથી વધારે એથલીટો, મિડિયાના ૩૦ હજાર કરતા વધારે કર્મચારીઓ અને અન્ય કર્મચારીઓની જરૂર હોય છે. બત્રાએ જાહેરાત કરી છે કે ભારત ભવિષ્યમાં એવા દેશ તરીકે રહેનાર છે જે જે કેટલીક રમતોનુ આયોજન કરનાર છે. અમે વર્ષ ૨૦૨૬માં યુવા ઓલિમ્પિક તેમજ ૨૦૧૨માં આઈઓસી કોંગ્રેસની તરફ આશા રાખી રહ્યા છીએ. વર્ષ ૨૦૩૦માં યોજાનાર એશિયન ખેલ માટે પણ ભારતે યજમાન બનવા માટેની ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં ભારતીય આયોજકોને શાનદાર એવા ખેલાડીઓની શોધ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે જે વિશ્વ સ્તર પર જોરદાર દેખાવ કરી શકે.

અનાજ ઉગાડવાથી લઈને પકવવા સુધી રસાયણનો આડેધડ પ્રયોગ

થાળીના ૪ દુશ્મન બિમાર કરે છે

ભોજનનો અર્થ માત્ર પેટ ભરવા સુધી મર્યાદિત નથી. ભારતીય સંસ્કૃતિમાં ભોજનને સંસ્કાર તરીકે જોવામાં આવે છે. આ પૌષણ પણ આપે છે. તેમાં અમારા આરોગ્ય માટે જરૂરી પૌષક તત્વો પણ હોય છે. છેલ્લા કેટલાક દશકોમાં ખાવાપીવાની ચીજવસ્તુઓમાં ભેળસેળનુ પ્રમાણ ચિંતાજનક રીતે વધુ રહ્યુ છે. અનાજ અને અન્ય ચીજોના ઉત્પાદનમાં જંતુનાશકનુ પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યુ છે. આ તમામ ચીજોના ઉત્પાદનમાં રસાયણ અને જંતુનાશકના ઉપયોગને સમર્થન મળ્યુ છે. આના કારણે કેટલીક પ્રકારની બિમારીઓ પણ હોય છે. હાલમાં અમારી થાળીમાં જુદા જુદા પ્રકારની ભેળસેલની ચીજો પહોંચી રહી રહી છે. સાથે સાથે નુકસાન કરનાર હાનિકારક તત્વો પણ થાળીમાં પહોચી રહ્યા છે. તમામ આંકડા ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. આંકડા દર્શાવે છે કે હાલના સમયમાં દેશમાં ૧૦૦ કરતા વધારે જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે પૈકી કેટલાક જંતુનાશકો પર તો દુનિયાના કેટલાક દેશોમાં પ્રતિબંધ પણ છે. ટોક્સિક લિંક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વિશ્વમાં દર વર્ષે આશળરે ૨૦ લાખ ટન અને ભારતમાં આશરે છ લાખ ટન જંતુનાશક અને બીજા રસાયણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કોઈ પણ ખાદ્ય ચીજવસ્તુઓમાં જંતુનાશક, રસાયણ અથવા તો ભેળસેળના ઉપયોગની માહિતી મળે છે તો ભારતી ખાદ્ય સુરક્ષા અને માપદંડ સત્તા અથવા તો એ ફએ સાએ સાએ આઈમાં ફરિયાદ કરી શકાય છે. પહેલાના સમયમાં ખેતોમાં ઉત્પાદનને વધારી દેવા માટે વધારે કુદરતી તરીકાના ઉપયોગ કરવામાં આવતા હતા. કંપોસ્ટ ખાતરનો ઉપયોગ કરવામા આવતો હતો. હવે રાસાયણિક ખાતર તેમજ જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવે છે. આના કારણે શરીરમાં રોગ પ્રતિકારક ક્ષમતા વધારે તેવા પૌષક તત્વો મળવાના બંધ થઈ ગયા છે. સાથે સાથે કેન્સર જેવા જીવલેણ રોગ ફેલાવે તેવા તત્વો તેમજ જંતુનાશક શરીરમાં પહોંચી રહ્યા છે. શાકભાજીના ઉત્પાદનને વધારી દેવા માટે ડીડીટી, મેલાથિયાન, ક્લોરડેન, એલ્ડ્રિન તેમજ અન્ ઘાતક જંતુનાશકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આના કારણે અનેક પ્રકારની બિમારીઓ થઈ રહી છે. બીજી બાજુ કેળા અને અન્ય પ્રકારના ઉપયોગી ફળોને વહેલી તકે પકવી દેવા માટે ટેગપોન-૩૯, ઈથેપાન, એથલીન તેમજ એસિટિલીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કાર્બાઈડ કરતા આઠ ગણુ વધારે નુકસાનકારક થિફોનથી કેળા માત્ર ૨૪ કલાકમાં પાકી જાય છે. આનો ઉપયોગ પશુમાં વધારે દુધ આપવા માટે પણ કરવામાં આવે છે. આના કારણે શરીરમાં દુખાવો રહે છે. ભુખ ઓછી લાગે છે. પાચન સંબંધી પરેશાની રહે છે. પેટના ઈન્ફેક્શન વધે છે. લિવર સંબંધિત બિમારી થાય છે. કેન્સરનો પણ ખતરો થઈ જાય છે. બાળકોને વધારે નુકસાન થાય છે. ડબ્બામાં રહેલી ચીજોને વધારે સમય સુધી સુરક્ષિત રાખવા માટે બિસેફિનોલ, પ્રોસેસ્ડ મીટ અને માછળીમાં સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવે છે. ચિપ્સમાં સોડિયમ અને કેમિકલ વાળા કલરનો ઉપયોગ કરવામા આવે છે. કેટલાક અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે તેમાં નિર્ધારિત માપદંડ કરતા બે ગણા કરતા વધારે મિઠાનો ઉપયોગ કરવામા આવે છે. તેમાં ખાંડનુ પ્રમાણ ખુબ વધારે સાથે સાથે પૌષક તત્વોનુ પ્રમાણ ખુબ ઓછુ રહે છે. સગર્ભા મહિલાઓ અને પેટમાં રહેલા ભ્રુણને પણ આના કારણે નુકસાન થાય છે. ખરાબ ગોળને વ્યવસ્થિત દર્શાવવા માટે સોડિયમ ફાર્મેલ્ડિહાઈડનો ઉપયોગ કરવામાં આવે છે. જે રંગીન ડાઈ છે. જેના કારણે કેન્સરનો ખતરો રહે છે. આવી જ રીતે થાળીને કલરફુલ બનાવવા માટે હલ્દર, મરચા, પાલકમાં ફુડ કલર મિક્સ કરવામાં આવે છે. જેના કારણે લિવર, આંતરડા તેમજ અન્ય બિમારીનો ખતરો રહે છે. સિન્થેટિક કલરના કારણે ગળા, લિવર તેમજ અન્ય પ્રકારની બિમારી થાય છે. ફુડ પોઈઝનિંગના બનાવો હાલના દિવસોમાં વધારે જોવા મળે છે. તબીબો પાસે આવા કેસ વધારે આવે છે. જેના કારણે તબીબો પણ હવે સાવધાન થઈ ગયા છે. મિલાવટ અને ભેળસેલ અથવા તો ભોજનની ચીજો તેમજ દુધમાં જુદા જુદા કેમિકલ અને જંતુનાશકના ઉપયોગ કરવાના કારણે આ સમસ્યા ઉભી થઈ રહી છે. આ તમામ સમસ્યાને ટાળવા માટે કેટલાક ઉપાય રહેલા છે. જેના કારણે તેમની અસરને ઘટાડી શકાય છે. આના પ્રયોગ ચોક્કસપણે થવા જોઈએ.



દેશમાં ૧૦૦ કરતા વધારે જંતુનાશકોનો ઉપયોગ થઈ રહ્યો છે : આ પૈકી ઘણા જંતુનાશકો વિવિધ દેશોમાં પ્રતિબંધ છે : ફુડ પોઈઝનિંગના કારણ છે

ફિલ્મી ગપસપ...

દિલ્હી હિંસા પર સુનીલ શેટ્ટી બોલ્યા : 'કોઈ પોલીસમેનની હત્યા થાય ત્યારે દુ:ખ થાય છે'




મુંબઈ

અભિનેતા સુનીલ શેટ્ટી શુક્રવારે મુંબઈમાં યોજાયેલી એક સ્ટોર લોન્ચની ઈવેન્ટમાં સામેલ થયા હતા. આ દરમિયાન મીડિયાએ એમને દિલ્હીમાં થયેલી હિંસા પર પ્રતિક્રિયા માગવામાં આવી, ત્યારે સુનીલ શેટ્ટીએ આ હિંસામાં સામેલ લોકોને આ માટે જવાબદાર ઠેરવ્યા હતા. સુનીલે એવું પણ કહ્યું કે જ્યારે કોઈ પોલીસમેનની હત્યા થાય છે ત્યારે બહુ એમને દુ:ખ થાય છે. એમણે એવું પણ ઉમેર્યું કે નાગરિકા સંશોધન એક્ટ અને તેના ઈમ્પ્લિમેન્ટેશનને સમજવાની જરૂર છે. સુનીલ શેટ્ટીએ કહ્યું, 'આપણી વિચારસરણી જ એવી થઈ ગઈ છે. આપણે સરકારને કે જેને-તેને દોષ દેતા ફરીએ છીએ. પરંતુ આપણે કોઈ અલગ રસ્તે ચાલી નીકળીએ છીએ તો કોઈના કહેવા પર જ જઈએ છીએ ને. ઈન્ડિયાની ખૂબસૂરતી જ એ છે કે બધાં કલ્ચરના લોકો સાથે મળીને રહે છે. મારા પોતાના પરિવારમાં હિંદુ, મુસલમાન, સિખ, ખ્રિસ્તી બધા જ છે. આ રીતે જ હું મારા દેશને પણ જોઉં છું. જો દરેક વ્યક્તિ ગાંઠ વાળી લે કે અમે ઝઘડા નહીં કરીએ, રાજકીય ફાયદો ગમે તેનો હોય, નુકસાન આપણું શા માટે થાય? ત્યારે જ બધું શાંત થઈ શકે તેમ છે.'

"બેડરૂમ સીન કરીને કંટાળી ગઈ છું, હવે બસ : એન્ડ્રિયા જેરેમિયા

ચેન્નાઈ

અભિનેત્રી એન્ડિયા જેરેમિયાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યાને લાંબો સમય થયો છે. તે સાઉથની અનેક ફિલ્મોમાં કામ કરીને નામ કમાવી ચૂકી છે. પણ હવે સતત એક જ પ્રકારના રોલ ઓફર થતા હોવાના કારણે કંટાળી ગઈ છે. એટલું જ નહીં એન્ડ્રિયા ફિલ્મમો બેડરૂમ સીન કરીને એટલી કંટાળી ગઈ છે કે તેમણે



સાફ સાફ કહી દીધું છે કે હવે તે આ પ્રકારના સીન નથી કરવા માંગતી. અને ભલે ઓછા ફી મળે પણ તે અલગ અલગ પ્રકારના રોલ કરવા માંગે છે.


એન્ડ્રિયા સાઉથ ફિલ્મોમાં મોટું નામ ધરાવે છે. તેણે નિર્દેશક ગૌતમ વાસુદેવ મેનનની ફિલ્મ 'પચાઈકિલી મતુચરમ' પોતાના કેરિયરની શરૂઆત કરી હતી. ઈન્ડ્રિયાએ હાલમાં જ વેતીમારનની વાદા ચેન્નાઈ ફિલ્મ કરી હતી. જેમાં તે બેડરૂમ સીન કરતી નજરે પડી હતી. ત્યારે ફિલ્મીબીટને આપેલા એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું કે કોઈને કોઈ રીતે ફિલ્મમાં તે એક જ રીતના બેડરૂમ સીન્સ કરી કરીને કંટાળી ગઈ છે. ઉલ્લેખનીય છે કે એન્ડ્રિયા એક જ જેવા રોલ કરીને કંટાળી ગઈ છે. અને આ વાત તેના ઈન્ટરવ્યૂથી પણ સ્પષ્ટ થાય છે.

વધુમાં તેણે પોતાના ઈન્ટરવ્યૂમાં કહ્યું કે જો મને કોઈ સારો રોલ ઓફર થયો અને તેને આ રોલ પસંદ આવ્યો તો આ માટે તે પોતાની ફી પણ ઓછી કરવા તૈયાર છે. હાલ ઈન્ડ્રિયા પોતાની આવનારી ફિલ્મ માસ્ટર માં વ્યસ્ત છે. આ ફિલ્મમાં ઈન્ડ્રિયા સાઉથના સુપર સ્ટાર તાલાપતિ વિજય અને માલવિકા મોહન સાથે નજરે પડશે.

અક્ષય કુમારની 'સૂર્યવંશી'નું ૪ મિનિટનું ટ્રેલર રિલીઝ

મુંબઈ

રોહિત શેટ્ટીના ડિરેક્શનમાં બની રહેલી અક્ષય કુમાર સ્ટારર કોપ ડ્રામા ફિલ્મ 'સૂર્યવંશી'નું ટ્રેલર ૨ માર્ચ, સોમવારના રોજ રિલીઝ થશે. જોકે ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શનું કહેવું છે કે તેઓ આ ટ્રેલર જોઈ ચૂક્યા છે ને આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુનામી લાવશે. એમણે પોતાના ટ્વિટર હેન્ડલ પર આ માહિતી શેર કરી છે.



તરણ આદર્શે લખ્યું છે કે, 'એક્સક્લુસિવ. સૂર્યવંશીનું ટ્રેલર જોયું. ખરેખર શાનદાર. 'સૂર્યવંશી'એ ફરી એક વાર સાબિત કરી બતાવ્યું કે રોહિત શેટ્ટી મનોરંજનના નિર્વિવાદ બાદશાહ છે. અક્ષય કુમારને એક્શન મોડમાં જોઈને મજા પડી. બોક્સ ઓફિસ પર સુનામી માટે તૈયાર રહો. આ ફિલ્મ બહુ મોટી વિજેતા સાબિત થવાની છે.'

બીજી એક ટ્વીટમાં તરણ આદર્શે માહિતી આપી કે સૂર્યવંશીનું ટ્રેલર ૪ મિનિટ લાંબું હશે. ૨ માર્ચે મુંબઈમાં એક ઈવેન્ટમાં તેને રિલીઝ કરવામાં આવશે. સિંઘમ (અજય દેવગણ), સિમ્બા (રણવીર સિંહ) અને સૂર્યવંશી (અક્ષય કુમાર) ત્રણેય આ ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં હાજર રહેશે.

'ઝુબૈદા'ની સિકવલમાં કપૂર સિસ્ટર્સ સાથે કામ કરશે..!!

મુંબઈ

શક્યતા છે કે કરિશ્મા અને કરીના કપૂર ઝુબેદાની સિક્વલમાં કામ કરતી નજરે ચડશે. ઓરિજિનલ ઝુબેદા ૨૦૦૧માં રિલીઝ થઈ હતી અને એને શ્યામ બેનગલે ડિરેક્ટ કરી હતી. આ ફિલ્મમાં કરિશ્મા કપૂર રેખા અને મનોજ બાજપેયી લીડ ભૂમિકામાં હતા. તો સ્ક્રિપ્ટ ખાલીદ મોહમ્મદે લખી હતી. હવે ખાલિદ ઝુબેદાની સિકવલ બનાવવા માગે છે અને મનાય છે કે ઝુબેદાની સિકવલ રુતબામાં કપૂર સિસ્ટર્સ અભિનય કરશે. સ્વયં ખાલિદે આ બાબતના સ્પષ્ટ સંકેત આપ્યા છે. જોકે ખાલિદે કહ્યું કે આ ફિલ્મ હાલમાં પ્રારંભિક તબક્કામાં છે. ખાલિદે કહ્યું કે ઝુબેદાની સિકવલ રુતબામાં એ કપૂર સિસ્ટર્સ સિવાય કોઈની કલ્પના પણ નથી કરી શકતો.

સ્મૃતિ ઈરાનીએ કરણ જોહરને કહ્યું: 'તમારા હેમ્પરને કારણે મારું વજન વધી ગયું'

મુંબઈ

ભૂતપૂર્વ ટેલિવિઝન અભિનેત્રી અને વર્તમાન રાજકારણી સ્મૃતિ ઈરાની પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર અવારનવાર થ્રોબેક એટલે કે જૂના ફોટોગ્રાફ શેર કરતાં રહે છે. તાજેતરમાં જ એમણે આવો એક ફોટો શેર કર્યો હતો, જેમાં તેમની સાથે અભિનેત્રી સાક્ષી તંવર અને પ્રોડ્યુસર કરણ જોહર દેખાય છે. આ ફોટોગ્રાફ સાથે સ્મૃતિએ ફની અંદાજમાં કેપ્શન લખ્યું હતું જે ખાસ્સું ચર્ચાઈ રહ્યું છે.

કેપ્શનમાં સ્મૃતિએ અત્યારે તમાત તસવીરોમાં પાઉટ કરતા દેખાતા કરણ જોહરને સળી કરતાં લખ્યું કે, 'પાઉટ અલર્ટ, આ એ સમયનો ફોટો છે જ્યારે કરણ જોહર ફોટો પડાવતી વખતે સ્માઈલ કરતા હતા.' એ ઉપરાંત મસ્તીભર્યા અંદાજમાં એવું પણ લખ્યું કે, 'જુઓ, એ વખતે હું કેવી સ્લિમ હતી. મારું વજન વધારવા માટે હું તમારાં હેમ્પર્સને જ પૂરેપૂરાં જવાબદાર માનું છું.'

સ્મૃતિની આ પોસ્ટ પર કરણ જોહરનો પણ રિપ્લાય આવ્યો હતો. કરણે લખ્યું કે, 'હે ભગવાન, આ કદાચ છેલ્લો ફોટો હશે જેમાં હું હસ્યો હોઈશ, અને મેં આ શું પહેર્યું છે?' આ ફોટો કરણ જોહરના શો 'કોફી વિથ કરણ'ના સેટ પર પાડવામાં આવ્યો હતો, જ્યારે સ્મૃતિ ઈરાની 'ક્યોંકિ સાસ ભી કભી બહુ થી'ની 'તુલસી' હતાં અને સાક્ષીને સૌ 'કહાની ઘર ઘર કી'ની 'પાર્વતી' તરીકે ઓળખતાં હતાં. ૨૦૦૫માં આવેલી કોફી વિથ કરણની પહેલી સીઝનના ૧૮મા એપિસોડમાં આ બંને એક્ટ્રેસ આવી હતી.

એક મુસ્લિમ તરીકે ભારતમાં પોતાને ખુબ સુરક્ષિત સમજુ છું : અદનાન સામી

મુંબઈ

હાલમાં એક કાર્યક્રમમાં બોલિવૂડ સિંગર અદનાન સામીએ નાગરિકતા કાનુન પર કહ્યું કે, એક મુસ્લિમ તરીકે ભારતમાં પોતાને ખુબ સુરક્ષિત સમજુ છું. બન્યુ એવું કે, કાર્યક્રમમાં આમિર ખાનના એક જૂના નિવેદનને લઈ સામીને સવાલ કરવામાં આવ્યા હતા. એ વખતે આમિરની પત્નીએ કહ્યું હતું કે, ભારતમાં તે પોતાને સુરક્ષિત મહેસુસ નથી કરતી.

આમિરની પત્ની પોતાના બાળકોને લઈ દેશની બહાર જવા માંગતી હતી. ત્યારબાદ સોશિયલ મીડિયા પર પણ ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને બબાલ ઉભી કરવામાં આવી હતી. બસ આ જ મામલે સામીને સવાલ કરવામાં આવ્યો હતો. તો તેણે ભારતમાં પુરી રીતે સુરક્ષિત હોવાની વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ દિવસોમાં દિલ્હીમાં નાગરિકતા કાનુનનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં તો આકરી હિંસા ભડકી છે અને લોકોના મોત પણ થયા છે.


શોની ટીઆરપી ઘટતા જેનિફર વિંગેટની 'બેહદ-૨' બંધ થઈ જશે

મુંબઈ

ટીવીની અભિનેત્રી જેનિફર વિંગેટનો પોપ્યુલર શો બેહદ-૨ હવે જલ્દી જ ટીવી પરથી ગાયબ થવા જઈ રહ્યો છે. રિપોર્ટ છે કે, આ શો ચેનલ હવે જલ્દી જ ઓફ એયર કરવાનો નિર્ણય કરી રહી છે. સોની ચેનલ પર પ્રસારિત થનારા આ શોમાં જેનિફર વિંગેટ સાથે શિવિન નારંગ અને આશીષ ચોધરી પણ લીડ રોલમાં જોવા મળતા હતા. આ શોનો છેલ્લો એપિસોડ ૧૩ માર્ચે હશે એવું જાણવું મળ્યું છે.

એક વેબસાઈટ પ્રમાણે આ શો ટીઆરપી બાબતે માર ખાઈ ગઈ અને જેનાં લીધે ચેનલે રાતો રાત આ શો હટાવવાનો નિર્ણય કર્યો છે. જો કે, આ શોની ચેનલ એપ પર ઘણી પોપ્યુલારીટી મળી છે. એવામાં ખબર મળી રહી છે કે, બેહદ-૨નું ટેલિકાસ્ટ ડિજીટલ પ્લેટફોર્મ પર થતું રહેશે. બેહદ-૨ હવે ચેનલ હટાવી નાખશે એની ખબર એક્ટર્સને પણ આપી દીધી છે. ફેન્સ માટે આ ખુબ જ દુખના સમાચાર છે. પરંતુ સારી વાત એ છે કે, હજુ પણ આ શો ડિજીટલ પ્લેટફોર્મ પર આવતો રહેશે. ઉલ્લેખનીય છે કે, આ સિઝનનો પહેલો શો સુપરહિટ રહ્યો હતો અને સાથે જ હિટ રહ્યો છે અને જેનિફરનું ખુબ નામ થયું હતું.

રમત જગત વિશેષ



રવિન્દ્ર જાડેજા મેદાન પર હોય છે, ત્યારે તમે તેને અવગણી શકો નહીં. રવિવારે ફરી એકવાર તેણે બતાવ્યું કે તેણે રમતના દરેક પરિમાણોમાં અસર છોડે છે. રવિવારે ન્યૂઝીલેન્ડ સામે કાઇસ્ટચર્ચમાં રમાયેલા ટેસ્ટના બીજા દિવસે તેણે મોહમ્મદ શમીની બોલ પર નીલ વેગનરનો શાનદાર કેચ પકડ્યો હતો. શમીએ ૧૪૦ ની ઝડપે શોર્ટ પિચ બોલ ફેંક્યો. વેગનર બોલ સ્ટ સ્ટમ્પની બહાર પુલ કર્યો. બોલ હવામાં ગયો પણ જાડેજા કૂદી પડ્યો અને એક હાથથી બોલને પકડી પાડ્યો. તે હવામાં ઉંચે કૂદી ગયો અને ડાબો હાથ ફેલાવ્યો. જાડેજાએ રિવર્સ કપમાં જોરદાર કેચ પકડ્યો. શમી, વેગનર અને જાડેજા જાતે આ વાત માનતા નહોતા.

ફિલ્મમેકર સ્ટીવન સ્પીલબર્ગની દિકરીની ઘરેલુ હિંસા કેસમાં ધરપકડ

લોંસ એન્જેલસ

ફિલ્મમેકર સ્ટીવન સ્પીલબર્ગની દીકરી મિકાએલાની ડોમેસ્ટિક વાયોલન્સ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ૨૩ વર્ષીય મિકાએલાએ થોડાં દિવસ પહેલાં જ પોર્નસ્ટાર બનવાની જાહેરાત કરી હતી.

મિકાએલા ફિયાન્સ ચક પેક્કો સાથે રહે છે. ચક અવાર-નવાર સોશિયલ મીડિયામાં બંનેની તસવીરો પોસ્ટ કરતો હોય છે. ચકે પણ આ વાતનો સ્વીકાર કર્યો છે કે આ ઘટના મિસઅન્ડરસ્ટેન્ડિંગમાં બની છે અને કોઈને પણ ઈજા થઈ નથી.

સ્પીલબર્ગ તથા તેની પત્ની કેટે મિકાએલાને દત્તક લીધી હતી. પેરેન્ટ્સને આ વાત કેવી રીતે કહી? જેના જવાબમાં મિકાએલાએ કહ્યું હતું, મેં ફેસટાઈમથી આ વાત તેમને કહી હતી. મારી સુરક્ષા હંમેશાં તેમના માટે પ્રાથમિકતા રહી છે. જોકે, મારી આ કરિયરથી તેઓ નિરાશ થયા નથી. મિકાએલા પહેલાં પણ પોર્નહબ પર સુગરસ્ટાર નામથી વીડિયો પોસ્ટ કરી ચૂકી છે. જોકે, પછી તેણે આ વીડિયો હટાવી લીધો હતો. કારણ કે તે પોતાના સેક્સ વર્કરના લાઈસન્સની રાહ જોતી હતી. આ લાઈસન્સ જો ટેનેસીના સેક્સ્યુઅલી ઓરિએન્ટેડ બિઝનેસ લાઈસેન્સિંગ બોર્ડ દ્વારા આપવામાં આવે છે.

ન્યૂઝીલેન્ડ ૨૩૫માં ઓલઆઉટ,ભારતને સાત રનની લીડ

ભારત બેકફૂટ પર: બીજી ઈનિંગ્સમાં ૯૦ રનમાં છ વિકેટ ગુમાવી

બીજી ઈનિંગમાં ભારતના બેટ્સમેનોનો ફ્લૉપ શો યથાવત્,ટ્રેન્ટ બોલ્ટની ત્રણ વિકેટ,બીજી ઈનિંગમાં ભારતની કુલ લીડ ૯૭ રન

(જી.એન.એસ)ક્રાઇસ્ટર્ચ,તા.૧

ભારતીય બૉલરોએ સારી બૉલિંગ કરીને ન્યૂઝીલેન્ડને ૨૩૫ રનમાં ઑલ આઉટ કરીને સાત રનની લીડ અપાવી હતી. ભારત તરફથી મોહમ્દ શમી ૪, જસપ્રીત બુમરાહે ૩, રવીન્દ્ર જાડેજાએ ૨ અને ઉમેશ યાદવે ૧ વિકેટ લીધી છે. મૅચનો બીજો દિવસ પૂર્ણ થાય ત્યાં સુધીમાં ન્યૂઝીલૅન્ડને ઑલઆઉટ કરી ભારત બીજી ઈનિંગ રમવા આવ્યું હતું.

જોકે, બીજી ઈનિંગમાં ફરીથી ભારતીય બૅટ્સમૅન રન બનાવી શક્યા ન હતા અને ૯૦ રનમાં ભારતે છ વિકેટ ગુમાવી હતી. ભારત તરફથી સૌથી વધારે રન ચેતેશ્વર પુજારા(૨૪)એ બનાવ્યા હતા. વિરાટ કોહલી અને પૃથ્વી શો ૧૪-૧૪ રન બનાવીને આઉટ થયા હતા.

જ્યારે બાકીના તમામ ખેલાડી બેવડી સંખ્યામાં પણ રન બનાવી નહોતા શક્યા. હાલ રિષભ પંત(૧★) અને હનુમા વિહારી(૫★) રમી રહ્યા છે. ન્યૂઝીલૅન્ડના ટ્રૅન્ટ બૉલ્ટે ત્રણ વિકેટ લીધી હતી. જ્યારે સાઉથી, ગ્રાન્ડહોમ અને વૅન્ગરે એક-એક વિકેટ ઝડપી છે. ન્યૂઝીલૅન્ડે બીજા દિવસે ૧૫૩ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ પાછલા ક્રમના ખેલાડીઓએ ટીમનો સ્કોર ૨૩૫ રન પહોંચાડ્યો હતો.

ભારતીય બૉલરો ફરીથી પાછળના ક્રમના બૅટ્સમૅનોને જલદી આઉટ કરી શક્યા ન હતા. પાછળના ક્રમના ખેલાડીઓએ ૮૨ રન ઉમેર્યા. નવમા ક્રમે આવેલા કાયલ જૅમિસને ૪૯ રન બનાવ્યા, જ્યારે દસમા ક્રમના ખેલાડી નીલ વૅગનરે ૨૧ રન બનાવ્યા હતા. રવીન્દ્ર જાડેજાએ શમીની ઑવરમાં નીલ વૅગનરનો અદ્ભુત કૅચ કરતા તે આઉટ થયા હતા. આ પહેલાં રવીન્દ્ર જાડેજા કૉલિન ડી ગ્રૅન્ડહોમ અને કાયલ જૅમિશનની પાર્ટનરશિપને તોડીને મૅચમાં ભારતને પરત લાવ્યા હતા.

દિવસના પ્રથમ સેશનમાં રોસ ટેલરનો અદ્ભુત કૅચ પણ જાડેજાએ કર્યો હતો. ન્યૂઝીલૅન્ડ તરફથી સૌથી વધુ રન ટૉમ લાથમે (૫૨) રન બનાવ્યા હતા.

શનિવારે મૅચના પ્રથમ દિવસે ફરી એક વાર ભારતની બૅટિંગ નબળી રહી હતી અને ટીમ ૨૪૨ રનમાં ઑલ આઉટ થઈ ગઈ હતી. પ્રથમ દિવસની રમતને અંતે ન્યૂઝીલૅન્ડનો પહેલી ઈનિંગમાં સ્કોર વિના વિકેટે ૬૩ રન હતો.

ન્યૂઝીલેન્ડમાં ટેસ્ટ મેચમાં પૃથ્વી શો અડધી સદી ફટકારનાર બીજો યુવા બેટ્સમેન બન્યો



ક્રાઈસ્ટચર્ચ

ટીમ ઈન્ડિયા માટે ન્યૂઝીલેન્ડનો પ્રવાસ બહુ પડકારજનક હતો. ટીમ ઈન્ડિયા લાંબા સમય પછી શિખર ધવન અને રોહિત શર્મા જેવા અનુભવી ખેલાડીઓ વગર આ ટેસ્ટ સિરીઝમાં રમવા માટે ઉતરી હતી. પહેલા ટેસ્ટમાં ટીમ ઈન્ડિયા ૧૦ વિકેટે ભારે હારનો સામનો કર્યો છે. જોકે બીજી ટેસ્ટમાં પૃથ્વી શોએ ટીમ ઈન્ડિયાને મજબુત શરૂઆત આપી છે.

નોંધનીય છે કે ભારતનો યુવા બેટ્સમેન પૃથ્વી શો ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પ્રથમ ટેસ્ટમાં ફ્લોપ રહ્યો હતો. જે બાદમાં સોશિયલ મીડિયા પર સતત તેને બહાર બેસાડીને યુવા ખેલાડી અને બેટ્સમેન શુભમન ગિલને સ્થાન આપવાની વાત કરવામાં આવતી હતી. શોએ બીજી ટેસ્ટની પ્રથમ ઈનિંગ્સમાં જ અડધી સદી ફટકારીને ટીકાકારોનું મોઢું બંધ કરી દીધું છે. પોતાની આ ઈનિંગ્સમાં તેણે ટીમને સારી શરૂઆત અપાવવાનો પ્રયાસ કરવા ઉપરાંત એક રેકોર્ડ પણ કર્યો છે.

ક્રાઇસ્ટચર્ચ ટેસ્ટમાં ભારતની શરૂઆત ખરાબ રહી હતી. ગત મેચમાં અડધી સદી ફટકારનાર મયંક અગ્રવાલ સાત રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. જે બાદમાં પૃથ્વી શોએ પૂજારા સાથે પાર્ટનરશીપ કરી હતી. આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી શોએ ૬૪ બોલમાં ૫૪ રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડમાં ટેસ્ટ મેચમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા બેટ્સમેન સચિન તેંડુલકર છે. તેંડુલકરે વર્ષ ૧૯૯૦માં નેપિયરમાં ૧૬ વર્ષ ૨૯૧ દિવસની ઉંમરમાં અડધી સદી ફટકારી હતી. પૃથ્વી શો હાલ ૨૦ વર્ષ ૧૧૨ દિવસનો છે. આ યાદીમાં ત્રીજા નંબર પર અતુલ વાસનનું નામ છે. જેણે ૧૯૯૦માં ૨૧ વર્ષ ૩૩૬ દિવસની ઉંમરમાં ઓકલેન્ડમાં ૫૦ રન બનાવ્યા હતા.

એશિયા કપ દુબઈમાં રમાશે... ગાંગુલીએ કહ્યું: તમામ ટીમો ભાગ લેશે

અબુ ધાબી

આ વર્ષના સપ્ટેમ્બર મહિનાનાં યોજાનાર એશિયા કપ હવે દુબઈમાં રમાશે. બીસીસીઆઈના પ્રેસિડેન્ટ સૌરવ ગાંગુલીએ આ અંગે જાણકારી આપી હતી. તેમના મતે દુબઈમાં યોજાનારી આ ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન બન્ને ભાગ લેશે. અગાઉ આ ટૂર્નામેન્ટની યજમાની પાકિસ્તાનને આપવામાં આવી હતી, પણ ભારતે આ અંગે વાંધો ઉઠાવ્યા બાદ ટૂર્નામેન્ટ માટેની જગ્યા દુબઈ શિફ્ટ કરવામાં આવી છે. ગાંગુલીએ આ અંગે શુક્રવારે દુબઈ જતા પહેલા માહિતી આપી હતી. તેઓ એશિયા ક્રિકેટ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેશે.

પાકિસ્તાનને ગયા વર્ષે એશિયા કપની યજમાની આપવામાં આવી હતી.



આશરે એક મહિના અગાઉ બીસીસીઆઈએ સ્પષ્ટતા કરી હતી કે બન્ને દેશના સંબંધ તણાવપૂર્ણ હોવાથી ભારતીય ટીમ પાકિસ્તાન નહીં જાય. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના સીઈઓ વસીમ ખાને પણ એવા સંકેત આપ્યા હતા કે એશિયા કપનું આયોજન ન્યુટ્રલ વેન્યુ પર કરી શકાય છે. ત્યારબાદ દુબઈને આ માટેની યજમાની આપવામાં આવી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લે ૨૦૧૨-૧૩માં સિરીઝ રમાઈ હતી. તે સમયે પાકિસ્તાન ટીમ ત્રણ વનડે મેચ રમવા ભારત આવ્યું હતું. ભારતીય ટીમ છેલ્લે વર્ષ ૨૦૦૭-૦૮માં પાકિસ્તાન પ્રવાસ કર્યો હતો. આઈસીસીની ટૂર્નામેન્ટમાં બન્ને ટીમો એકબીજા સામે રમી ચુકી છે. પાકિસ્તાન ક્રિકેટ કંટ્રોલ બોર્ડ પર દબાણ હતું કે તે એશિયા કપની યજમાની માટે ન્યુટ્રલ વેન્યુ પર તૈયારી દર્શાવે.

ટ્રમ્પનું અમેરિકામાં જૂઠ્ઠાણું, મોટેરામાં ૧૫ લાખ લોકો ઉપસ્થિત હતા

મોદી એક મહાન વ્યક્તિ છે, ભારતના લોકો તેમને ખૂબ જ પ્રેમ કરે છેઃ ટ્રમ્પ

સાઉથ કેરોલિના

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે સાઉથ કોરોલિનામાં રેલીને સંબોધોન કર્યું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે તે એક શાનદાર વ્યક્તિ છે, દેશના લોકો તેમને ખૂબ જ પ્રેમ કરે છે. રેલીમાં ટ્રેમ્પે ભારત પ્રવાસ અને તે દરમિયાન થયેલા અનુભવો શેર કર્યા હતા. ૨૪ ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડિયમમાં 'નમસ્તે ટ્રમ્પ' દરમિયાન ટ્રમ્પે ૨.૩૦ મિનિટ મોદીની પ્રશંસા કરી હતી.

ટ્રમ્પે કહ્યું- ગત સમાહે અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં સવા લાખ લોકોને સંબોધિત કર્યા બાદ હવે હું ક્યારે પણ જનસમુહને લઈને એટલો ઉત્સાહિત નહિ થઈ શકું, જેટલો હું ત્યાં હતો. હું તમને જણાવવા માંગુ છું બધુ જ ત્યાં સારું હતું.

તેમણે કહ્યું- સામાન્ય રીતે હું પોતાના સમર્થકોને લઈને વાત કરવાનું પસંદ કરું છું, કારણ કે મને એવો જનસમુહ મળે છે, જે કોઈને મળતો નથી. હાલ હું જ્યાંથી પરત ફર્યો છું ત્યાં ૧,૪૦, ૫૦ કે ૬૦ હજાર લોકો હતા. તમે પોતે વિચારો કે ત્યાં ૧૫ લાખ લોકો હતા. આપણી પાસે ૩૫૦ છે. આપણે પણ સારુ જ કરી રહ્યાં છે.

ટ્રમ્પે કહ્યું- હું અહીં એકત્રિત લોકોને પ્રેમ કરું છું. હું તે જનસમુહને પણ પ્રેમ કરું છું. તમને કહી શકું છું કે તેમની પાસે ખૂબ જ પ્યાર છે. તેમની પાસે મોટા નેતા છે. તેમની પાસે આ દેશના લોકો માટે ખૂબ જ પ્રેમ છે. તે એક યાદગાર પ્રવાસ હતો.

ટ્રમ્પની સાથે ભારત પ્રવાસે તેમની પત્ની મેલેનિયા અને પુત્રી ઈવાંકા પણ આવ્યા હતા. ૩૬ કલાકના ભારત પ્રવાસ દરમિયાન ટ્રમ્પ પરિવારે અમદાવાદ, આગ્રાની સાથે દિલ્હીમાં કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ટ્રમ્પના સન્માનમાં અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ થયો હતો.



બૉલિવૂડના મિસ્ટર પર્ફેક્ટનિસ્ટ તરીકે ઓળખાતા સુપરસ્ટાર આમિર ખાનની અપકમિંગ ફિલ્મ લાલ સિંહ ચઢ્ઢાને લઈને દર્શકો ઘણા ઉત્સાહિત છે. ફિલ્મમાં આમિર ખાનના પાત્રને લઈને અનેક વાતો કરવામાં આવી રહી છે. લાલ સિંહ ચઢ્ઢામાં આમિર અનેક અલગ-અલગ લૂકમાં જોવા મળશે. તેની વધુ એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.



પેરિસમાં પ્રસ્તુત વિમેન્સ ફેશન વીક ફોલ / વિન્ટર ૨૦૨૦/૨૧ દરમિયાન એક મોડેલ એંડ્રયુ જી.એન. ફેશન સંગ્રહ માટેનું સર્જન પહેરે છે.

ઉ.પ્રદેશના ચંદૌલીમાં ગંગામાં બોટ પલટી જતાં દુર્ઘટનાઃ ૩ યુવતી, ૨ મહિલા લાપતા

ચંદૌલી

ઉત્તર પ્રદેશના ચંદૌલી જિલ્લાના મહુજી ગામમાં બોટ પલટી જવાને કારણે મોટી દુર્ઘટના બની છે. બોટ પલટવાને કારણે લગભગ પાંચ લોકો ગુમ થઈ ગયા છે. ગુમ થનારા લોકોમાં ત્રણ યુવતી અને બે મહિલાઓ સામેલ છે. દુર્ઘટના બાદ એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે. જિલ્લા મજિસ્ટ્રેટ એનએસ ચહલે જણાવ્યું છે કે, એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળ પર હાજર છે અને બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રિપોર્ટ્સ મુજબ, ધીના પોલીસ સ્ટેશન વિસ્તારના મહુજી ગામની પાસે આ દુર્ઘટના ઘટી છે. પ્રાપ્ત માહિતી મુજબ, લોકો ગાજીપુરથી બોટમાં સવાર થઈને ચંદૌલી ગામ તરફ જઈ રહ્યા હતા. દુર્ઘટના બાદ રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે ઘટનાને ધ્યાનમાં લઈને એનડીઆરએફ અને એસડીઆરએફને ઘટનાસ્થળ પર રવાના કરવામાં આદેશ આપ્યા છે.

કર્ણાટક ભાજપ સરકારના સ્વાસ્થ્ય મંત્રીની દિકરીના લગ્નમાં ૫૦૦ કરોડનો ખર્ચ કરશે..!!

બેંગ્લુરુ

કર્ણાટકમાં ભાજપના 'સંકટમોચક' કહેવાતા દલિત નેતા અને કર્ણાટક સરકારમાં સ્વાસ્થ્ય મંત્રી બી.શ્રીરામુલુ લગ્નમાં ખર્ચના મામલામાં ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. બી.શ્રીરામુલુના લગ્ન રક્ષિતાના પમી માર્ચના રોજ લગ્ન થશે અને તેના માટે પાણીની જેમ પૈસા વહાવી રહ્યા છે. આ મામલામાં બી.શ્રીરામુલુ પોતાના મિત્ર ખાણ માફિયા પણ જી.જનાર્દન રેડ્ડીને પણ પાછળ છોડી રહ્યા છે. આવો જાણીએ કેવી છે આ ભવ્યાતિભવ્ય લગ્નની તૈયારી

હેલ્થ મિનિસ્ટર શ્રીરામુલુની દીકરી રક્ષિતાના હૈદ્રાબાદના ઉદ્યોગપતિ રવિ કુમાર સાથે પમી માર્ચના રોજ લગ્ન થવા જઈ રહ્યા છે. નવ દિવસ સુધી ચાલનાર આ લગ્નની શરૂઆત ૨૭મી ફેબ્રુઆરીથી થઈ ગઈ છે. કહેવાય છે કે લગ્ન દાયકાના સૌથી મોટા લગ્ન હશે. આની પહેલાં ૨૦૧૬મા જી.જનાર્દન રેડ્ડીની દીકરી બ્રાહ્મણીના લગ્નના નામે આ રેકોર્ડ હતો. આટલા ભવ્યાતિભવ્ય લગ્નનું આયોજન કરનાર જનાર્દન રેડ્ડી હવે પોતાના મિત્ર શ્રીરામુલુના લગ્નના આયોજનમાં મદદ કરી રહ્યા છે.

આ ભવ્ય લગ્નમાં રાજનેતાઓ સિવાય ૫૦૦ પૂજારીઓને આમંત્રિત કર્યા છે. તેમના રોકાણ માટે બેંગલુરૂમાં ખાસ સગવડ કરાઇ છે. જો કે શ્રીરામુલુની સાથે જોડાયેલા કોઈપણ વ્યક્તિ લગ્નમાં થઇ રહેલા અધધ ખર્ચ અંગે કંઈપણ કહેવા તૈયાર નથી, તેમ છતાંય વિશ્વસનીય સૂત્રોના મતે જનાર્દન રેડ્ડીની દીકરી બ્રાહ્મણીના લગ્ન કરતાં વધુ ખર્ચ થશે. ૨૦૧૫ની સાલમાં ગેરકાયદે ખાણ કેસમાં જામીન પર છૂટ્યાના એક વર્ષ બાદ રેડ્ડીએ દીકરીના લગ્ન કરાવ્યા હતા અને તેમાં ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

રક્ષિતાના લગ્ન માટે ૧ લાખ ખાસ કાર્ડ બનાવ્યા છે. આ કાર્ડમાં સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રખાયું છે. આમંત્રણની અંદર કેસર, ઈલાયચી, સિંદુર, હલ્દી પાઉડર અને અક્ષત મૂકયા છે. શ્રીરામુલુએ પીએમ નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, પાર્ટીના બીજા ટોચના નેતાઓ અને કર્ણાટકના નેતાઓને આમંત્રણ આપ્યું છે. આ લગ્ન પેલેસ ગ્રાઉન્ડમાં યોજાવાના છે જે લગભગ ૪૦ એકર જમીનમાં પથરાયેલ છે. તેમાં ૨૭ એકરમાં લગ્નનું આયોજન હશે અને ૧૫ એકર પાર્કિંગ માટે રખાયું છે.

૧૫ ડિસેમ્બરથી સીએએના વિરોધમાં લોકો ધરણાં પર બેઠા છે

દિલ્હીના શાહિનબાગમાં કલમ ૧૪૪ લાગુઃ ભારે સુરક્ષાદળ તૈનાત

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીના શાહીન બાગ વિસ્તારમાં ધારા ૧૪૪ લાગુ કરવામાં આવી છે અને પોલીસ ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે. પોલીસે પ્રદર્શનકારીઓને ત્યાંથી હટવાની અપીલ કરી છે. શાહીન બાગમાં ૧૫ ડિસેમ્બરથી નાગરિકતા કાયદાના વિરોધમાં લોકો ધરના પર બેઠા છે. જેના કારણે દિલ્હી -નોઈડાને જોડતો કાલિંદી કુંજ રોડ બંધ છે.

પ્રદર્શનકારીઓ નાગરિકતા સંશોધન કાયદાને પરત લેવા તથા તેમાં મુસલમાનોને સામેલ કરવાની માંગ કરી રહ્યાં છે. આ પ્રદર્શનના કારણે ત્રણ રાજ્ય દિલ્હી, હરિયાણા અને ઉત્તરપ્રદેશ સીધે સીધા પ્રભાવિત છે.

શાહીન બાગ મામલે સુપ્રીમ કોર્ટે ૨૩ માર્ચે આગામી સુનાવણી કરશે. કોર્ટે કહ્યું કે આ મામલાના ઉકેલવા વાર્તાકારોને સફળતા મળી નથી. આ સાથે કોર્ટે કહ્યું કે વાર્તાકારોની ભૂમિકા ચાલુ રહેશે. સૉલિસીટર જનરલે શાહીન બાગમાં કાર્યવાહી માટે આદેશ માંગ્યો હતો. તેના પર જજે કહ્યું હતું કે અમે કોઈ આદેશ પણ નથી આપી રહ્યાં પરંતુ કોઈ પ્રતિબંધ પણ લગાવી રહ્યાં નથી.

શાહીન બાગમાં પ્રદર્શનના કારણે દિલ્હી અને નોઈડાનો રસ્તો બે મહિનાથી બંધ છે. આ રોડ પર આવેલી ૨૦૦ જેટલી દુકાનો બંધ છે. સાથે એકબાજુનો રસ્તો બંધ હોવાથી અન્ય રસ્તા પર ભારે ટ્રાફિક જામ સર્જાય છે.

રશ્મિ ઠાકરે શિવસેનાના મુખપત્ર 'સામના' ના નવા સંપાદક બન્યા

મુંબઈ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના પત્ની રશ્મિ ઉદ્ધવ ઠાકરેને શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદક બનાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ આ જવાબદારી સીએમ ઉદ્ધવ ઠાકરેની હતી. ઉદ્ધવ ઠાકરે મુખ્ય પ્રધાન બન્યા પછી તેમને મુખ્ય સંપાદક-પદ સંભાળવામાં મુશ્કેલી ઉભી થઈ હતી.

સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરે સામનાના પ્રથમ સંપાદક હતા. તેમના નિધન બાદ ઉદ્ધવ ઠાકરેએ આ જવાબદારી સંભાળી. પરંતુ મુખ્યમંત્રી બન્યા બાદ વધતી જવાબદારીઓના કારણે તેમને આ પદ છોડવું પડ્યું.

આપને જણાવી દઈએ કે ઉદ્ધવ ઠાકરે મુખ્ય પ્રધાન બન્યા ત્યારથી રશ્મિ ઠાકરે રાજકારણમાં વધુ સક્રિય બન્યા છે. તેમણે શિવસેનામાં મહિલા સંગઠનનું પણ નેતૃત્વ કર્યું છે. રાજ્યસભાના સાંસદ સંજય રાઉત સમાના કાર્યકારી સંપાદક બનશે.

દિલ્હી હિંસાઃ બાંગ્લા ફિલ્મોની અભિનેત્રી સુભદ્ર મુખર્જીએ ભાજપ છોડ્યું

ન્યુ દિલ્હી

દિલ્હીમાં ફાટી નીકળેલી હિંસાથી નારાજ બાંગ્લા ફિલ્મોની લોકપ્રિય અભિનેત્રી સુભદ્ર મુખર્જીએ ભાજપ છોડવાની જાહેરાત કરી દીધી છે. સુભદ્રા મુખર્જીએ ૨૦૧૩ની સાલમાં ભાજપ જોઈન કર્યું હતું સુભદ્રા એ પોતાનું રાજીનામું બંગાલ ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષને મોકલી આપ્યું છે. જો કે પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે આશા છે કે તેઓ એક વખત પોતાના નિર્ણય પર ફરીથી વિચાર કરળે. તો મીડિયા સાથે વાત કરતાં સુભદ્રા મુખર્જીએ કહ્યું કે મેં ખૂબ જ આશાઓ સાથે પાર્ટી જોઈન કરી હતી. પરંતુ તાજેતરમાં દિલ્હીમાં થયેલી હિંસા અને ઘૃણા જોઇ હું ખૂબ જ અપસેટ છું. ધર્મના નામ પર ભાઇઓ એકબીજાના કેમ ગળા કાપી રહ્યા છે? હું ૪૦ લોકોના મોત બાદ ખૂબ જ વ્યાકુળ હતી.

સુભદ્રાએ કહ્યું કે આ રીતના રાજકારણથી પોતાને જોડાવું ગમતું નથી. જ્યાં લોકોને પોતાના ધર્મના આધાર પર ઓળખ આવે નહીં કે માનવતાના આધાર પર. તો સુભદ્રાના આ નિવેદન પર ભાજપના વરિષ્ઠ નેતા શામિક ભટ્ટાચાર્ય એ કહ્યું કે પાર્ટીએ કયારેય વિચારધારાની સાથે સમજૂતી કરી નથી. ભટ્ટાચાર્ય એ કહ્યું કે અમે શરણાર્થી અને ઘૂસણખોરોના અંતરની વાત કરી છે. તેમણે કહ્યું કે અમે પણ સમેકિત ભારતમાં વિશ્વાસ કરીએ છીએ અને દિલ્હીમાં થયેલી હિંસામાં ભાજપનો કોઇ હાથ નથી. ભટ્ટાચાર્ય એ કહ્યું કે તેમણે મુખર્જીના નિર્ણય અંગે પહેલેથી જ માહિતી હતી. આશા છે કે તેઓ તેના પર ફરીથી વિચાર કરશે.

સીએએ-એનઆરસીથી કોઈની પણ નાગરિકતા જવાની નથીઃ અજીત પવાર

મુંબઈ

મહારાષ્ટ્રમાં શિવસેના-કોંગ્રેસ-એનસીપીમાં ભયંકર ડખા ચાલી રહ્યાં છે ત્યારે ફરી એકવાર કાકા-ભત્રીજા સામસમાને થતા નજરે પડે છે. એનસીપી નેતા અને રાજ્યના ડેપ્યુટી સીએમ અજીત પવારે કાકા શરદ પવાર તેમજ પાર્ટી લાઈન વિરૂદ્ધ હટીને નાગરિકતા સંશોધન કાયદો અને એનઆરસીનું ખુલ્લુ સમર્થન કર્યું છે.

એનસીપીના નેતા અજીત પવારે પાર્ટી લાઈન વિરૂદ્ધ હટીને કહ્યું હતું કે,સીએએ અને એનઆરસીથી કોઈની પણ નાગરિકતા જવાની નથી. પવારે પોતાની પાર્ટી અને નેતાઓ પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, કેટલાક લોકો જ સીએએ-એનઆરસીને લઈને કેટલાક લોકો ભ્રમ ફેલાવી રહ્યાં છે.

અજીત પવારે કહ્યું હતું કે, સીએએ અને એનઆરસીને લઈને કોઈની પણ નાગરિકતા છિનવાવવાની નથી. તેથી મહારાષ્ટ્રમાં બિહારની માફક તેના વિરૂદ્ધ કાયદો પસાર કરવાની જરૂર નથી. અજીત પવારે એક બેઠકમાં આમ કહ્યું હતું. અજીત પવારની પાર્ટી એનસીપીના અધ્યક્ષ શરદ પવાર તેમજ એનસીપીના અનેક નેતાઓ ઘણીવાર સીએએ અને એનઆરસીનો વિરોધ કરી ચુક્યાં છે. તેઓ આ મામલે વિધાનસભામાં બિલ પસાર કરવાનું પણ કહી ચુક્યા છે. પરંતુ અજીત પવારે પાર્ટી અધ્યક્ષ અને પાર્ટી લાઈન વિરૂદ્ધ જઈ સીએએ અને એનઆરસીનું ખુલ્લુ સમર્થન કર્યું છે. અજીત પવારનું આ નિવેદન મોદી સરકારનું સમર્થન કરતુ છે.

પાળેલા કૂતરાને બચાવવા ભારતીય સેનાના મેજરે જીવ આપી દીધો..!!

શ્રીનગર

માણસ અને કુતરા વચ્ચેની દોસ્તી હજારો વર્ષથી છે અને તેના એક-એક થી ચઢિયાતા ઉદાહરણો પણ મોજુદ છે. જોકે કાશ્મીરમાં ભારતીય સેનાના એક મેજરે પોતાના બે પાળેલા ડોગને બચાવવા માટે પોતાનો જીવ આપી દીધો હોવાના કિસ્સાની ચારે તરફ ચર્ચા છે. કાશ્મીર ઘાટીમાં બારામુલા જિલ્લામાં રહેતા અને આર્મીની સિગ્નલ કોરમાં ફરજ બજાવતા મેજર અંકિત બુધ્ધરાજના ઘરમાં શનિવારે રાતે આગ લાગી હતી.ભારે બહાદુરી બતાવીને મેજરે પોતાની પત્ની અને બે પાળેલા કુતરાને ઘરની બહાર સહી સલામત કાઢી લીધા હતા. બીજા કુતરાને બચાવવાના પ્રયાસમાં તેઓ ૯૦ ટકા દાઝી ગયા હતા અને તેમનું સ્થળ પર જ મોત થયુ હતુ.

કોરોના વાયરસ ઈફેક્ટ, ચીનમાં પ્રદુષણમાં ઘટાડો

બેઇજિંગ

કોરાના વાયરસનો કહેર ચીનમાં યથાવત છે. રોજે રોજ આ વાયરસની ચપેટમાં સેંકડો લોકો આવી રહ્યા છે. કોરોના વાયરસના કારણે ચીનમાં પ્રદુષણમાં ઘટાડો પણ થયો છે. અમેરિકાની સેટેલાઈટ એજન્સી નાસાએ લીધેલી ચીનની સેટેલાઈટ તસવીરોમાં આ બાબત સામે આવી છે.

નાસાએ રિલિઝ કરેલી ઈમેજમાં ચીનના પ્રમુખ શહેરોની ઉપર નાઈટ્રોજન ડાયોક્સાઈડ ગેસના ઘટી રહેલા પ્રમાણને દર્શાવ્યુ છે. આ માટે નાસાએ ૨૦૧૯ અને ૨૦૨૦ના પહેલા બે મહિનાની સરખામણી કરી છે.

નાસાના વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે, કોરોનાના કારણે રસ્તા પર વાહનો ઓછા થયા છે તેમજ વુહાન અને શાંઘાઈ જેવા શહેરોમાં ઔદ્યોગિક ઉત્પાદન અને આર્થિક ગતિવિધિઓ ઓછી થવાથી પ્રદુષણમાં પણ ઘટાડો થયો છે.

વડાપ્રધાન મોદી ૧૬-૧૮ માર્ચે બાંગ્લાદેશના પ્રવાસે જાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૬-૧૮ માર્ચના રોજ બાંગ્લાદેશનો પ્રવાસ કરી શકે છે. આ પ્રવાસ પર પ્રધાનમંત્રી બાંગ્લાદેશના પીએમ શેખ હસીના સાથે મહત્વપૂર્ણ વાતચીત કરી શકે છે.

સૂત્રોના હવાલાથી જાણકારી આપી છે કે પ્રધાનમંત્રી મોદી આ પ્રવાસમાં પ્રધાનમંત્રી શેખ હસીના સાથે આધિકારિક વાતચીતમાં ઘણા મામલા પર દ્વિપક્ષીય વાર્તા થઈ શકે છે. પીએમ મોદી પોતાની ત્રણ દિવસીય બાંગ્લાદેશની યાત્રા માટે ૧૬ માર્ચે બાંગ્લાદેશ પહોંચશે. ૧૭ માર્ચે પીએમ મોદી શેખ મુજીબુર રહમાનની જન્મતિથિ પર આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે.રિપોર્ટ પ્રમાણે માર્ચના પ્રથમ સમાહમાં વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રંગલા બાંગ્લાદેશનો પ્રવાસ કરશે અને પ્રધાનમંત્રીના પ્રવાસ સાથે જોડાયેલી તૈયારીઓનું નિરીક્ષણ કરશે. ઢાકામાં ભારતીય હાઇ કમિશનના સેકન્ડ સેક્રેટરી પ્રેસ દેબબ્રત પોલે જાણકારી આપી છે કે એ નક્કી છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૭ માર્ચના આયોજનમાં ભાગ લેશે પણ આ પ્રવાસનો પુરો કાર્યક્રમ નક્કી કરવાનો બાકી છે.

ગત વર્ષે ૫ ઓક્ટોબરે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ ભારતનો પ્રવાસ કર્યો હતો અને પ્રધાનમંત્રી મોદીને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.

દિલ્હી હિંસા પાછળ કાવતરૂ, તપાસ થશેઃ કેન્દ્રના ગૃહ રાજ્ય મંત્રી

ન્યુ દિલ્હી,તા.૧

દિલ્હીમાં થયેલા તોફાનો પાછળ કોઈ ષડયંત્ર હોવાની શંકા કેન્દ્ર સરકારને છે અને આ એંગલની પણ તપાસ કરવામાં આવશે તેમ કેન્દ્ર સરકારના ગૃહ રાજ્ય મંત્રી જી કિશન રેડ્ડીએ કહ્યુ છે. રેડ્ડીએ કહ્યુ હતુ કે, તોફાનો માટે રાજકીય પાર્ટીઓ, સોશ્યલ મીડિયા અને મીડિયા પણ જવાબદાર છે.સીએએના કારણે કોઈ ભારતીય નાગરિકની નાગરિકતા જવાની નથી. રેડ્ડીએ હૈદ્રાબાદના કાર્યક્રમમાં કહ્યુ હતુ કે, આ હિંસા પાછળ કોઈ ષડયંત્ર હોય તેવી પણ શંકા છે. આ બાબતની તપાસ થશે. ગયા સમાહે દિલ્હીએ બહુ સહન કર્યુ છે. કમનસીબે સંખ્યાબંધ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. આર્થિક નુકસાન થયુ છે. રેડ્ડીએ ફરી કહ્યુ હતુ કે, સીએએના કારણે કોઈ ભારતીય નાગરિકની નાગરિકતા જવાની નથી. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની લઘુમતીને નાગરિકતા આપવા માટે સીએએ છે.



ભોપાલના ભારત ભવન ખાતે એક કાર્યક્રમ દરમિયાન ઓડિસી ગુરુ રતિકાંત મહાપત્રના શિષ્યો તેમનો પરંપરાગત નૃત્ય કરે છે.

તું નહીં તો તારો ફોટો નહીં ચાલે અને ફોટોકોપી તો બિલકુલ જ નહીં ચાલે



હવે આ વાત તમારે બરાબર ગાંઠે બાંધી લેવા જેવી છે કે...

ઊગતો સૂરજ હોય કે ઢળતો સૂરજ, દરિયાનાં મોજાં હોય કે પહાડ પર છવાયેલું ધુમ્મસ, તમારા મનગમતા કલાકારની મ્યુઝિકલ કૉન્સર્ટ હોય કે કોઈ નજીકની વ્યક્તિનાં લગ્ન - બધેબધું આપણે ક્લિક કરી લેવું છે. દરેક હાથમાં રહેલા મોબાઇલ અને મોબાઇલમાં રહેલા કૅમેરાની સૌથી મોટી દેન એ છે કે એમાં તમે મનફાવે અને મનમાને એટલા ફોટો પાડી શકો છો. એક સર્વે મુજબ દરેક બાબતના ફોટો પાડવાની ટેવથી તમારા ફોન કે કમ્પ્યુટરની મેમરી તો ભરાય છે, પણ તમારા મગજની મેમરી નબળી પડે છે. એક્સપર્ટના મતે આજકાલ લોકોમાં ફોટો પાડવાનું વળગણ એક બીમારીરૂપી આદતમાં પરિણમ્યું છે. બને એટલા વધુ ફોટો પાડવાની લાયમાં લોકો શું મિસ કરી રહ્યા છે એની જાણવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી વિગતો વાંચો આગળ

રોલવાળા કૅમેરા તમારામાંના ઘણા લોકોએ વાપર્યા હશે. બહાર જવાનું હોય ત્યારે કૅમેરામાં રોલ નાખો અને રોલની તથા કૅમેરાની કૅપેસિટી પ્રમાણે ગણતરીના ફોટો પાડી શકાતા. એમાં પણ જો ક્યારેક રોલ ખૂલી ગયો કે સહેજ સનલાઇટ એના પર પડી ગઈ તો ફોટોની ક્વૉલિટી બગડી પણ જતી. ખૂબ જ સાચવણી સાથે ગણી-ગણીને ફોટો પડાતા અને જીવનની ખાસ ઘડીઓને જીવનભર સાચવી લેવાનો પ્રયાસ થતો. પ્રત્યેક ફોટો એ ઘડી જેટલો જ મૂલ્યવાન હતો. ટેક્નૉલૉજીની કમાલ થઈ અને દરેક હાથમાં મોબાઇલની સાથે કૅમેરા આવી ગયો. કૅમેરા કરતાં પણ વધુ સારી ક્વૉલિટીના અને જોઈએ એટલા ફોટો આપણે આપણા હાથમાં રહેલા નાનકડા મોબાઇલમાં જ પાડી શકીએ છીએ. એમાં પણ હવે રોલની કૅપેસિટી પ્રમાણે ગણતરીપૂર્વકના ફોટોની કોઈ મર્યાદાની ચિંતા નથી. મેમરી કાર્ડની કૅપેસિટી એટલી વધી છે કે તમારા હાથ થાકશે પણ એ જગ્યા નહીં ભરાય. જ્યારે અપરંપાર મળે ત્યારે બે જ બાબત બનતી હોય છે : કાં તો તે વ્યક્તિ વિવેકબુદ્ધિ ભૂલીને આડેધડ એનો ઉપયોગ કરવા માંડે અથવા તો એની વૅલ્યુ આપણા માટે ઘટી જાય. આજના સમયમાં કૅમેરાના ઉપયોગમાં વિવેકબુદ્ધિનો અભાવ સંપૂર્ણપણે વર્તાઈ રહ્યો છે. અમેરિકાની ફેરફેલ્ડ યુનિવર્સિટીના સંશોધક લિન્ડા હેન્કેલે કરેલા એક સર્વેક્ષણ મુજબ લોકો જ્યારે ફોટો પાડવાની હિલચાલમાં વધુ ઇન્વૉલ્વ હોય છે ત્યારે તેમની એ જગ્યાની યાદશક્તિ ખૂબ જ નબળી થઈ જતી હોય છે. એટલે કે યાદગીરીરૂપ જેનો ફોટો લેવામાં આવતો હોય તેની મેમરી માત્ર ફોટો પૂરતી મર્યાદિત થઈ જતી હોય છે અને તમારા મગજમાં એ મેમરી સચવાતી નથી. લગભગ ૩૦ વિદ્યાર્થીઓ પર રેન્ડમલી કરવામાં આવેલા પ્રયોગને ભૂલીને આપણે આપણા પોતાના જીવનનું નિરીક્ષણ કરીશું તો પણ સમજાશે કે ઘણીબધી વાર આપણે ફોટો પાડીને યાદ રાખવાનું કામ જાણે કૅમેરાને આપીને નિષ્ફિકર થઈ જતા હોઈએ છીએ. આ જ સંદર્ભમાં આપણે ત્યાંના નિષ્ણાતો સાથે વાતચીત કરીએ.

શું કામ થાય?

આજે ફોટોગ્રાફ હોય તો જ લોકો તમે ક્યાંક ગયા હતા અથવા તો તમે કંઈક ખાસ કર્યું હતું એ વાત પર ભરોસો મૂકે છે. ક્લિનિકલ સાઇકોલૉજિસ્ટ ડૉ. સુષમા મેહરોત્રા કહે છે, ‘ફોટો પાડવાનું સરળ બન્યું છે, પણ લોકો માત્ર પોતાના માટે ફોટો નથી પાડતા. પાડેલા એ ફોટો તેમને સોશ્યલ મીડિયા પર અપલોડ કરવા હોય છે. એક પ્રકારનું અટેન્શન-સીકિંગ બિહેવિયર છે આ. પોતે શું કરી રહ્યા છે, ક્યાં જઈ રહ્યા છે અથવા તો પોતે પોતાના જીવનમાં કેટલાક ખુશ છે એ સોશ્યલ મીડિયા પર મૂકીને લોકો વાહ-વાહ અથવા લાઇક્સ મેળવવાની કોશિશ કરે છે. લોકોનું અપ્રૂવલ તેમના માટે એટલું જરૂરી છે કે તેઓ વાસ્તવિક મોમેન્ટને એન્જૉય નથી કરી શકતા. એવા અઢળક લોકો મેં જોયા છે જેઓ સનસેટ જોવા ગયા છે, પણ સનસેટ તો તેમણે જોયો જ નહીં અને એનો ફોટો પાડવાના ચક્કરમાં કૅમેરા સેટ કરવામાં સમય વિતાવી દીધો હોય.’

સેલ્ફ-માર્કેટિંગ

આજકાલના લોકો પોતાને એક પ્રોડક્ટની જેમ જોતા થયા છે. જેમ એક બિઝનેસમૅન પોતાની પ્રોડક્ટને વેચવા માટે એને અટ્રૅક્ટિવ ફૉર્મેટમાં રજૂ કરે છે એમ જ આજના લોકો પોતાનું જીવન કેટલું ઇન્ટરેસ્ટિંગ અને કલરફુલ છે એનું માર્કેટિંગ કરતા થયા છે. કાઉન્સેલર ડૉ. શ્રીધર મોદક કહે છે, ‘આજને ભૂલીને ભવિષ્યનો વિચાર કરવાથી આજ પણ બગડે છે અને ભવિષ્યની તો ખબર જ નથી. આ સામાન્ય ફિલોસૉફી ફોટો-ઍડિક્ટને લાગુ પડે છે. એવા અઢળક પરિવારો મેં જોયા છે જેઓ ફરવા માટે બહાર નીકળ્યા હોય અને આખું ગ્રુપ સાથે બેસીને ગપ્પાં મારવાને બદલે અડધો-અડધો કલાક સેલ્ફી લેવામાં મગ્ન હોય છે. આજુબાજુની એકેય હરિયાળી કે સુંદરતા સાથે જાણે તેમને કોઈ લેવાદેવા જ ન હોય એ રીતે તેઓ બેધડક બિહેવ કરતા હોય છે. આ અપ્રોચ સાઇકોલૉજીની ભાષામાં કહીએ તો લોકોના લો સેલ્ફ-એસ્ટીમને છતો કરે છે. બેશક, નૉર્મલી શૅર કરો ત્યારે નહીં પણ એક્સ્ટ્રીમ લેવલ પર શૅરિંગ થાય ત્યારે આ કારણ પણ હોઈ શકે છે. સોશ્યલ મીડિયામાં શૅરિંગ ઓછું અને માર્કેટિંગ વધુ થાય છે. પોતાનું સ્ટેટસ, પોતાની ઍક્ટિવિટી, પોતાની સક્સેસ એમ બધી જ બાબતોનું માર્કેટિંગ કરીને લોકો પોતાને પાવરફુલ અને ખુશ દેખાડવાના પ્રયત્નો કરે છે. આમાં અંદરખાને ક્યાંક ને ક્યાંક પોતાની હૅપીનેસ લોકોની લાઇક્સ અને કમેન્ટમાં શોધવાના પ્રયત્નો કરે છે. નૉર્મલ પ્રોડક્ટ માર્કેટિંગ કરીને લોકો બિઝનેસ વધારે છે, જ્યારે અહીં હૅપીનેસ વધારવાના પ્રયત્નો થાય છે.’

એક જાતની બીમારી?

સાઇકિયાટ્રિસ્ટ ડૉ. મિલિંદ બારહાતેની દૃષ્ટિએ ફોટો પાડવાની આદત હવે બીમારીનું રૂપ ધારણ કરી રહી છે અને પરિવારોમાં કંકાસનું કારણ પણ બની રહી છે. તેઓ કહે છે, ‘તાજેતરમાં મારી પાસે એક કેસ આવેલો જેમાં કપલ વચ્ચે ઝઘડાનું કારણ બન્યા ફોટોગ્રાફ્સ. પતિ-પત્ની ફરવા જાય તો પત્ની આખો દિવસ ફોટો પાડવા માટેના આગ્રહ કરતી રહેતી હતી. પતિને ફોટોનો ખાસ શોખ નહોતો. એમાં બન્ને વચ્ચે ઝઘડો થયો અને ઝઘડામાં બીજી પણ આડીઅવળી વાતો બહાર આવી. ઝઘડો મોટો થયો અને લાંબો પણ થયો અને છેલ્લે અમારી પાસે આવવાની ફરજ પડી. જ્યારે એકની એક બાબત વારંવાર કર્યા કરો અને જાતે એના પર કન્ટ્રોલ કરી શકાય એવું ન લાગે એ એક્સ્ટ્રીમ પરિસ્થિતિ ઑબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઑર્ડર તરીકે ઓળખાતી હોય છે.

કૅન્સર એક એવી બીમારી છે, જે વારસાગત આવી શકે છે. ઘણાં જુદાં-જુદાં કારણો છે કૅન્સર થવા પાછળ. પરંતુ તમારા કુટુંબમાં કૅન્સર છે તો એ તમને પણ થઈ શકે છે, કારણ કે આ એક જિનેટિક બીમારી પણ છે. હાલમાં રાયગઢ જિલ્લાના પેણમાં રહેતા એક કુટુંબમાં પિતાને આંતરડાનું કૅન્સર હતું અને તેમનું પચાસ વર્ષે ઑપરેશન કરવામાં આવ્યું અને તેમને બચાવવામાં આવ્યા એના દોઢ વર્ષ પછી તેમના જ દીકરાને ૧૯ વર્ષે આંતરડાનું કૅન્સર આવ્યું હતું. તેનું હાલમાં એક મહિના પહેલાં જ ઑપરેશન કરીને તેને બચાવવામાં આવ્યો. ૧૯ વર્ષ જેટલી નાની ઉંમરે એક છોકરાને કૅન્સર આવી શકે એ કલ્પના જ અઘરી છે. ડૉક્ટરો પણ આ ઉંમરના દરદી આવે તો તેનાં ચિહ્નો જોઈને બીજા પ્રૉબ્લેમ્સની સંભાવના ચકાસતા હોય છે અને જાતજાતની ટેસ્ટ કરવામાં સમય વેડફાય ત્યાં સુધીમાં કૅન્સર ઘણું વધી જાય છે. પરંતુ આ છોકરામાં કદાચ નિદાન જલદી એટલે શક્ય બન્યું, કારણ કે તેના પિતાને પણ આ કૅન્સર હતું. નવાઈની વાત એ છે કે તેના પિતાને આંતરડાના જે ભાગમાં કૅન્સર હતું એ જ ચોક્કસ ભાગમાં આ છોકરાને પણ હતું. જીન્સ કેટલી હદે અને કઈ રીતે કામ કરતા હોય છે એ આ ઉદાહરણ પરથી સમજી શકાય.

નિદાન મુશ્કેલ

આંતરડાના કૅન્સરને કોલન કે કોલોરેક્ટલ કૅન્સર કહે છે. વ્યવસ્થિત સમજીએ તો કોલોરેક્ટલ કૅન્સર એ કૅન્સરની એવી ગાંઠ છે જે મોટા આંતરડાની દીવાલની અંદર ઉદ્ભવે છે. અમેરિકામાં આ કૅન્સરને પુરુષોમાં થતું ત્રીજા નંબરનું અને સ્ત્રીઓમાં થતું ચોથા નંબરનું કૅન્સર ગણવામાં આવે છે. આંતરડાનું કૅન્સર પેટમાં ઉદ્ભવતાં અલગ-અલગ અંગોમાંનાં કૅન્સરમાંથી એક છે, જેનું જલદી નિદાન કરવું મુશ્કેલ છે; કારણ કે એનાં ચિહ્નો પહેલા સ્ટેજમાં બહાર દેખાતાં નથી. જોકે અમુક સામાન્ય ચિહ્નોને જો સમયસર ઓળખી કાઢીએ તો બચવું શક્ય છે. બીજાં કૅન્સરની જેમ જ આ કૅન્સરને પણ જો જલદી શરૂઆતી સ્ટેજમાં ઓળખી લેવાય તો દરદીને ચોક્કસ બચાવી શકાય છે.

એટલે જો પરિવારમાં બે વ્યક્તિઓને આ કૅન્સર હોય તો એ વ્યક્તિઓનાં ભાઈ-બહેન અને પુત્ર-પુત્રી કે પૌત્ર-પૌત્રીએ પણ આ બકલ મ્યુકોસા નામની જિનેટિક ટેસ્ટ કરાવવી જોઈએ જેનાથી ખબર પડી શકે છે કે તેમને આ કૅન્સર થવાની કેટલી શક્યતા છે. જો રિસ્ક હોય તો પ્રિવેન્ટિવ સર્જરી કરાવીને આ કૅન્સરથી બચી શકાય છે



તમારા પરિવારમાં બે વ્યક્તિઓને આંતરડાનું કૅન્સર હોય તો આ જિનેટિક ટેસ્ટ ચોક્કસ કરાવો

ખાસ ચિહ્નો

એ માટે અમુક ચિહ્નો પણ ઓળખવાં જરૂરી છે. એ વિશે જણાવતાં ઝેન હૉસ્પિટલ, ચેમ્બુરના ફાઉન્ડર ડિરેક્ટર, ગૅસ્ટ્રોએન્ટરોલૉજિસ્ટ અને લેપ્રોસ્કોપિક સર્જ્યન ડૉ. રૉય પાટણકર કહે છે, ‘ખાસ કરીને આ રોગ વંશાનુગત હોઈ શકે છે એ યાદ રાખવું. જો વ્યક્તિનું અચાનક જ વજન ઊતરી જાય તો પણ તાત્કાલિક ડૉક્ટરને મળીને જરૂરી ટેસ્ટ કરાવવી જોઈએ. આ કૅન્સરને કારણે લોકોનું વજન ઊતરી જાય છે. આ સિવાય જેને કોઈ પણ દવા લીધા વગર જ ડાયેરિયા અને કબજિયાત બન્ને વારાફરતી રહેતાં હોય તેમણે પણ ડૉક્ટરને મળીને ટેસ્ટ કરાવી લેવી. કોઈ વ્યક્તિ રેચક પદાર્થ લેતી હોય તો તેને આ તકલીફ થાય એ જુદું, પરંતુ કોઈ પણ રેચક પદાર્થ લીધા વગર જ એક અઠવાડિયું ડાયેરિયા હોય અને બીજા અઠવાડિયે કબજિયાત હોય તો આ કૅન્સર હોવાની શક્યતા છે. આ સિવાય મળમાં લોહી પડવું કે કાળા રંગનો મળ થઈ જવો, થાક, નબળાઈ, ટૂંકા શ્વાસ, પાચન પ્રક્રિયા નબળી પડવી, પેટમાં દુખાવો વગેરે ચિહ્નો પણ મહત્વનાં છે. આ ચિહ્નો બીજા રોગોનાં પણ હોઈ શકે છે, પરંતુ એવી ગફલતમાં ન રહેવું અને નિષ્ણાત ડૉક્ટરને મળીને તપાસ ચોક્કસ કરાવી લેવી.’

ઇલાજ

આ રોગમાં જોકે ચિહ્નો જલદી બહાર આવતાં નથી. એટલે સ્ક્રીનિંગ પ્રોગ્રામ ખૂબ જ મહત્વના છે. આ કૅન્સરનું નિદાન કોલનોસ્કોપી સાથે ગાંઠની બાયોપ્સી કરીને કરવામાં આવે છે. એ કર્યા પછી ખબર પડે છે કે વ્યક્તિને કોલન કૅન્સર છે કે નહીં. એ પછીના ઇલાજ વિશે સમજાવતાં ડૉ. રૉય પાટણકર કહે છે, ‘આ કૅન્સરનો ઇલાજ ગાંઠ કઈ જગ્યાએ ઉદ્ભવી છે, એની સાઇઝ શું છે અને એ કેટલી હદે ફેલાયેલું છે એના પર રહેલો છે. આ કૅન્સરના મુખ્ય ઇલાજરૂપે સર્જરી કરવામાં આવે છે. એના પછી જરૂરી કીમોથેરાપી આપવામાં આવે છે. આ કૅન્સર લીવર કે ફેફસાં સુધી પણ ફેલાઈ શકે છે. આ સંજોગોમાં મોટા ભાગે દરદીનું મૃત્યુ નિશ્ચિત હોય છે, પરંતુ આ અવસ્થામાં પણ એક જિનેટિક ટેસ્ટ થાય છે. એ મુજબ દરદીના શરીરમાં બાયોલૉજિકલ એજન્ટ્સ હોય તો મૉનોક્લોનલ ઍન્ટિબૉડીઝ દવારૂપે આપવાથી વ્યક્તિ ૪-૫ વર્ષનું જીવન વધુ જીવી શકે છે. આ ઍડ્વાન્સ્ડ ઇલાજ છે, જે ત્રીજા કે ચોથા સ્ટેજમાં પણ દરદીને જિવાડવામાં મદદ કરે છે.’

પ્રિવેન્શન

આ કૅન્સર જિનેટિક હોઈ શકે છે એ તો વિજ્ઞાન જાણતું જ હતું. પરંતુ હવે આપણી પાસે એક જિનેટિક ટેસ્ટ છે, જેના દ્વારા આપણે જાણી શકીએ છીએ કે વ્યક્તિને આ કૅન્સર આવવાની શક્યતા છે કે નહીં. આ ટેસ્ટ વિશે વાત કરતાં ડૉ. રૉય પાટણકર કહે છે, ‘આ ટેસ્ટને બકલ મ્યુકોસા ટેસ્ટ કહે છે, જેમાં મોઢાની અંદરથી ગાલનાં ગલોફાં પાસેથી કોષોનું એક સૅમ્પલ લેવામાં આવે છે અને આ કૅન્સરના જીન્સનું મ્યુટેશન એ વ્યક્તિમાં થઈ રહ્યું છે કે નહીં એ તપાસવામાં આવે છે. એના દ્વારા ખબર પડે છે કે આ વ્યક્તિ પર આંતરડાનું કૅન્સર થવાનું રિસ્ક કેટલું છે. જે વ્યક્તિના ઘરમાં આ કૅન્સર હોય, એક નહીં; પરંતુ બે જણને આ કૅન્સર હોય તો તેમના ઘરમાં ખાસ કરીને તેમનાં ભાઈ, બહેન અને નેક્સ્ટ જનરેશન એટલે કે તેમના પુત્ર કે પુત્રીએ તો ખાસ આ ટેસ્ટ કરાવવી જ જોઈએ; કારણ કે જો આ દ્વારા જાણી શકાય કે આ વ્યક્તિ પર આંતરડાના કૅન્સરનું રિસ્ક છે તો ચોક્કસપણે સાવધાની રાખીને તેને બચાવી શકાય છે.’

પ્રિવેન્ટિવ સર્જરી

બ્રેસ્ટ-કૅન્સરમાં એવું હોય છે કે જિનેટિક ટેસ્ટ દ્વારા પહેલેથી જ જાણી લેવામાં આવે કે વ્યક્તિને કૅન્સર થવાનું રિસ્ક છે કે નહીં અને જો રિસ્ક હોય તો સર્જરી વડે બ્રેસ્ટ અને ઓવરી કાઢી નાખવામાં આવે, જેથી કૅન્સરનું રિસ્ક જતું રહે છે. આ પ્રકારની સર્જરીને પ્રિવેન્ટિવ સર્જરી કહે છે. આવી જ સર્જરી કોલોરેક્ટલ કૅન્સરમાં પણ થાય છે. એના વિશે જણાવતાં ડૉ. રૉય પાટણકર કહે છે, ‘જિનેટિક ટેસ્ટ દ્વારા એ જાણી શકાય છે કે કઈ વ્યક્તિ પર આ કૅન્સરનું રિસ્ક વધારે છે. જો રિસ્ક હોય તો કૅન્સર થયા પહેલાં જ વ્યક્તિનું સર્જરી દ્વારા મોટું આંતરડું લગભગ આખું જ કાઢી લેવામાં આવે છે અને નાના આંતરડાને સીધું ગુદા સાથે જોડી દેવામાં આવે છે. આ રીતે દરદી હેલ્થી લાઇફ જીવી શકે છે અને તેને કોલોરેક્ટલ કૅન્સર આવતું નથી. હાલમાં પવઈમાં રહેતા એક પરિવારમાં મમ્મી અને માસી બન્ને આ કૅન્સરનો ભોગ બની હતી એવી ૧૯ વર્ષની છોકરીએ અમારા સૂચન મુજબ જિનેટિક ટેસ્ટ કરાવી અને એ પૉઝિટિવ આવી. હાલમાં તેની એક્ઝામ ચાલી રહી છે. એક્ઝામ પતે પછી તે સર્જરી કરાવવા તૈયાર છે, જેને લીધે તે પોતે આ કૅન્સરથી બચી શકે છે.’



જામનગર હાઈવે પર ઘંટેશ્વરમાં આજે મુખ્યમંત્રી, સુપ્રીમ કોર્ટના જજ એમ.આર.શાહ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથના હસ્તે રાજકોટ જિલ્લા અદાલતના નવા બિલ્ડીંગનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઘંટેશ્વરના સર્વે નં.૧૫૦ની પ૬૬૫૮ ચો.મી. જમીનના ક્ષેત્રફળમાં રાજકોટ જિલ્લા અદાલતનું નવું બિલ્ડીંગ ૧૧૮ કરોડના ખર્ચે બનશે. ભોંયતળિયા સહિત પાંચ માળના બિલ્ડિંગનું બાંધકામનું ક્ષેત્રફળ ૩૬૫૨૦ ચો.મી. છે. રાજકોટમાં કુપોષિત બાળકોના વાલીઓ સાથે મુખ્યમંત્રીએ સંવાદ કર્યો હતો. બાદમાં ઠેબચડા ગામની સીમમાંથી મળી આવેલી નવજાત બાળકીની મુલાકાત લેવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અમૃતા હોસ્પિટલ પહોંચ્યા હતા અને સંવેદના દર્શાવી હતી.

ભારતનુ જાની દુશ્મન બની રહેલુ તુર્કી હવે પાકને ચાર યુધ્ધ જહાજો આપશે

ન્યુ દિલ્હી

ભારત સામે તુર્કીની દુશ્મનાવટ વધારેને વધારે ઘેરી બની રહી છે. તુર્કીએ ભારતના જાની દુશ્મન પાકિસ્તાનને દોસ્ત બનાવી લીધુ છે અને આ દોસ્તી વધારે મજબૂત બની રહી છે.

હવે તુર્કીના રાષ્ટ્રપતિ રજબ તૈયબ એર્દોગને પાકિસ્તાનને ચાર યુધ્ધ જહાજો આપવાની જાહેરાત કરી છે.સ્વાભાવિક છે કે, તુર્કી પારિસ્તાનને લશ્કરી રીતે પણ મજબૂત બનાવી રહ્યુ છે. ભારત સામે તુર્કી કાશ્મીર મુદ્દે અવાર નવાર ભડકાઉ નિવેદનો આપી રહ્યુ છે. ચાર જહાજ આપવાની જાહેરાત સાથે તુર્કીના રક્ષા મંત્રીએ કહ્યુ હતુ કે, તુર્કી પાકિસ્તાનની સેનાને પોતાની જ સેના માને છે.તુર્કી અને પાકિસ્તાન વચ્ચે થયેલા કરાર પ્રમાણે ચારમાંથી બે જહાજો તુર્કીમાં જ બનાવાશે અને બીજા બે જહાજો પાકિસ્તાનમાં બનશે. પહેલુ જહાજ પાકિસ્તાનને ૨૦૨૩માં મળી જશે.

ગયા વર્ષે કલમ ૩૭૦ હટાવવાના મુદ્દે તુર્કીએ ભારતની ટીકા કરીને પાકિસ્તાનનો સાથ આપ્યો હતો. ત્યારથી તુર્કી ભારતની સામે પડીને અટકચાળા કરી રહ્યુ છે.

સીએએ-વિરોધી રેલીમાં ભાગ લેનાર પોલેન્ડના વિદ્યાર્થીને ભારત છોડવાનો આદેશ

કોલકાત્તા

જાદવપુર યુનિવર્સિટીમાં ભણતા પોલેન્ડના એક વિદ્યાર્થીને ફોરેનર રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ એજન્સીએ ભારતમાંથી ચાલ્યા જવાનો આદેશ આપ્યો છે. કામિલ સેઈસીન્સ્કી નામના વિદ્યાર્થીને એટલા માટે ભારતમાંથી રવાના થઈ જવાનું કહેવામાં આવ્યું છે કે એણે કોલકાતામાં હાલમાં યોજાઈ ગયેલી નાગરિકતા સુધારિત કાયદા વિરોધી રેલીમાં ભાગ લીધો હતો.

આ પહેલાં, આ જ પ્રકારના એક બનાવમાં, વિશ્વ ભારતી યુનિવર્સિટીમાં ભણતી એક બાંગ્લાદેશી વિદ્યાર્થિનીને પણ ભારત છોડી જવાનો આદેશ આપવામાં આવ્યો હતો, કારણ કે એણે યુનિવર્સિટી કેમ્પસમાં યોજવામાં આવેલા સીએએ-વિરોધી દેખાવોની તસવીરો સોશિયલ મિડિયા પર પોસ્ટ કરી હતી. અફસારા અનિકા મીમ નામની તે વિદ્યાર્થિની ભારત સરકાર વિરોધી પ્રવૃત્તિઓ કરતી હોવાનું જણાવી એને નોટિસ આપવામાં આવી છે. કામિલ સેઈસીન્સ્કી નામનો પોલિશ વિદ્યાર્થી કમ્પેરેટિવ લિટરેચર વિષયનું ભણે છે. નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં ભારત છોડી જવાનો એને આદેશ આપવામાં આવ્યો છે. એને એફઆરઆરઓના કોલકાતા સ્થિત કાર્યાલયમાં આવીને મળી જવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો અને તે ૨૨ ફેબ્રુઆરીએ મળવા ગયો હતો.

ગર્લફ્રેન્ડ કેરી સિમંડ્સ મા બનશે,બાળકના જન્મ પહેલા લગ્ન કરશે

બ્રિટનના વડાપ્રધાને પોતાનાથી ૨૪ વર્ષ નાની ગર્લફ્રેન્ડ સાથે સગાઈ કરી

લંડન

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન (૫૫) અને તેની ગર્લફ્રેન્ડ કેરી સિમંડ્સે (૩૧) શનિવારે સગાઈ કરી લીધી હોવાની જાહેરાત કરી હતી. આ સાથે તેમણે તેમ પણ જણાવ્યું કે, તેઓ ટૂંક સમયમાં માતા-પિતા બનવાના છે.

વાત એમ છે કે, બોરિસ જોનસની ગર્લફ્રેન્ડ પ્રેગ્નેન્ટ છે અને તેઓ વડાપ્રધાન બન્યા તે પહેલાથી એકબીજાની સાથે રહે છે. આ સિવાય તેમ પણ કહેવાઈ રહ્યું છે કે બાળકનો જન્મ થશે તે પહેલા જ બંને લગ્ન કરી લેશે.

બ્રિટિશ મીડિયાના જણાવ્યા પ્રમાણે, બ્રિટનના ૨૫૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર તેવું બનશે જ્યારે પદ પર રહીને કોઈ વડાપ્રધાને લગ્ન કર્યા હોય. ૫૫ વર્ષીય જોનસનના બેવાર ડિવોર્સ થઈ ચૂક્યા છે. તેમણે વર્ષ ૨૦૧૮માં પોતાનું ૨૬ વર્ષનું લગ્નજીવન ભાંગી પડ્યું હોવાનું જણાવ્યું હતું. રિપોર્ટ્સ પ્રમાણે હાલ વડાપ્રધાનના સરકારી આવાસમાં જોનસન અને કેરી સાથે રહે છે. કેરી એક પર્યાવરણ કાર્યકર્તા છે અને પર્યાવરણને લગતી કેટલીક યોજનાઓ પર કામ કરી રહી છે. બોરિસ જોનસન અને તેમની ગર્લફ્રેન્ડ કેરી સિમંડ્સ ન્યૂ યર સાથે સેલિબ્રેટ કરવા માટે સેંટ લુસિયા ગયા હતા. આ દરમિયાન બંનેએ સામાન્ય પેસેન્જરોની જેમ ઈકોનોમી ક્લાસમાં મુસાફરી કરી હતી.

મ.પ્રદેશના સિંગરૌલીમાં બે માલગાડીઓ વચ્ચે અકસ્માતઃ ત્રણ રેલ્વેકર્મીઓના મોત

સિંગરૌલી

મધ્યપ્રદેશના સિંગરૌલી જિલ્લામાં રવિવારે સવારે ૫ વાગ્યે મોટો અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં બે માલગાડી ટ્રેન સામસામે અથડાઈ હતી, જેમાં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડના ૨ ઑપરેટર અને ૧ પોઈન્ટમેનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં કરોડો રૂપિયાનું નુકસાન થવાની સંભાવના છે. અકસ્માત બાદ માલગાડીના કોચને નુકસાન પહોંચ્યું છે. આ દુર્ઘટનાની જાણ થતાં રેલ્વે વહીવટી તંત્ર અને સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતાં અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. એનટીપીસીને સમયસર કોલસો પૂરો પાડવા માટે ઝડપથી પાટા સાફ કરવા એ પણ વિભાગ માટે કોઈ પડકારથી ઓછું નથી.

હાઈબ્રીડ ઈલેક્ટ્રિક વાહન ધ વેલફાયરની ભારમતાં રજૂઆત

ટોયોટા કિર્લોસ્કર મોટરની નવા લકઝુરિયસ સેલ્ફ-ચાર્જીગની સગવડ

અમદાવાદ

ટોયોટા કિર્લોસ્કર મોટરે(TKM) તેના વિશિષ્ટ નવા લકઝુરિયસ સેલ્ફ-ચાર્જીગ હાઈબ્રીડ ઈલેક્ટ્રિક વાહન વેલફાયરની ભારતમાં રજૂઆત કરી છે. આ વૈભવશાળી અને મોકળાશવાળા ઈન્ટીરીયર સાથેની નવુ વેલફાયર સાધન સજ્જ હોવા ઉપરાંત અદ્દભૂત અને ફીયરલેસ એક્સટિરીયર હોવાનો દાવો કરે છે અને વિચારપૂર્વક તૈયાર કરાયેલ હોવાથી લાંબા ગાળા માટે પ્રભાવ છોડી જાય છે.

આ નવી વેલફાયર પાવરફૂલ ડ્રાઈવીંગનો અનુભવ પૂરો પાડવા છતાં બળતણના ઓછા વપરાશ કરે છે અને ઓછો કાર્બન છોડે છે. મજબૂત હાઈબ્રીડ સ્વરૂપ ધરાવવાને કારણે એન્જીન ઓફફ હોય ત્યારે ૪૦ ટકા અંતર કાપવાની શક્તિ ધરાવે છે તથા ઈલેક્ટ્રીક અથવા તો ઝીરો એમિશન મોડમાં ૬૦ ટકા સમય કાપવા સક્ષમ છે.

૨.૫—લીટર ૪સિલીન્ડર ગેસોલીન હાઈબ્રીડ એન્જીન ૮૬ kW (૧૧૫ BHP) પાવર ઓફર કરે છે અને ૧૯૮ Nm @૨૮૦૦-૪૦૦૦ rpm.નો મહત્તમ ટોર્ક ધરાવે છે. નવુ વેલફાયર એન્જીન કે જેની સાથે ૨ ઈલેક્ટ્રિક મોટર્સ અને એક હાયબ્રીડ બેટરી જોડેલી હોય છે તે લૉ એમિશનની ખાત્રી આપવાની સાથે સાથે ડ્રાઈવીંગનો આનંદ દાયક અનુભવ પૂરો પાડે છે.

દારૂની કન્ટેનર હરિયાણાના ગુડગાંવથી સમી સુધી પહોંચ્યુ

રાજ્યમાં દારૂની રેલમછેલઃ પાટણના સમીમાંથી ૨૦ લાખનો દારૂ ઝડપાયો

પાટણ

રાજ્યમાં એક તરફ સરકાર દ્વારા દારૂબંધીના દાવાઓ કરવામાં આવે છે. ત્યારે બીજી તરફ એવી ચર્ચા છે કે રાજ્યમાં ખુલ્લે આમ દારૂ વેચાઈ રહ્યો છે અને પીવાય રહ્યો છે. રાજ્યમાં બેધડક દારૂની હેરાફેરી પણ થતી હોય છે. ત્યારે હવે વધુ એક એવી જ ઘટના સામે આવી છે. માહિતી મુજબ પાટણના સમીમાંથી દારૂથી ભરેલું એક કન્ટેનર ઝડપાયું છે.

મળતી માહિતી મુજબ પાટણના સમી પોલીસે વિદેશી દારૂથી ભરેલ એક કન્ટેનર ટ્રક ઝડપી પાડ્યું છે. વિદેશી દારૂ ભરેલ હોવા છતાં મશીનરી ભરી હોવાના બિલો બતાવી કન્ટેનર સમી સુધી પહોંચતા પોલીસને અનેક શખ્સો પર શંકા છે. આ સાથે હરિયાણા પાર્સિંગની ટ્રક સાથે હરિયાણા ગુડગાવથી સમી સુધી કોની મહેરબાનીથી વિદેશી દારૂનું કન્ટેનર પહોંચ્યું એવા અનેક સવાલો ઉભા થયા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે કન્ટેનરમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપાયો છે. કન્ટેનરમાંથી ૪૮૨ નંગ પેટી વિદેશી દારૂ ઝડપાયો. ઉપરાંત ૧૯થી ૨૦ લાખની કિંમતની ૫,૭૮૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો છે. જ્યારે વિદેશી દારૂ ભરેલ ટ્રક સહિત કુલ ૩૨ લાખની કિંમતના મુદામાલ સાથે એક આરોપી ઝડપાયો છે.

મારા બીજી સ્ત્રી સાથે અફેર હતા, હવે હું વફાદાર રહીશ

લફરાબાજ પતિ સ્ટેમ્પ પર લખી ફસાયોઃ ન સુધરતાં પત્નિની પોલીસ ફરિયાદ

અમદાવાદ

લવ સેક્સ ઓર ધોખાનો વિચિત્ર કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે. જેમાં એક પતિ કે જે ઈવેન્ટનું કામ કરતો હતો તેને અન્ય સ્ત્રી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. પત્નીને જાણ થતાં તેણે પત્ની સાથે ઝઘડા કર્યા હતા. પણ મામલો સુલેહ થતાં પતિ પાસે પત્નીએ સ્ટેમ્પ પર લખાણ લખાવ્યું હતું. જેમાં પતિએ બીજી સ્ત્રી સાથે અફેર હતા અને તે હવે વફાદાર રહેશે તેવું લખ્યું હતું. પણ મામલો એમનો એમ રહેતા આખરે પત્નીએ તેના પતિ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

વર્ષ ૨૦૧૯માં પરિણીતા તેના પતિ અને દીકરી સાથે શેલા ખાતે રહેવા જતા રહ્યા હતા. ત્યાં આજથી આઠેક માસ પહેલા પરિણીતાના પતિનું કોઈ સ્ત્રી સાથે અફેર હોવાનું તેને જાણ થઈ હતી. બાદમાં આ મામલે બંને વચ્ચે ઝઘડા ચાલ્યા હતા. દરમિયાનમાં પતિ સાથે નહિ રહેવાનું નક્કી કરી પરિણીતાએ ૨૩.૮.૨૦૧૯ના રોજ તેના પતિએ સમજૂતી કરાર કરી આપ્યો હતો અને તેમાં લખ્યું હતું કે, તેમણે પરિણીતાને સારી રીતે રાખી નથી અને ખુબ ત્રાસ આપ્યો છે, અન્ય સ્ત્રી સાથે તેના સંબંધો હતા પણ હવે તે આવું નહિ કરે અને પત્નીને સારી રીતે રાખશે. આવું પતિએ ૧૦૦ના સ્ટેમ્પ પર લખાણ લખી આપતા પરિણીતા તેના પતિ સાથે રહેવા લાગી હતી.

પણ સસરાએ ફરી તેના જીવનમાં ભંગાણ પાડી પતિને કામઅર્થે બહારગામ લઈ જવાનું કહી બે બે દિવસ સુધી બહાર રાખી ત્રાસ આપતા આખરે આ પરિણીતા સરખેજ ખાતેના તેના બહેનના ઘરે જતી રહી હતી અને સરખેજ પોલીસસ્ટેશનમાં સસરા અને પતિ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

કુલ છ એજન્ટ પાસેથી કોન્ડોમ સહિત ૯૩ હજારનો મુદ્દામાલ પકડાયો

ઓનલાઈન ચાલતા હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશઃ ૪ કોલગર્લ,છ દલાલ ઝડપાયા

વડોદરા

શહેરમાં ચાલતાં આંતરરાજ્ય હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ થયો છે. એસઓજી પોલીસે બે જગ્યાએ દરોડા પાડીને ૪ લલનાઓ સહિત છ દલાલને ઝડપી પાડ્યાં હતાં. આ તમામ લોકો ઈન્ટરનેટના માધ્યમથી દેહ વ્યાપારનો ધંધો ચલાવતાં હતાં. હાલ પોલીસે એજન્ટને ઝડપી લઈ મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરીછે.

પોલીસને ઓનલાઈન આંતર રાજય હાઇ પ્રોફાઇલ સેકસ રેકેટ કેટલાક ઇસમો દ્વારા Highest Standard Call Girls Escort Service Vadodara તથા oklute વેબસાઇટ ઉપરથી કોઇપણ વ્યકિત કોલ કરીને તેને મનપસંદ યુવતીને બોલાવી શકે તેવુ સર્ચિગ દરમ્યાન જાણવા મળ્યું હતું.જેથી બાતમીના આધારે વેબસાઇટ ચેક કરી વોટસઅપના માધ્યમથી દેહવિક્રયનો ધંધો કરતા એજન્ટનો કોન્ટેકટ કરી હોટલ સગુન રેસીડેન્સી તથા અર્થ કોમ્પ્લેક્ષ, ફલેટ નં.૨૦૨ અક્ષર ચોક જે.પી.રોડ ખાતે રેઇડ કરતા કુલ-૦૬ એજન્ટો તથા કુલ-૦૪ કોલગર્લને ઝડપી પાડવામાં આવ્યાં હતાં.

પહેલી રેઇડમાં પકડાયેલ આરોપીઓ (૧) નિતીન દિનેશભાઈ વાળા રહે.ચિતલગામ, હરીજનવાસ, કાલવા ચોક તા.જી.અમરેલી (૨) સંદિપકુમાર શ્રીવિનોદકુમાર કુમાર રહે.૯૬૦, ગલી નં.૧૧, કપાસ હેરા, મલીકપુર કોહી ઉર્ફે રંગપુરી, દક્ષિણ- પશ્ચિમ દિલ્હી (૩) અર્જનસીંગ દેવીસીંગ રાજપુત રહે.૧૪/૨, રીંગણી ખેડા ગામ, સિંગાર ચોરી-૯૩, તા.જી.સાજાપુર મધ્યપ્રદેશ તથા વોન્ટેડ અરવિંદ શર્મા ઉર્ફે પારસ શર્મા રહે.પઠાણ કોટ, પંજાબ તથા બે કોલગર્લ.

બીજી રેઇડમાં પકડાયેલ આરોપીઓ (૧) ચીરાગ રમેશભાઇ દુધાત (પટેલ) રહે.મ.નં.૭, શિવશકિતનગર સોસાયટી, ઇન્ડીયા કોલોની રોડ, બાપુનગર અમદાવાદ હાલ રહે.પીટી/૨, રમેશ્વર અપાર્ટમેન્ટ, ડી.આર.એમ.સ્કુલ સામે, દિવાળીપુરા વડોદરા (૨) સંજયકુમાર ડાહયાભાઇ ચકવર્તી રહે.ખરોડ ગામ, તા.વિરપુર જી.મહીસાગર (૩) વિનોદભાઇ નાગજીભાઇ પટેલ રહે.૭, જય દ્વારકેશ એપાર્ટમેન્ટ શાક માર્કેટ પાસે, પુણાગામ, તા.જી.સુરત તથા બે કોલગર્લ.

પબજીના રવાડે ચડેલા ૧૨ વર્ષના છોકરાએ ઘરમાંથી ત્રણ લાખની ચોરી કરી

કચ્છ

કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં આવેલા આડેસર ગામમાં રહેતા એક કપલના ઘરમાં કબાટમાં મૂકેલા પૈસાની રોજે રોજ ચોરી થઈ રહી હતી. થોડી થોડી રકમ ઓછી થતી જોઈ તેમને ચોરીની શંકા ગઈ. પરંતુ જ્યારે તેમને ચોર મળ્યો તો પગ નીચેથી જમીન સરકી ગઈ. આ ચોર બીજું કોઈ નહીં તેમનો ૧૨ વર્ષનો દીકરો જ નીકળ્યો. જેણે થોડા થોડા કરીને કબાટમાંથી ૩ લાખ રૂપિયા ચોરી કરી લીધા હતા.

આડેસર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું, મા-બાપે જ્યારે પોતાના રૂમમાં નજર રાખી તો એક રાત્રે જોયું કે તેમનો ૧૨ વર્ષનો દીકરો ધીમેથી રૂમમાં આવ્યો અને કબાટમાંથી કેશ ચોરી કરીને જતો રહ્યો. છોકરાને આ વિશે પૂછતા તેણે જણાવ્યું કે, તે પબજી મોબાઈલ ગેમ રમતા સમયે પોતાના મિત્રો સાથે હારી ગયો હોવાથી તેને પૈસાની જરૂર છે.

આડેસરમાં કરિયાણાની દુકાન ધરાવતા મા-બાપે ચિંતિત થઈને પોલીસનો સંપર્ક કર્યો. પોલીસે જાણ્યું કે સગીર છોકરાઓનું એક ગ્રુપે તેમના છોકરાને પબજી ગેમના રવાડે ચડાવી દીધો હતો.

અધિકારીએ જણાવ્યું, અમે જ્યારે છોકરાઓને ટ્રેસ કર્યા, તો જાણ્યું કે આ પીડિત પાસેથી કેશ લઈને તેમણે મોંઘા સ્માર્ટફોન્સ ખરીદ્યા હતા. આટલું જ નહીં, આ બાળકોના મા-બાપે પણ તેમને ફોન વિશે કોઈ સવાલ નહોતા કર્યા. પોલીસે આ કેસમાં ફરિયાદ દાખલ કરી લીધી છે અને કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

દરેક બાળકનું ધ્યાન રાખવું એ અમારી સરકારની જવાબદારી

રાજ્ય સરકારે કુપોષણ સામે લડવા પાલક વાલી કાર્યક્રમ કર્યોઃ રૂપાણી

રાજકોટ

રાજ્ય સરકાર દ્વારા કુપોષણ સામે મહાઅભિયાન ચલાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ અભિયાનને જન આંદોલન બનાવવાનું આહ્વાન મુખ્યમંત્રીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં 'એક પાલક-એક બાળક' બાળકોની જવાબદારી ઉઠાવવા આહ્વાન અપાયું હતું. આ સાથે જ આગામી એક વર્ષમાં રાજ્યને કુપોષણમુક્ત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

રાજ્યમાં વધતા કુપોષણના આંકડાને લઈને આજે મુખ્યમંત્રીએ નિવેદન આપતાં કહ્યું છે કે સરકાર ૩૦૦૦ કરોડનો ખર્ચ કુપોષણ પાછળ કરે છે અને રાજકોટના તમામ બાળકો તંદુરસ્ત બને તે માટેનો નિર્ધાર કરાયો છે. જાન્યુઆરી ૨૦૨૧માં સરકાર પોતાનો લક્ષ્યાંક પૂરો કરવાની તૈયારી કરી રહી છે.

તેઓએ કહ્યું કે બીજા લોકોને પણ આમાંથી પ્રેરણા મળશે. હું તમામ ડૉકટર મિત્રોને પણ ધન્યવાદ આપું છું. ગુજરાત ઉત્તમથી સર્વોત્તમ તરફ આગળ વધી રહ્યું છે અને સાથે જ કુપોષણ આપણા માટે મોટી ચેલેન્જ છે. રાજ્ય સરકારે કુપોષણ સામે લડવા પાલક વાલી કાર્યક્રમ કર્યો. જેના કારણે ૧૪૫માંથી ૧૫ કુપોષણમાંથી બહાર નીકળી પોષિત બન્યા. સરકાર ૨ વર્ષ સુધી ગુજરાત પોષણ અભિયાન ચલાવશે અને બાળકોને પોષણ યુક્ત બનાવવાનો લક્ષ્યાંક પૂરો કરવામાં સફળતા મેળવશે.

ઈટાલીમાં કોરોનાથી હાહાકારઃ ૨૯નાં મોત, પોપને પણ ચેપ લાગ્યો

રોમ

ઈટાલીમાં કોરોના વાઈરસ ફેલાયો છે અને ઓછામાં ઓછા ૧,૦૪૯ જણને આ ચેપ લાગુ પડ્યો છે. આ યુરોપીય દેશમાં આ બીમારીથી અત્યાર સુધીમાં ૨૯ જણ માર્યા ગયા છે, એમ દેશના આરોગ્ય વિભાગના સત્તાવાળાઓએ સમર્થન આપ્યું છે.

સિવિલ પ્રોટેક્શન વિભાગના વડા અને કોરોના વાઈરસ ઈમર્જન્સી વિભાગના વિશેષ કમિશનર એન્જેલો બોરેલીએ જણાવ્યું છે કે કોરોના વાઈરસથી ચેપગ્રસ્ત લોકોમાંથી ૫૪૩ જેટલા લોકો અથવા ૫૨ ટકા લોકોને હાલ એમના ઘરમાં જ અલાયદા રાખવામાં આવ્યા છે. એમને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવાની અમને કોઈ જરૂર જણાઈ નથી.

બીજા ૪૦૧ ચેપગ્રસ્ત (૩૮ ટકા લોકો)ને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે બીજા ૧૦૫ જણને હોસ્પિટલોના ઈન્ટેન્સિવ કેર વિભાગમાં રાખવામાં આવ્યા છે.

વધુ ૮ જણના મરણ થતાં ઈટાલીમાં કોરોનાને કારણે થયેલો મરણાંક વધીને ૨૯ થયો છે. સૌથી વધારે ખરાબ અસર લોમ્બાર્ડી પ્રદેશમાં થઈ છે.

ઈટાલીમાં કોરોના વાઈરસના પહેલા દર્દી વિશે ગઈ ૨૧ ફેબ્રુઆરીએ સમર્થન આપવામાં આવ્યું હતું. એ વખતે લોમ્બાર્ડીના કોડોગ્નો નગરમાં છ દર્દી હોવાનું માલૂમ પડ્યું હતું. યુરોપ ખંડમાં કોરોનાની સૌથી વધારે ખરાબ અસર ઈટાલીમાં થઈ છે.

મોટો છબરડો, ૨૯ ફેબ્રુઆરીએ જ ગૃહમંત્રીએ એપ લોન્ચ કરી હતી

બોલો..રેલ્વે પોલીસની સુરક્ષિત સફર એપમાં પાકિસ્તાનની ટ્રેનનો ફોટો..!!

અમદાવાદ

ચાલુ ટ્રેનમાં તમારો સામાન કે કિંમતી ચીજવસ્તુની ચોરી, લુંટફાટ થાય તો રેલવે પોલીસની મદદ માટે ગુજરાત રેલવે પોલીસે ×સુરક્ષિત સફર× નામની એપ્લિકેશન બનાવી છે. ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ શનિવારે લોન્ચ કરેલી એપ્લિકેશનમાં ગુજરાત રેલવે પોલીસે ભારતમાં ચાલતી ટ્રેનની જગ્યાએ પાકિસ્તાનની ટ્રેનનો ફોટો એપ્લિકેશનમાં મુકવામાં આવ્યો છે. અમદાવાદ પોલીસે પણ ટ્વીટર પર રેલવેની સુરક્ષિત સફર નામની એપ અંગે ટ્વીટ કર્યું છે તેમાં આ જ પાકિસ્તાનની ટ્રેન એપ્લિકેશનમાં મૂકી તેનો ફોટો મુક્યો છે.

એપ્લિકેશનમાં ટ્રેનનો જે ફોટો છે એમાં એન્જિન પર ૬૦૧૯ નંબર લખેલો છે. આ ટ્રેન પાકિસ્તાનની હોવાનું જાણવા મળ્યું હતું, એટલે કે એપ્લિકેશન બનાવનાર રેલવે પોલીસે પાકિસ્તાનના ન્યૂઝ પરથી ટ્રેનનો ફોટો એપ્લિકેશન પર મૂકી દીધો છે. તેમજ પાકિસ્તાનની જાણીતી ચેનલ જીયો ટીવીની વેબસાઈટ પર પાકિસ્તાન રેલવે અંગેના એક અહેવાલમાં પણ આ જ ટ્રેનનો ફોટો જોવા મળે છે.

સૌથી મોટો સવાલ એ થઈ રહ્યો છે કે આ એપ્લિકેશનમાં ટ્રેનનો ફોટો મુકવામાં આવ્યો અને લોન્ચ કરવા આવ્યું ત્યારે કેમ રેલવે અધિકારીઓનું કે પોલીસ અધિકારીઓનું ધ્યાન ન ગયું. અરે ટ્રેનના આગલો ભાગ જ લાલ અને લીલો છે તેના પરથી તો સ્પષ્ટ થઈ જ શકે કે આ ટ્રેન પાકિસ્તાનની છે કે ભારતની. રેલવે પોલીસને હવે પાકિસ્તાન અને ભારતની ટ્રેનમાં ફરક નથી લાગતો? તેને લઈ અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે.

માજી સરપંચ અને અરજીકર્તા સામ સામે બાખડી પડ્યાં

કંથારીયામાં ગ્રામસભામાં ઉગ્ર બોલાચાલી બાદ મારામારીના દ્રશ્યો સર્જાયા

વડોદરા

કંથારીયા ખાતે ગ્રામ સભામાં ઉગ્ર બોલાચાલી બાદ મારામારીના તોફાની દ્રશ્યો સર્જાયાં હતાં. કંથારીયા ગામની ગ્રામ સભામાં વિવિધ મુદ્દાઓને લઈ મળેલ ગ્રામ સભા અચાનક તોફાની બની ગઈ હતી અને મામલો મારા મારી સુધી પહોંચી ગયો હતો.

ગ્રામ સભામાં મહિલાઓ અને પુરૂષો મોટી સંખ્યામાં હાજર હતાં એ દરમિયાન કંથારીયા ગામ તળાવમાં ગંદા પાણી છોડવા સામે અરજી થઈ હતી. આ અરજીનો મુદ્દો ગ્રામ સભામાં ઉછળ્યો હતો. જેથી માજી સરપંચ અને અરજીકર્તા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બોલાચાલી બાદ મામલો હાથાપાઈ સુધી પહોંચી ગયો હતો. એકબીજાને મારવા લાગેલા બન્ને સભ્યોને અંતે અન્ય સભ્યોએ છૂટા પડાવી શાંત કર્યા હતા.પરંતુ બાદમાં આ સમગ્ર મારા મારી અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સરકાર સાથે વાતચીત સફળ નહીં થાય તો ફરીથી 'સાચો આદિવાસી સમાજ' આંદોલન કરશે

ગાંધીનગર

જૂના સચિવાલય ખાતે આવેલા ઉપહાર ગૃહમાં રવિવારે સાચા આદિવાસી આંદોલન સમિતિ દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર સાથે અત્યાર સુધીની બેઠકોમાં કેવા પ્રકારની કામગીરી રહી તેને લઈને સમાજને જણાવવા માટે ચર્ચા કરી હતી. સમાજનો એક પણ માણસ આ બેઠકમાં થયેલી ચર્ચાથી અજાણ ન રહે. તે માટે આજની બેઠક બોલાવી હતી.

સાચા આદિવાસી સમિતિના હોદ્દેદારો અને યુવાનો તથા યુવતીઓ મોટી સંખ્યામાં હાજર રહી હતી. તેમને હાજર રહેવા માટેનો એક માત્ર ઉદેશ હતો કે, સાચા આદિવાસી સમાજ પોતાના હક્કોથી વાકેફ રહે. સાચા આદિવાસી સમિતિના સહમંત્રી ભરત મોડીયાએ કહ્યું કે, આજની આ અમારી બેઠક આંદોલન દરમિયાન જે ગતિવિધિઓ થઈ હતી. તેનાથી સમાજના આગેવાનો અને સમિતિના હોદ્દેદારોને જણાવવા માટે રાખવામાં આવી હતી.

મોડીયાએ કહ્યું કે, સરકાર સાથે થયેલી બેઠકોમાં ખોટા આદિવાસી પ્રમાણપત્રો રદ કરવા માટેની અમારી માગણીને સ્વીકારવામાં આવી છે, પરંતુ આ ઉપરાંત કેટલીક માંગણીઓ છે. જેના ઉપર હજુ સરકાર અભ્યાસ કરી રહી છે. અમારી એક જ માગ છે કે, સરકાર અમારી તમામ પ્રકારની માંગણીઓનો સ્વીકાર કરે, આ દિવસોમાં જ અમારી માગણીનો સ્વીકાર કરવામાં નહીં આવે તો અમારે ચોક્કસ ફરીથી આંદોલન કરવાની જરૂરિયાત ઊભી થશે.

મોતીપુરા ગામની સ્કૂલની વિદ્યાર્થીનીનો વીડિયો વાયરલ

'હું વસતિ ગણતરી કરવા જાવ કે હું શૌચાલયની ગણતરી કરવા જાવ...'

હિંમતનગર

તાલુકાના મોતીપુરા ગામની મોડર્ન સ્કૂલની એક વિદ્યાર્થિનીનો વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયોમાં વિદ્યાર્થિની શિક્ષકની વ્યથા રજૂ કરતી જોવા મળે છે. વિદ્યાર્થિની કહે છે વર્તમાન સમયમાં શિક્ષક કરે તો શું કરે, કેટલીક જવાબદારી પુરી કરે, શાળામાં ભણાવવા સિવાય પણ કેટલી કામગીરી હોય છે તેની આ વાત છે વર્ગમાં જાવ છું, શાળામાં જાવ છું તો મને સમજાતું નથી કે હું શું કરું?, સફાઈ કામ કરાવું, યોગ કરાવું, પ્રાર્થના કરાવું કે પછી તાત્કાલિક માંગેલી શિષ્યવૃત્તિની માહિતી આપું..હું શું કરું મને એ સમજાતું નથી, હું શાળા પ્રવેશોત્સવ કરું, બાળ મેળો કરું, ગુણોત્સવ કરું કે પછી ગુણોત્સવનું નવું વર્ઝન ૨.૦ કરું. હું શું કરું મને એ સમજાતું નથી... હું એકમ કસોટી લઉં, કસોટી તપાસું, પુનઃકસોટી લઉં કે પછી વાલીની સહી બાકી છે એવા વાલીને શાળામાં પરાણે બોલાવીને તેમની સહી કરાવું,હું શું કરું...મને એ સમજાતું નથી...હું શિક્ષકોની હાજરી ઓનલાઈન કરું, બાળકોની હાજરી ઓનલાઈન કરું, મધ્યાહન ભોજનના બાળકોની સંખ્યા ઓનલાઈન કરું, એકમ કસોટીના માર્કસ ઓનલાઈન કરું...

વિદ્યાર્થિની આગળ કહે છે, હું ગાંધી સપ્તાહની ઉજવણી કરું, સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરું કે પછી ભાષાદીનની ૧૦૦ દિવસની ઉજવણી કરું, હું શું કરું...મને એ સમજાતું નથી...BLOની કામગીરી કરું, હું વસતિ ગણતરી કરવા જાવ, ગામમાં કેટલા અભણ છે તેની ગણતરી કરું કે પછી નિષ્ઠાની તાલીમમાં જાવ હું શું કરું...મને એ સમજાતું નથી...હું તળાવ ખોદાવવા જાવ, હું શૌચાલયની ગણતરી કરવા જાવ કે પછી તીડ ઉડાડવા જાવ, હું શું કરું...મને એ સમજાતું નથી...

મોરબીમાં બોલેરો પીકઅપ કારે પલટી મારી જતાં મહિલાનું મોત,૧૯થી વધુ ઘાયલ

મોરબી

મોરબીના આરટીઓ કચેરી નજીક મેલડી માતાજીના દર્શનાર્થે જતી બોલેરો પીકઅપ કાર પલટી મારી જતા એક મહિલાનું મોત અને ૧૯થી વધુ લોકોને ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ૧૦૮નો કાફોલ ખડકાઈ ગયો હતો અને એકપછી એક ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા હાલમાં ઈજાગ્રસ્તોની સારવાર થઈ રહી છે જેમાં કેટલાક લોકોને ગંભીર ઈજાઓ પણ પહોંચી હોવાના અહેવાલો છે.

પ્રાપ્ત વિગત અનુસાર મોરબી અને જાંબુડિયાના રહેવાસી ૨૦ થી વધુ લોકો બોલેરો પીકઅપ કારમાં બેસીને આરટીઓ નજીક આવેલ ખાખરાવાળી મેલડી મંદિરે માનતાનો રાખેલો તાવો કરવા જતા હતા એ દરમ્યાન મોરબીની આરટીઓ કચેરી નજીક મચ્છુ ૦૩ ડેમ પર આવેલ પુલ પર જ અચનલ બોલેરો પીકઅપ કાર પલટી મારી હતી.

બોલેરો પીકઅપમાં સવાર ૧૯ થી વધુને નાની મોટી ઈજાઓ થતા સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા જેમાં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મંજુબેન (વાલીબેન) રૂડાભાઈ પરમાર (ઉ.વ.૩૨) રહે શક્તિ ચેમ્બર પાસે મોરબી વાળાનું મોત થયું હતું

નીતિન પટેલનું દર્દ છલકાયું

મને એકલા પાડવાના પ્રયાસ થયા, એકબાજુ બધા ને એકબાજુ હું એકલો

ગાંધીનગર

છેલ્લા ઘણા સમયથી કોઈપણ ધાર્મિક કે સામાજિક કાર્યક્રમમાં નીતિન પટેલે પોતાની વ્યથા અને પોતાનો પક્ષ પ્રજા સામે મૂકતા આવ્યા છે. ભાજપમાં કેવી રીતે નીતિન પટેલ સંઘર્ષ કરી રહ્યા છે તેનો પરોક્ષ રીતે નીતિન પટેલ જ પોતાના નિવેદનમાં જણાવી દે છે. આવું જ કાંઈક બન્યું વિશ્વ ઉમિયાધામના શિલાન્યાસ કાર્યક્રમમાં. અહીં નીતિન પટેલે નિવેદન આપતાં જણાવ્યું કે, મને એકલો પાડવાના ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હતા.

વિશ્વ ઉમિયાધામના શિલાન્યાસ કાર્યક્રમમાં હાજરી આપવા માટે નીતિન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે તેઓએ પોતાના સંબોધનમાં માર્મિક ટકોર કરતાં જણાવ્યું કે, મને એકલો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ સમયની સાથે હું યાદ આવી જ જાઉં છું. કારણ કે માં ઉમિયાના મારા પર આર્શીવાદ છે. તમે ટીવી અને ન્યુઝપેપરમાં જોતા જ હશો કે એક બાજુ હું એકલો અને બીજી બાજુ બધા છે. અહી એમ જ નથી પહોચાતું. પરંતુ આજે હું તમારા બધાના સહયોગથી બોલું છું. અને એક પક્ષના કાર્યકર તરીકે બોલું છું. બધી જગ્યાએ મને જે યાદ આવવાનું હોય તે આવી જ જાય. કારણ કે મા ઉમિયાના મારા પર આર્શીવાદ છે. બીજા ઘણાંને નથી ગમતું અને બધી વાતો ભુલાવા મથે છે પણ નિતીનભાઈ ભૂલતા નથી.

લીલીયામાં સાવજે એક વર્ષના સિંહબાળાનો શિકાર કર્યો

લિલિયા

તાજેતરમાં કાર્યરત થયેલા પાલીતાણા શેત્રુંજી વાઈલ્ડ લાઈફ ડીવીઝન નીચે આવતા લીલીયા તાલુકાના વાઘણીયા-ટીંબડી ગામની સીમમાં આજે સાવજે એક વર્ષના સિંહબાળને મારી નાખ્યું હતું. અન્ય વિસ્તારમાંથી ત્રણ સિંહબાળ સાથે એક સિંહણ અહીં આવી હતી. ત્યારે સ્થાનિક સિંહે હુમલો કરી એક સિંહબાળને મારી નાખ્યું હતું.

લીલીયા તાલુકાના વાઘણીયા-ટીંબડી વિસ્તારમાં પાછલા ત્રણ દિવસથી એક સિંહણ પોતાના ત્રણ સિંહબાળ સાથે આવી છે. જેના બચ્ચા એકાદ વર્ષની ઉંમરના છે. આ સિંહણ અન્ય વિસ્તારમાંથી આ વિસ્તારમાં લટાર મારવા આવી હતી. આ દરમિયાન સ્થાનિક સિંહ અહીં આવી ચડતા તેણે એક સિંહબાળ પર હુમલો કરી મારી નાખ્યું હતું. અહીંના સુખધામ આશ્રમ નજીક બાવળની કાંટમાંથી આ સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો.

દારૂ રાખવા,મંડળી રચવા,અન્યને પ્રેરણા આપવાનો ગુનો નોંધાયો

મુન્દ્રા દારૂ રેલમછેલ મામલોઃ પોલીસે છ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધી

કચ્છ

કચ્છના મુન્દ્રા ખાતે દારૂ સાથે ડાન્સનો એક વીડિયો ગઈકાલે સોશિયલ મીડિયા પર જબરદસ્ત રીતે વાયરલ થયો હતો. સરકાર દ્વારા દારૂબંધીનો કડક કાયદો બનાવવામાં આવ્યો છે. પરંતુ આ વીડિયોએ દારૂબંધીના કાયદાની ધજીયા ઉડાડી દીધી છે. જો કે, હવે આ મામલો ગરમાતા મુન્દ્રા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે અને પોલીસે ૬ શખ્સો સામે ફરિયાદ નોંધી છે.

માહિતી મુજબ પોલીસે આ મામલે મંગલજી જાડેજા, પ્રદીપસિંહ સહિત ૬ લોકો સામે ફરિયાદ નોંધી છે. પોલીસે દારૂ રાખવા, મંડળી રચવા, અન્યને પ્રેરણા આપવાનો ગુનો નોંધ્યો છે. માહિતી મુજબ કાંડાગરા ગામે મંગલજી જાડેજાના પુત્રના લગ્નમાં આ ડાન્સ સાથે દારૂની મહેફીલ યોજાઈ હતી. પોલીસ દ્વારા પ્રોહીબીશન ધારાની કલમ ૬૬/૧.બી, ૬૫છ૭૭, ૭૫છ, ૭૫ઝ, ૮૧, ૮૩, ૮૬, ૯૦ મુજબ ફરીયાદ નોંધી છે. માહિતી પ્રમાણે આ મામલે મંગલજી ખાનજી જાડેજા, પ્રદિપસિંહ ભીખુભા, રામદેવજી ખેંગારજી મેર, હરદિપસિંહ લધુભા ખોડ, વિજયસિંહ ભાણજીભા જાડેજા, મયુરસિંહ પથુભા જાડેજા સામે ફરિયાદ નોંધાઈ છે. આપણે જણાવી દઈએ કે કચ્છના મુન્દ્રા ખાતે દારૂ સાથે ડાન્સનો એક વીડિયો ગઈકાલે જબરદસ્ત વાયરલ થયો હતો. જેમાં લગ્નમાં આવેલા મહેમાનો દારૂની બોટલ સાથે 'તિરંગા' ફિલ્મના ગીત 'પીલે-પીલે ઓ મેરે રાજા, પીલે-પીલે ઓ મર જાની' ગીત પર ગરબે ઝુમી રહ્યા છે, અને એક બીજા પર દારૂ રેડી એકબીજાને નવડાવી રહ્યા છે.

વડોદરા પોલીસનું તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગઃ સીસીટીવીથી નજર

વડોદરા

મુસ્લિમ સમાજને ગેરમાર્ગે દોરવા માટે કેટલાક લોકો દ્વારા સોશિયલ મિડિયામાં ફેક મેસેજ વાયરલ કરી રહ્યા છે જેના કારણે વડોદરા પોલીસ દ્વારા આજરોજ તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને તમામ માથાભારે લોકો પર બાજ નજર પણ રાખવામાં આવી રહી છે.

દિલ્હી અને ખંભાતમાં ચાલી રહેલી હિંસાને લઈ તમામ શહેરમાં પોલીસને સતર્ક કરી દેવામાં આવી છે અને ખાસ કરીને સોશિયલ મીડિયા પર નજર રાખવામાં આવી રહી છે. ત્યારે આજરોજ વડોદરા ખાતે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મુસ્લિમ આગેવાનો સાથે મિટિંગનું આયોજન કર્યું હતું જેમા લોકોને ગેરમાર્ગે નહી દોરાવવા જણાવ્યુ હતું. જેના ભાગ રુપે તમામ વિસ્તારમાં આજે ઉચ્ચ પોલીસ અધિકારી અને કાફલો સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવા માટે નિકળ્યા હતા.

જેથી તેમની સાથે શહેરના આગેવાનો અને લોકો પણ સાથ અને સહકાર આપવા માટે જોડાયા હતા.જો કે કોઈ ઘટના ન બને અને આખા શહેર પર ધ્યાન રાખવા માટે સીસીટીવી કેમેરા ગોઠવી દેવામાં આવ્યા છે.

મહિસાગરના કંતારના જંગલોમાં વાઘ હોવાની ચર્ચાઃ પંજાના નિશાન મળ્યા

મહિસાગર

ગુજરાતમાં ફરીથી વાઘ હોવાની વાતે વેગ પકડ્યો છે. એક વર્ષ અગાઉ મહિસાગારના કંતારના જંગલોમાં વાઘ આવી ચડ્યો હતો. મધ્ય પ્રદેશથી ચાલીને ગુજરાત પહોંચેલો આ વાઘ છેલ્લે ખોરાકના અભાવે મરી ગયો હતો ત્યારે ફરી એક વાર વાઘના પંજાના નિશાન હોવાની અને અવાજ આવતો હોવાની વાતે જોર પકડ્યું છે.

ગુજરાતમાં વાઘ હોવાની વાતે જોર પકડ્યું છે ત્યારે આ વાતની પુષ્ટી કરવા માટે વનવિભાગ ફરી કામે વળગ્યું છે. કંતારના સ્થાનિક કહે છે કે જંગલમાં પશુઓનું મારણ થયું છે પરંતુ કોઈએ નજરે જોયું નથી. મહિસાગરમાં ઝાડ પરથી વાઘના પંજાના નિશાન મળી આવ્યા છે પરંતુ તે એક વાયરલ વીડિયોનો ભાગ છે. આ મુદ્દે સ્થાનિકોનું કહેવું પણ એવું જ છે કે કોઈએ વાઘ જોયો નથી પરંતુ તેનો અવાજ સંભાળય છે તે પણ એટલી જ સત્ય વાત છે. વર્ષ ૧૯૭૯માં ગુજરાતમાં છેલ્લે વાઘ દેખાયો હતો ત્યારે ગત વર્ષે ૨૭ વર્ષ બાદ ગુજરાતમાં મહિસાગરના જંગલોમાં વાઘ દેખાયો હતો. ગુજરાતને જાણે પ્રકૃતિની ભેટ મળી છે. લુણાવાડાના ગઢ ગામ પાસે એક પ્રાથમિક શિક્ષકે વાઘને જંગલમાં જોયો હતો અને તેની તસવીર પણ લીધી હતી.

સગીર યુવતી સાથે સેક્સ માણી વીડિયો ઉતારી પોતાના મિત્રોને વીડિયો મોકલતો

વિદ્યાર્થીનીને સગીરે પ્રેમજાળમાં ફસાવી ન્યૂડ વીડિયો ઉતારી મિત્રોને વાયરલ કરતા ચકચાર

વીડિયો જોઈ સગીરના અન્ય મિત્રોએ પણ સગીરાને પોતાની સાથે સેક્સ માણવા કહ્યું હતું

અમદાવાદ

શહેરના કુબેરનગરના છારાનગરમાં રહેતી સગીરાને તેની સાથે જ અભ્યાસ કરતા સગીરે પ્રેમજાળમાં ફસાવી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. તેનો ન્યૂડ વીડિયો ઉતારી લીધો હતો. અવારનવાર તેના ન્યૂડ વીડિયો વોટ્સએપ પર મંગાવી આ વિદ્યાર્થી પ્રેમી તેના મિત્રોને મોકલી દેતો હતો. આ વીડિયો જોઈ સગીરના અન્ય મિત્રોએ પણ સગીરાને પોતાની સાથે સેક્સ માણવા કહ્યું હતું. જો તે આમ નહિ કરે તો વીડિયો વાઈરલ કરવાની ધમકી આપતા હતા. સગીરાનો વીડિયો સમાજમાં વાયરલ થતાં જ સગીરાનાં માતા પિતાએ બે સગીર સહિત ચાર સામે બે ફરિયાદ નોંધાવતા સરદારનગર પોલીસે તપાસ હાથ ધરી છે.

છારાનગરમાં રહેતી અને ધો. ૧૨માં અભ્યાસ કરતી સગીરાનો વીડિયો વાઈરલ થયો હતો. તાજેતરમાં જ સમાજનાં લોકોએ સગીરાના પિતાને કહ્યું હતું કે તેમની દીકરીનો બિભત્સ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પિતાએ તેની પુત્રીની પૂછપરછ કરતા તેને કહ્યું હતું કે તેની સાથે સ્કુલમાં ભણતો એક વિદ્યાર્થી જેની સાથે આ સગીરાને મિત્રતા હતી. તે અવારનવાર એ વોર્ડમાં આવેલા એક મકાનમાં તેને લઈ જતો હતો અને તેની સાથે જબરજસ્તી શારીરિક સંબંધ બાંધતો હતો. તેનો વીડિયો પણ બનાવ્યો હતો. બાદમાં અવારનવાર ન્યૂડ વીડિયો પણ મોકલવાનું કહેતો હતો. આ વીડિયો સગીરે તેના મિત્રોને પણ મોકલ્યા હતા.

આ ઘટના બાદ સગીરા આ વિદ્યાર્થી મિત્રનાં અન્ય મિત્રનાં કાકાની દુકાને કોઈ સામાન લેવાય જાય ત્યારે ત્યાં અન્ય મિત્રો સગીરાનો પીછો કરતા હતા અને બાદમાં તેની સાથે શરીર સંબંધ બાંધવા હાથ પકડતા અને માંગણી કરતા હતા. સગીરા મનાઈ કરતી હતી જેથી આ મિત્રોએ ભેગા મળી તેના ન્યૂડ વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપી હતી. સમગ્ર મામલે સમાજનાં લોકોએ વીડિયો વાયરલ થયો હોવાની જાણ થતાં જ સગીરાનાં પિતાએ આ મામલે સરદારનગર પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

લિપ યર પાર્ટીમાં પોલીસનો છાપોઃ ૫૨ નબીરાઓમાં ૧૩ યુવતીઓ પણ સામેલ

ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલઃ સુરતમાં ૫૨ નબીરાઓ ઝડપાયા





૧૩ કાર, દારૂ અને બિયરની ૭૫ બોટલો મળી

સુરત

ગુજરાતમાં ભલે દારૂબંધીના કડક દાવા કરવામાં આવતા હોય પરંતુ સતત દારૂની મહેફિલો માણવામાં આવી રહી છે. કચ્છ બાદ હવે સુરતના ડુમસ રોડ પર આવેલ ફાર્મ હાઉસમાં ચાલતી લિપ યર પાર્ટી પર પોલીસે છાપો મારી રંગમાં ભંગ પાડ્યો છે. ફાર્મ હાઉસ પરથી પોલીસે દારૂની મહેફિલ માનતા ઝડપાયેલા ૫૨ પૈકી ૧૩ જેટલી મહિલાઓ સહિત યુવતીઓ પણ ઝડપાઈ હતી. દારૂ પાર્ટી દરમ્યાન પોલીસે ફાર્મ હાઉસ પરથી ૭ હજારથી વધુનો વિદેશી દારૂનો જથ્થો તેમજ ૧૩ જેટલી ફોર વ્હીલ કાર જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

દારૂ પાર્ટીમાં રેડ પડી હોવાની જાણ થતા જ યુવક-યુવતીઓના માતાપિતાએ ડુમ્મસ પોલીસ સ્ટેશન બહાર જમાવડો કરી દીધો હતો. પોતાના વ્હાલસોયા સંતાનોના કરતૂતો જાણીને કેટલીય માતાઓ પોલીસ સ્ટેશનની બહાર રડી પડી હતી. આ પાર્ટી બાદ રાજ્યમાં દારૂબંધીના કડક દાવા ફરી એક વખત પોકળ સાબિત થયા છે. સુરતના ડુમસ રોડ પર આવેલા આશીર્વાદ ફાર્મ હાઉસમાં લિપ યર પાર્ટીની અંદર ચાલી રહેલી દારૂની મહેફિલને ડુમસ પોલીસે ઝડપી પાડી છે.

આશીર્વાદ ફાર્મ પર ૨૯ ફેબ્રુઆરી ની લિપ યર પાર્ટીનું નબીરાઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેટલીક યુવતીઓને પણ આમંત્રિત કરાઈ હતી.ફાર્મ હાઉસ પર એક તરફ દારૂની મહેફિલ ચાલી રહી હતી, ત્યાં બીજી તરફ ડુમસ પોલીસે અહીં છાપો મારી રંગમાં ભંગ પાડયો હતો.

લીપ યર પાર્ટીમાં ધનાઢ્ય પરિવારના નબીરાઓએ શરાબની તો વ્યવસ્થા કરી જ હતી પરંતુ આ મહેફિલને વધુ રંગીન બનાવવા માટે બહાર ગામથી ડાન્સરોને પણ બોલાવવામાં આવી હતી. ડીજેના તાલે તેઓ ઝુમી રહ્યા હતા ત્યારે પોલીસે રંગમાં ભંગ પાડતા ડાન્સર પણ દરોડામાં ઝડપાઈ ગઈ હતી. ઝડપાયેલા યુવક-યુવતીઓ સુખી સંપન્ન ઘરના હોવાનું સામે આવ્યું હતું. આ હાઈપ્રોફાઈલ પાર્ટીના દરોડાની જાણ થતા પોલીસ મથકે ઉહાપોહ મચી ગયો હતો.

ફાર્મ હાઉસ પરથી પોલીસને ત્રણ પેટી બિયર તેમજ વોડકા ની બોટલો મળી આવી હતી.જે દારૂનો જથ્થો પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો.પોલીસે ૧૩ જેટલી ફોર વ્હીલ કાર કબ્જે કરી તમામ ને મેડિકલ તપાસ માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. ફાર્મ હાઉસ પર શરાબની સાથે લાઇવ ફૂડના કાઉન્ટ પર ગોઠવવામાં આવ્યા હતા.

દારૂ મુદ્દે મુખ્યમંત્રી બોલ્યાઃ કડકમાં કડક કાર્યવાહી કરાશે

રાજ્યમાં દારૂપાર્ટી, દારૂ વેચાણ અને દારૂની હેરફેરની ઘટનાઓ સતત વધી રહી છે. કચ્છ બાદ સુરતમાં દારૂની મહેફિલનો કિસ્સો સામે આવતા હવે રાજ્ય પોલીસ કડક કાર્યવાહી કરે એવા એંધાણ છે. પરંતુ વિપક્ષ દ્વારા રાજ્ય સરકાર અને પોલીસની કામગીરી પર સવાલ ઉભા કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અંગે પોતાનું નિવેદન આપ્યું છે.

માહિતી મુજબ રાજ્યમાં દારૂબંધીનો કાયદો હોવા છતા દારૂની મહેફિલોની ઘટના સામે આવતા સીએમ વિજય રૂપાણીએ કહ્યું કે પોલીસ દ્વારા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત તેમણે કહ્યું કે સરકારે બુટલેગર, દારૂ વેચાણ સામે કડક કાયદો બનાવ્યો છે. તેમણે કહ્યું કે કચ્છ અને વાપીના કેસમાં કડક કાર્યવાહીની સૂચના અપાઈ છે.

સુરતમાં વિદ્યાર્થીનીનું અપહરણ કરી યુવકે ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું

ડેડિયાપાડામાં બહેનની સામે જ સાત વર્ષની બાળકીને યુવકે પીંખી નાંખી

રાજ્યમાં મહિલાઓ અસુરક્ષિત..!?, ડેડિયાપાડા-સુરતની ઘટનાથી ચકચાર,પોલીસે વધુ તપાસ હાથ ધરી

સુરત/ડેડિયાપાડા

રાજ્યમાં બળાત્કારની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. નરાધમોને જાણે પોલીસનો કોઈ ડર જ નહીં હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં નાની બાળકીઓ સાથે દુષ્કર્મના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે વધુ એક કિસ્સો ડેડીયાપાડામાં સામે આવ્યો છે કે જ્યાં એક નરાધમે છ વર્ષની બહેનની સામે સાત વર્ષની બહેન પર દુષ્કર્મ આચર્યું હતું.

ડેડીયાપાડા છ અને સાત વર્ષની બે બહેનો ગામમાં બનાવવામાં આવેલા લગ્નમંડપમાં રમતી હતી, તે સમયે મંડપ બાંધવા આવેલા એક વ્યક્તિએ બાળકીને ૧૦ રૂપિયા આપવાની લાલચ આપીને તેને પોતાની સાથે ખેતરમાં લઈ ગયો હતો. ખેતરમાં નરાધમે છ વર્ષની બહેનની સામે જ સાત વર્ષની બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ આચર્યા બાદ નરાધમ ઘટનાસ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

મોડી રાત સુધી બંને બાળકીઓ ઘરે નહીં આવતાં પરિવારજનોએ તેની શોધખોળ કરી હતી. શોધખોળ દરમિયાન બંને બાળકીઓ ખેતરમાંથી મળી આવતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો પરંતુ જ્યારે મોટી બાળકીના શરીરના ભાગે કેટલીક ઈજાઓના નિશાન જોઈને પરિવારજનોને શંકા ગઈ હતી. તેથી તેમણે સમગ્ર મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પોલીસે જ્યારે બાળકીનું મેડિકલ ચેકઅપ કરાવ્યું ત્યારે જાણવા મળ્યું હતું કે, બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. આ સમગ્ર મામલે પોલીસે ગુનો દાખલ કરી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બાળકી પણ બળાત્કાર ગુજારનાર ડેડીયાપાડા તાલુકાના કલતર ગામનો રહેવાસી અર્જુન વસાવા છે. પોલીસે અર્જુનની સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

બીજી એક સામૂહિક બળાત્કારની ઘટના સુરતના કતારગામ વિસ્તારમાં સામે આવી છે. સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની શાળાએથી પોતાના ઘરે જઈ રહી હતી, તે સમયે જય ખોખરીયા નામના એક ઈસમે તેના બે મિત્રોની સાથે મળી સગીરાનું અપહરણ કર્યું હતું. કારમાં અપહરણ કર્યા બાદ સગીરાને તેઓ એક ખેતરમાં બનાવેલી રૂમમાં લઈ ગયા હતા અને ત્યારબાદ સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું.

દુષ્કર્મ આચર્યા બાદ નરાધમોએ સગીરાને ધમકાવી હતી કે, તે આ વાતની કોઈને જાણ કરશે તો તેના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેશે અને એસીડ ફેંકીને તેને મારી નાખવામાં આવશે પરંતુ સગીરા નરાધમોની ધમકી નહીં ડરીને પોલીસ સ્ટેશનમાં ત્રણેય સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસની ફરિયાદમાં સગીરાએ ઉલ્લેખ કર્યો હતો કે, છ મહિના પહેલા જય ખોખરીયાએ તેનું અપહરણ કરવાની કોશિશ કરી હતી.

લાંબા અંતરની ૭ ટ્રેનોમાં કાયમી ૭ કોચ જોડાશે

સૌરાષ્ટ્રની ૧૪ ટ્રેનમાં વધારાના કોચ જોડાશેઃ પશ્ચિમ રેલ્વેનો નિર્ણય

વડોદરા

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે સતત નવા-નવા પ્રયાસ કરવામાં આવે છે. ત્યારે હવે યાત્રીઓની સગવડ માટે પશ્ચિમ રેલવે દ્વારા વધુ એક નવી સુવિધા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માહિતી મુજબ વેઈટિંગ લિસ્ટ ઘટાડવા પશ્ચિમ રેલવેએ મહત્વનો નિર્ણય લીધો છે. માહિતી મુજબ સૌરાષ્ટ્રની ૧૪ ટ્રેનમાં વધારાના કોચ જોડવા પશ્ચિમ રેલવે દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે લાંબા અંતરની ૭ ટ્રેનોમાં કાયમી ૭ કોચ જોડાશે. મુદ્દા સાથે સંકળાયેલ અધિકારીએ જણાવ્યું કે ૭ ટ્રેનમાં હંગામી ધોરણે નવા કોચ જોડાશે. ઉપરાંત તેમણે કહ્યું કે પશ્ચિમ રેલવે દ્વારા આ નિર્ણય ભારે ટ્રાફિકને પહોંચી વળવા માટે લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે હાલના સમયમાં લોકો દ્વારા મોટાભાગે ટ્રેનથી મુસાફરી કરવામાં આવે છે. જેના કારણે ટ્રાફિક દિવસે-દિવસે વધી રહ્યો છે. જ્યારે વેઈટિંગ લિસ્ટમાં પણ વધારો થઈ રહ્યો છે. આ જોતા હવે પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોમાં કોચ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રની ૧૪ ટ્રેનમાં વધારાના કોચ જોડાશે.



સુરતના કિમ ગામે કીમ પોલીસ ચોકીમાં માં ફરજ બજાવતા એ એસ આઈ. અંબારામભાઈ ચીમનભાઈ નિવૃત્ત તથા અને WPC શબાનાબેન મો.રફિક નાઓ ભાવનગર બદલી થતા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

નર્મદામાં દારૂ પીવા વાળા પકડાય છે પરંતુ વેચનારા બેફામ હોય લગામ જરૂરી

રાજપીપળામાં એકજ મહિનામાં ત્રીજી વખત નસેબાજ ટ્રક ચાલકે લોકોનાં વાહનોને નુકસાન કર્યું : ચિત્રાવાડી પાસે વધુ નશેબાજ ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ

અગાઉ સફેદ ટાવર પાસે રેલિંગ તોડી ત્યારબાદ જુના પો.સ્ટે. તરફ કેટલાક વાહનોને નુકશાન બાદ ચિત્રાવાડી પાસે વધુ એક કારને નશેબાજ ટ્રક ચાલકે અથાડી

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા


રાજપીપળામાં ફેબ્રુઆરીના એકજ મહિનામાં ત્રીજી વખત નસેબાજ ટ્રક ચાલકે લોકોના વાહનોને નુકસાન કર્યાની ઘટના પ્રકાશમાં આવી હોય સ્થાનિકો માં ફફડાટ ફેલાયેલો જોવા મળે છે.


રાજપીપળાના સફેદ ટાવર પર રેલિંગ તોડનાર ટ્રક ચાલાક વિરુદ્ધ પોલીસે નસો કરી ટ્રક ચલાવતો હોવાનો



ગુનો નોંધ્યો ત્યારબાદ દરબાર રોડ તરફ થી જુના પો.સ્ટે. જવાના માર્ગ પર આવીજ ઘટના બની જેમાં કોઈ વાહન ચાલકે બેફામ વાહન હંકારતા છેક શાક માર્કેટ સુધી પાર્ક કરેલા વાહનો,કેબલના લટકતા વાયરોને નુકસાન કરી વાહન ચાલાક નાસી છૂટ્યો હતો જેમાં કોઈ ફરિયાદ થઈ ન હતી.ત્યારબાદ શનિવારે સાંજે આવીજ ત્રીજી ઘટના બની જેમાં રાજપીપળાને અડીને આવેલા ચિત્રાવાડી પાસે ટ્રક નં.GJ 06 AV 2697 ના ચાલાક હરવીન્દ્રસિંગ કેસરસિંગ પવાર દારૂનો નસો કરેલી હાલતમાં ટ્રક બેફામ હંકારી જતા એક કારને અથાડી નુકસાન કર્યું હોવાની ફરિયાદ દાખલ થઈ હતી.આમ ફેબ્રુઆરી મહિનાના ૧૦ જ દિવસમાં જ સતત ત્રીજી ઘટના બનતા સ્થાનિક વાહન માલિકોમાં ઘર આંગણે વાહન પાર્ક કરતા ડર ફેલાયો છે.માટે પોલીસે વિભાગ આ બાબતે કડક બને તેવી લોક લાગણી છે.

નર્મદામાં અચાનક ગરમીનો પારો ૩૫ ડીગ્રી પર જતાં લોકો બેબાકળા બન્યા : રખડતા જાનવરોની કફોડી હાલત





(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : વાતાવરણ માં પલટો આવતા નર્મદા જિલ્લામાં રવિવારે ૩૫ ડીગ્રી એ ગરમીનો પારો પહોંચતા લોકો સેકાયા હતા.શનિવારે વાદળો ઘેરાયેલા રહેતા વરસાદી વાતાવરણ જોવા મળ્યું જ્યારે રવિવારે ઠંડી બાદ અચાનક તાપમાન વધતા ગરમી ૩૫ ડીગ્રી પર જતાં બદલાતી ઋતુમાં લોકો બેબાકળા બની ગયા જેમાં સૌથી વધુ ખેડૂતો અને મૂંગા પશુઓની દયનિય હાલત જોવા મળી કેમકે વારંવાર ઋતુ બદલાતા પાકને નુકસાન થવાના ડરે ખેડૂતો ચિંતિત જણાયા જ્યારે અચાનક ગરમીના કારણે મૂંગા પશુઓ પર તેની વિપરીત અસર થતા કેટલાક શ્વાન પાણી નીચે બેસી ઠંડક મેળવતા જોવા મળ્યા જ્યારે કેટલાક લોકો કેનાલો નદી,નાળામાં ડૂબકી લગાવતા જોવા મળ્યા હતા.

ડાંગ દરબારના લોકમેળા દરમિયાન આહવાના મુખ્ય માર્ગ સહિતના માર્ગો બંધ રહેશે

વાહન ચાલકો માટે જાહેર કરાયા ડાયવર્ઝન

આહવા

ડાંગ દરબારના લોકમેળા દરમિયાન ઉમટતા પ્રજાજનોની સલામતી સહિત કોઇ અઘટિત બનાવ ન બને તે માટે આહવાના મુખ્ય માર્ગો ઉપર વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ટી.કે.ડામોરે જારી કરેલા એક જાહેરનામા અનુસાર તા.૦૫/૦૩/૨૦૨૦નાં રોજ સવારના ૭ વાગ્યાથી, તા.૦૮/૦૩/૨૦૨૦નાં રોજ રાત્રીના ૧૨ વાગ્યા સુધી (૧) આહવાની પી.ડબ્લ્યુ.ડી. ઓફિસથી આહવા ગ્રામ પંચાયતના કાર્યાલય વચ્ચેનો મુખ્ય માર્ગ બંધ કરાયો છે. તે સાથે (૨) આહવા પોસ્ટ ઓફિસની સામે આવલા શહિદ સ્મારકથી રંગ ઉપવન તરફનો શ્રી મોરારજી દસાઇ માર્ગ પણ મોટર વાહનો તથા ભારે વાહનો માટે બંધ કરાયો છે. આ ઉપરાંત આ દિવસો દરમિયાન આ માર્ગો ઉપરથી ઢોરોના આવાગમન ઉપર પણ પ્રતિબંધ જાહેર કરાયો છે.

સાથે વાહન ચાલકોની સરળતા માટે પી.ડબ્લ્યુ.ડી. ઓફિસ ફૂવારા સર્કલથી આશ્રમ રોડ થઇને, સિવિલ હોસ્પિટલ, ગાંધી કોલોની થઇ હાઇસ્કૂલ રોડ તરફથી સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગથી એસ.ટી.ડેપો જતા માર્ગનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે.

આ પ્રતિબંધ આદેશ (૧) પીવાના પાણીની સેવા, ગંદા પાણીના નિકાલની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની સેવા જેવી આવશ્યક સેવાઓ પુરી પાડવા જતા અધિકૃત વાહનો, અધિકારી/કર્મચારીઓ તથા (૨) સરકારી ફરજ ઉપર હોય તેવા સરકારી વાહનો તથા તેના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઇસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ કાર્યવાહી હાથ ધરાશે, જેની સૌને નોંધ લેવા પણ વધુમાં જણાવાયું છે.

તાપી જિલ્લામાં શરૂ થશે ફોર વ્હીલ વાહનોની નવી સીરિઝ GJ26AB

ગોલ્ડન અને સિલ્વર નંબરની પસંદગી માટે ઈ ઓકસન શરૂ કરાયું

વ્યારા

તાપી જિલ્લાના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, આગામી તારીખ ૧૧મી માર્ચથી જિલ્લામાં ફોર વ્હીલ વાહનો માટેની નવી સીરિઝ GJ26ABશરૂ કરવામાં આવનાર છે. જેના અનુસંધાને જિલ્લાની મોટરિંગ પબ્લિક કે જેમને આ સિરીઝમાં ગોલ્ડન અને સિલ્વર નંબર મેળવવાની ઇચ્છા હોય, તેમણે આ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન (http://parivahan.gov.in//fancy) કરાવી ઈ ઓકસનમાં ભાગ લેવાનો થાય છે. આ માટેના નિયત કરાયેલા કાર્યક્રમ મુજબ (૧) તા.૨૮ ફેબ્રુઆરીથી તા.૪થી માર્ચ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી એપ્લીકેશન કરવા, (૨) તા.૫મી માર્ચથી તા.૧૦મી માર્ચ સુધી ઈ ઓકસનનું બિડિંગ ઓપન કરાશે, તથા (૩) તા.૧૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ એ.આર.ટી.ઓ. કચેરી ખાતે ફોર્મ જમા કરાવવા જણાવાયું છે.

વધુમાં ફેન્સી નંબરો મેળવવા ઇચ્છુક અરજદારોએ ઉપર દર્શાવિલ વેબસાઇટ ઉપર જઈને ઓનલાઈન સી.એન.એ. ફોર્મ વાહન ખરીદીના ૭ દિવસમાં અચૂક ભરી દેવા જણાવાયું છે. વાહન સેલ લેટરમાં દર્શાવેલ સેલ તારીખથી ૬૦ દિવસની અંદરના જ અરજદારો આ હરાજીમાં ભાગ લઈ શકે છે, તેમ પણ આ અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે.

ડાંગ દરબાર મેળા નિમિત્તે ૧૧મા ગ્રામીણ ઓલમ્પિક્સનો પ્રારંભ

બાળકની પસંદગી મુજબનું કોચીંગ અને ઈન્ફાસ્ટ્રકચર મળવુ જોઈએ : કલેકટર શ્રી એન.કે.ડામોર

આહવા

રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત પ્રેરિત અને જિલ્લા વહીવટી તંત્ર ડાંગ દ્વારા આયોજીત ૧૧માં ગ્રામીણ ઓલમ્પિક્સ ને ડાંગ કલેકટરશ્રી એન. કે. ડામોર ના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ બીબીબેન ચૌધરીની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો હતો. ડાંગ દરબારના લોકમેળા અગાઉ યોજાતા ગ્રામીણ ઓલમ્પિક્સમાં ૧૭ જેટલી સ્પર્ધાઓના ૧૦૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લઇ રહ્યા છે.

ગ્રામીણ ઓલમ્પિક્સને ખુલ્લો મુકતા કલેકટરશ્રી એન.કે.ડામોરે જણાવ્યું હતું કે ડાંગ જિલ્લો આંતરરાષ્ટ્રિય એથ્લેટ્સ સરિતા ગાયકવાડ અને મુરલી ગાવિત ને લઇને પ્રસિધ્ધ થયો છે. નેશનલ લેવલે ડાંગ જિલ્લાના બાળકોએ ભાગ લીધો છે. છેલ્લા દશ વર્ષથી ગ્રામીણ ઓલમ્પિક્સની શરૂઆત સરકારે કરી છે. તેથી આપણે બાળકોને ક્યાં લઇ જવા જોઇએ? આપણાં બાળકો રાજ્યકક્ષા કે રાષ્ટ્ર કક્ષા સુધી પહોંચે તે માટે પ્રયાસો કરવા જોઇએ. બાળકોની પસંદગી મુજબનું કોચીંગ અને ઈન્ફાસ્ટ્રકચર મળે તો બાળકને રમતગમતમાં ઉત્સાહ વધે અને આપણે બીજા જિલ્લાની હરોળમાં આવી શકીએ. વધુમાં બાળકો રમતની સાથે સાથે અભ્યાસમાં આગળ વધી ધોરણ-૧૨ પછી પોલીસ કે મીલીટરીમાં પણ જઇ શકે છે. કલેકટરશ્રી ડામોરે ભાગ લેતા તમામ બાળકોને શુભેચ્છા પાઠવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ બીબીબેન ચૌધરીએ ગ્રામીણ ઓલમ્પિક્સ યોજવાનો સરકારશ્રીનો હેતુ સમજાવતા કહયું હતું કે ગ્રામીણ ક્ષેત્રોના ખેલાડીઓને પોતાની ક્ષમતા દર્શાવવાની તક મળે છે.તેમજ તેઓમાં શારિરીક-માનસિક ક્ષમતા,ખેલદિલી,સંઘભાવના જેવા ગુણોનો વિકાસ આવા રમતોત્સવથી થાય છે. આમ રાજ્ય સરકારે ખૂબ સંવેદના સાથે આ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એમ.સી.ભુસારાએ જણાવ્યું હતું કે ડાંગ દરબાર મેળાના પાંચ દિવસ અગાઉ ગ્રામીણ ઓલમ્પિક્સનું આયોજન કરવામાં આવે છે. આજે ૧૧માં ગ્રામીણ ઓલમ્પિક્સમાં ગુજરાતના ડાંગ, પંચમહાલ, દાહોદ, તાપી, નવસારી, વલસાડ જેવા આદિવાસી જિલ્લાના રમતવીરો દ્વારા અલગ અલગ પરંપરાગત રમતો રમાડવામાં આવે છે. જેમાં એથ્લેટિક્સ, પર્વતિયાળ લાંબી દોડ, તિરંદાજી, ખો-ખો,કબડ્ડી, રસ્સાખેંચ, શુટીગ વોલીબોલ, ગિલ્લોલ,કુસ્તી વિગેરે રમતો યોજાય છે. વિજેતા ખેલાડીઓને રૂા.૧.૭૦ લાખથી વધુ રકમના રોકડ ઈનામો આપી પ્રોત્સાહિત કરાશે.

આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી આર. ડી. કવા, પી. પી. સ્વામી,આહવા સરપંચ શ્રીમતિ રેખાબેન પટેલ,જિલ્લા રમત-ગમત કચેરી સ્ટાફ,શિક્ષણાધિકારી કચેરી સ્ટાફ ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ જિલ્લા રમતગમત અધિકારીશ્રી વિરલ પટેલે કરી હતી.

નવસારી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજતા કલેક્ટર

અંદાજીત રૂા.૩૫૭ લાખના ખર્ચે તૈયાર થનાર ૩૬ યોજનાને મંજૂરી

નવસારી

રાષ્ટ્રીય ગ્રામિણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક કલેકટરશ્રી આદ્રા અગ્રવાલના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભા ખંડમાં યોજાઇ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા દરેક ગામ અને ઘરને પીવાનું પાણી મળી રહે તે માટે આ યોજનાને પ્રાધાન્ય આપીને જિલ્લામાં ઝડપથી કામગીરી કરી કોઇ ઘર પાણીથી બાકી ન રહે તે જોવા તાકીદ કરી હતી.

આ બેઠકમાં નવસારી જિલ્લાની ૩૬ યોજનાને મંજુરી આપવામાં આવી હતી. આ યોજનાનો અંદાજિત ખર્ચ રૂ. ૩૫૭ લાખ થશે. બેઠક દરમિયાન કાર્યકારી મંજુરી મળેલ ગ્રામ્ય પાણી વિતરણ યોજનાઓને વહિવટી બહાલી આપવા, પ્રગતિ હેઠળના કામોની સમિક્ષા કરવા, ગત બેઠકની કાર્યવાહીને બહાલી આપવા વગેરે બાબતોની ચર્ચાઓ તથા સમિક્ષા કરવામાં આવી હતી. વાસ્મો યોજનાની કામગીરી નિયમો અનુસાર જ થાય અને પુરતી ગુણવત્તા જળવાય તે મુજબ કામગીરી કરવા, ગામડાઓમાં પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં પાણી મળે તે બાબતને પ્રાથમિકતા આપવી અને જરૂર જણાય તો અલગ લાઇનની જોગવાઇ કરવા તેમજ પીવાના પાણીની મુશ્કેલીને ધ્યાને લઇને દરેક ગામને પાઇપલાઇન મારફત પુરતુ પાણી મળી રહે તે મુજબ આગોતરૂ આયોજન કરવા કલેકટરશ્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીક, પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓ તેમજ સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

કીમની કુડસદ શાળામાં તસ્કરો ત્રાટક્યા: એક લાખની રોકડ લઈ ફરાર

કીમ

ઓલપાડ તાલુકાના કીમ નજીક આવેલ કુડસદ હદ વિસ્તારમાં આવેલ ચિરાગ વિદ્યા સંકુલ શાળામાં તસ્કરો એક લાખ રોકડની ચોરી કરી પલાયન થઈ ગયાની ઘટના બનવા પામી હતી.

આ અંગે મળતી વિગત મુજબ ઓલપાડ તાલુકાના કીમ નજીક કુડસદ ગામ હદ વિસ્તારોમાં ચિરાગ વિદ્યા સંકુલ આવેલ છે. જયાં ગતરાત્રીના તસ્કરો ત્રાટકયા હતા. ચિરાગ વિદ્યા સંકુલ શાળાના ટ્રસ્ટી ઓફિસના દરવાજાનો નકુચો તોડી તેમાં પ્રવેશ કરી સમાન વેરવિખેર કર્યો હતો. ઓફિસમાં ટેબલના ખાનામા મુકેલ એક લાખની રોકડ રકમ હાથ લાગતા તસ્કરો ચોરીને અંજામ આપી પલાયન થઈ ગયા હતા. શાળા સંચાલકોને સવારે જાણ થતાં કીમ પોલીસને જાણ કરવામાં આવી હતી. સદર ચોરીની ઘટના શાળાના સીસીટીવી કેમેરામાં થઈ કેદ થઈ ગઈ હતી. વિગત મુજબ ત્રણ જેટલા તસ્કરોએ સદર ચોરીને અંજામ આપ્યો હતો. સીસીટીવી આધારે પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

પી. પી. સવાણી વિદ્યાભવન હીરાબાગ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તથા આનંદમેળો યોજાયો



પી. પી. સવાણી વિદ્યાભવન હીરાબાગ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તથા આનંદમેળો યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓ એ શિક્ષકોના સહયોગથી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.. આનંદમેળામાં વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તેમજ સેલ્ફીઝોનમાં વિદ્યાર્થીઓ તથા વાલીઓએ સેલ્ફીની મજા માણી હતી.

જમીન બાબતે પારિવારિક ઝગડામાં હત્યાના પ્રયાસના ગુનામાં એકને ત્રણ વર્ષ અને બીજાને ૬ મહિનાની સજા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના પ્રિન્સી.સેશન્સ જજ જે.પી.ગઢવીની કોર્ટ દ્વારા સાગબારા ના દેવસાકી ગામે જમીન બાબતે હત્યાના પ્રયાસના ગુના માં ચુકાદો આપ્યો જેમાં એક ને લત્રણ વર્ષ અને બીજાને ૬ મહિનાની સજાનો હુકમ અને ૫૦૦૦ રૂપિયા દંડ ફટકાર્યો હતો.



પ્રાપ્ત માહિતી અનુસાર સાગબારા ના દેવાસાકી ગામના પટેલ ફળિયામાં રહેતા રમેશ ગેમજી વસાવા, મનુ ઉર્ફે રજનિકાન્ત રમેશ વસાવા, સવિતા રમેશ ગત ૨૩ જૂન ૨૦૧૮ નારોજ દેવસાકી ગામની સીમમાં આવેલ વડીલોપાર્જીત સર્વે નંબર ૪૯,૫૧,૬૧ વાળી જમીન મિલકતના ભાગ હીસ્સા બાબતે તકરાર હોય જેની અદાવત રાખી આ કામના ગામમાં રહેતા તેમના કુટુંબી સુનીતાબેન માયારામ વસાવા તથા લેગનાબેન જોસેસીંગ વસાવા નાઓ પોતાના ઘરે હતા તે વખતે આ ચારેય તેના ઘરે જઈ અપશબ્દો બોલીને કહેવા લાગ્યા કે તમારે ખેતરમાં વધારે જમીન જોઈએ છે જેથી ગામના પાંચો ભેગા કરવા માંગો છો ની વાત કરો છો સવિતા વસાવાએ ફરીયાદીના વાળ પકડી ઢીકાપાટુનો માર મારી રમેશ વસાવાએ સુનિતા વસાવાને પગના ભાગે લાકડીનો સપાટો મારી તમામ મારતા હતા. ત્યારે મનુ ઉર્ફે રજનિકાન્ત રમેશ વસાવા દોડી આવી લેગનાબેન ને જાનથી મારી નાખવાના ઈરાદે તેના હાથમાની કુહાડીનો એક ઘા માથાના પાછળના ભાગે જમણી બાજુ એ તથા કુહાડીના બીજો એક ઘા માથાના ડાબી બાજુ મારી દઈ ગંભીર ઈજાઓ કરી મારી નાંખવાની કોશિશ કરી ભાગી ગયા હતા જે કેશ પોલીસ સ્ટેશનમાં નોધાતા આ કેશ રાજપીપળાની નમૅદા જીલ્લાના પ્રિન્સીપાલ સેશન્સ જજ જે.પી.ગઢવીની કોર્ટમાં ચાલી જતા મહીલા સરકારી વકીલ કૈલાસબેન સી. માછીએ ધારદાર દલીલો કરી સખતમાં સખત સજા કરવા રજુઆત કરેલી. જે ધ્યાને લઈ જે.પી.ગઢવી એ રમેશ ગેમજીભાઈ વસાવાને છ માસની સખદ કેદની સજા, ૧૦૦૦/- રૂ. દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૩ માસ ની સાદી કેદની સજા તથા રૂ.૫૦૦૦/- ઈજા પામનાર ફરીયાદી સુનીતાબેન માયારામ વસાવાને ચુકવી આપવા તેમજ આરોપી મનુ ઉર્ફે રજનિકાન્ત રમેશભાઈ વસાવાને ૩ વર્ષેની સખત કેદની સજા અને રૂ.૧૫૦૦૦/- નો દંડ અને જો દંડ ના ભરે તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

૨૦ ફૂટ ઊંચા બ્રિજને તોડી પાડવાની કામગીરી શરૂ

રાજપીપળાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાનો ગોરા બ્રિજ બંધ

વડોદરા

સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા માટે અનેકવિધ આકર્ષણો ઉભા કરવામાં આવી રહ્યાં છે. જેમાં હવે ક્રૂઝ જેવી બોટ શરૂ કરવાની હોવાથી તેની કામગીરી શરૂ થઈ ગઈ છે. બોટને રસ્તામાં નડતરરૂપ બ્રિજ તોડવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. રાજપીપળાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાનો ગોરા બ્રિજ આજથી બંધ કરી દઈને તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેથી સ્ટેચ્યુ જતાં લોકોને ડાયવર્જન પસાર કરીને જતાં ૧૦ કિમીનું વધુ અંતર કાપવું પડશે.

ગરૂડેશ્વરથી સ્ટેચ્યુ સુધી ક્રૂજ બોટ ચલાવવા માટે બ્રિજ તોડવામાં આવી રહ્યો છે.૨૦ ફૂટ ઊંચો બ્રિજ હોવાથી હાલ તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલ પ્રવાસીઓને અને ૬ ગામના લોકોને ૧૦ કિમિનો ફેરો ફરી કેવડિયા જવું પડશે.ટૂંક સમયમાં ગોરા પાસે નવો બનાવવા આવશે અને નવો બ્રિજ શરૂ કરવામાં આવશે.

આણંદમાં કૃષિ સહાયની રકમમાં કૌભાંડ: ૩ કર્મચારી સસ્પેન્ડ

આણંદ

પાક નુકસાનીના રાહત પેકેજમાં થયેલા કૌભાંડ મામલે પૈસા પરત લેવાની કામગીરી તેજ થઈ છે. કમોસમી વરસાદ બાદ ખેડૂતોને આર્થિક સહાયરૂપ થવા સરકારે વિશેષ પેકેજ જાહેર કર્યું હતું. જેમાં ખેડૂતોને આપવાના નાણાં તાલુકા પંચાયતના બે કર્મચારી ખાઈ જતા હોવાનું કાવત્રુ ઉઘાડુ પડ્યું હતું. ખેડૂતોના નામે બોગસ ફોર્મ ભરીને બે કર્મચારી ચેકમાં પોતાના સંબંધીઓના એકાઉન્ટ નંબર નાંખી દીધા હતા. આ રીતે ૨૪ બોગસ ફોર્મ ભરીને ૧ લાખ ૯૩ હજાર રૂપિયાની ઉચાપત કરી હતી. જે સંદર્ભે પોલીસે કૌભાંડ આચરનાર ત્રણ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. ત્યારે પ્રશાસને ખોટી એમાઉન્ટનો ચેક સ્ટોપ પેમેન્ટ કરી પૈસા રિકવર કરવાની કામગીરી હાથ ધરી છે. ત્યારે જોવું એ રહ્યું કે હકદાર ખેડૂતોના ખાતામાં સહાયની રકમ ક્યારે જમા થાય છે.




ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રીં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬